Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

६० ग
१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विग्रह पछी नी विश्व रचना

વિગ્રહ પછીની વિશ્વરચના

[વાર્ષિક વ્યાખ્યાન : તા. ૧૨-૭-૧૯૪૨]

स्टाक प्रमाणीकरण ११८४-११८५

વ્યાખ્યાતા

પ્રો. ખુશાલ તલકશી શાહ

६० ग
९

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
રસિકલાલ છોટાલાલ પરીખ
અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ

ओ३म्
पुस्तक-संख्या ६० ग/१
पंजिका-संख्या २१६२६/२५-३-२०
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

આવૃત્તિ ૧ લી
પ્રત : ૨૦૦૦
સં. ૧૯૯૯

કીમત ચાર આના

મુદ્રક
મણિલાલ કલ્યાણદાસ પટેલ
શ્રી. સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ,
પાંચકૂવા દરવાજા બહાર અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 60 ग/9
आगत सं० 29626
तिथि० 25-2-2003
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CHECKED 1973
Initial...

મણિબહેનનાં સસ્નેહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિગ્રહ પછીની વિશ્વરચના

સજજનો અને સન્નારીઓ,

લડાઈ હવે દુનિયા તમામમાં પથરાઇ ગઈ છે. અગત્યનો એવો એક પણ દેશ નથી રહ્યો કે જે, સીધી કે આડકતરી રીતે, આ યુદ્ધમાં સંડોવાયો નહિ હોય. જે જે દેશો જાતે જ યુદ્ધમાં પ્રવૃત્ત છે ત્યાં ત્યાં સર્વથા ભારે પ્રમાણમાં પરિવર્તન થઈ ગયું છે. યુદ્ધ કરવામાં, તેને માટે શસ્ત્રસામગ્રી ઉપજાવવામાં, ખોરાક પોશાક પૂરાં પાડવામાં, અને સંગ્રામ મોખરાથી કંઈક અંશે અલગ રહેલી સામાન્ય પ્રજા (civil population) ના રક્ષણ કરવામાં, તેને વ્યવસ્થિતપણે કામગીરી આપવામાં, તેનો જીવનનિર્વાહ ચલાવવામાં, જે પ્રજા લડાઇમાં સક્રિય જાતે જ સામેલ થઈ છે, તેનો તમામ વહીવટ, સમાજરચના, સામુદાયિક જીવન સૌ સૂક્ષ્મપણે, અણદીઠાં, બદલાઈ ગયાં છે. અને એ સૌ બદલાયાથી અણધાર્યું, પણ અસંદેહ, પરિવર્તન થઇ ગયું છે.

વિષય સ્વરૂપ
(૧) લડતા મુલ્કોમાં પરિવર્તન

આ પરિવર્તનનો ચિતાર આપવાની અગત્ય નથી. આપણે સૌ જોઇ રહ્યા છીએ—અને આપણામાંનો મોટો ભાગ અનુભવી પણ રહ્યો છે—કે કેવળ લડાઈને કારણે જ ઉત્પાદનવિધિ દેશેદેશમાં કેટલી રીતે અને કેવા પ્રમાણમાં બદલાઈ જવા પામી છે. ઉત્પાદનક્રિયામાં પરિવર્તન થવાથી, તેમાં સમાઈ જતી સૌ કારક વસ્તુઓ પણ બદલાઈ જાય છે. દાખલા તરીકે:

(૨) પરિવર્તનની આછી રેખાઃ
(અ) પેદાશનાં મૂળ અને
(આ) કીમત આંકણીમાં રૂપાંતર
(ઇ) પેદાશ પર અંકુશ

(૧) માલનાં મૂળભૂત જમીન અથવા કારખાનાં માલિકોની મરજીમુજબ નહિ, પણ યુદ્ધમાં જોડાયેલા દરેક મુલ્કમાં ત્યાંની સરકાર મુકરર કરે તે રીતે ચલાવવાં પડે છે.

(૨) પેદાશી વસ્તુની કીમત પણ એ જ રીતે, યુદ્ધકાર્યને માફક આવતી નજરે સરકાર નિયત કરે છે.

(૩) અને જ્યાં કોઈપણ વસ્તુની કિમ્મત સરકાર નક્કી ન કરે, ત્યાં તેની પેદાશ અને વપરાશ પર અંકુશ મૂકે છે, અને, તેની લે-વેંચ પર કાબૂ રાખે છે.

માલિકી તત્ત્વ પર નિયમન

(૪) માલિકી—વ્યક્તિગત મતા તત્ત્વરૂપે-હજુ કદાચ ઘણાય લડી રહેલા દેશોમાં માન્ય હશે. પણ માલિકીપણાના અનેક હક્કો તો હવે માત્ર નામના જ રહ્યા છે. સ્થાવર કે જંગમ વસ્તુની માલિકીના હક્ક પર પ્રતિદિન વધતા પ્રમાણમાં તરાપ પડે છે. કાચો માલ, વ્યવહારનાં સાધનો ઇત્યાદિ પર પણ એ જ સબબે સરકારી કાબુ, કે નિયમન રહે છે.

મજૂરીના દર પર નિયમન

(૫) અને આટલા સાથે માણસની કામગીરી પર તેવાં જ, બલ્કે તેથી પણ વધારે પ્રમાણમાં—નિયમન થાય છે. લડાઈમાં સીધી રીતે શામિલ થયલા દેશોમાં કામ કરવા માટે વ્યકિતગત સ્વાતંત્ર્ય નામનું પણ નથી રહ્યું. અમુક વય ઉપરના અને અમુક વયની નીચેના પુરુષ વર્ગને તો ફરજિયાત લડાઈમાં સક્રિય જોડાવવા માટે (conscription) તૈયાર રહેવું પડે છે, તાલીમ લેવી પડે છે, કવાયદ કરવી પડે છે. અને જે વર્ગ—પુરુષ યા સ્ત્રી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—આબાલવૃદ્ધ—લડવાના કામમાં, સૈનિક તરીકે ન જોડાયા હોય, તેને લડાઈને લગતાં બીજાં અનેકવિધ કામમાં—કારખાનામાં—સામાન્ય ચોકીદાર કે પહેરેગીર, કે વૈદ્ય વા જખ્મી માવજતકાર તરીકે—રોકાવું પડે છે. જનતા તમામ કાયદેસર ફરજિયાત આવા કોઈ પણ કામ માટે સજ્જ (mobilized) રહેવા માટે ફરમાન નીકળ્યાં છે.

એટલે આ વસ્તુ પરત્વે વ્યક્તિગત સ્વાતંત્ર્ય સંભવે જ કેમ ? આખી પ્રજા, સ્ત્રીપુરુષ આબાલવૃદ્ધ, એકી વખતે, એક સામટાં, લડાઈ જ કરતાં નથી, પરંતુ સૌને લડાઈને અતલગ નિસ્બત ધરાવતા કોઈ ને કોઈ કામમાં ફરજિયાત જોડાવું તો પડે છે મજૂરીમાં તેથી મરજિયાત તત્ત્વ રહ્યું નથી; અને મહેનતાણા માટે સાટું કરવાનો હક્ક નથી.

(૬) માલ તેમ જ મજૂરી આવી રીતે કાયદેસર ફરજિયાત લડાઈમાં પરોવાયા પછી, પેદાશ તેમ જ વપરાશને એ જ પંથે ચાલવા વિના આરો નથી. દરેકેદરેક વસ્તુ પર અંકુશ,

પેદાશ અને વપરાશ પર અંકુશ

નિયમન, સરકારી કાબૂ અને દેખરેખ. આદમ જાતને રોજિંદી જરૂરિયાતની ચીજો અમુક પ્રમાણમાં જ ઉત્પન્ન થાય; અને તેનો ખાનગી સંગ્રહ સખ્તપણે નિષિદ્ધ. દરેક જણની ખપગી પર પણ અંકુશ, એટલે કે સૌ ખાદ્ય પદાર્થ, મળે તો, તે નિયત પ્રમાણમાં જ (rationed) મેળવી શકાય, અને વાપરી શકાય.

(૭) દુનિયાભરમાં નિષ્પ્રતિબંધ વેપાર જેવી વસ્તુ રહી નથી; અને આંતરરાષ્ટ્રિય વ્યાપાર તો લગભગ અદૃશ્ય થયો છે. વ્યાપારને લગતી તમામ જોગવાઈ સરકાર આધીન

વેપાર અને તેનાં સાધનો માટે સરકારી પરવાના

છે, અને સરકાર જ તે નિયત કરે છે. કયો માલ આયાત કરવો, કયો અને કેટલો નિકાસ કરવો, કયા દેશમાંથી આણવો, કેટલા પ્રમાણમાં, કયે માર્ગે, કેવા વાહનમાં,—એ સૌ સરકાર ફરમાનસર, ખાસ પરવાના પ્રમાણે ચાલે.

વેપારનાં અનિવાર્ય અંગભૂત હુંડિયામણ, નૂર, વીમા ઇત્યાદિ પર ક્રમશઃ સરકારી અંકુશ વધતા જાય છે, અને તે સર્વથા સરકાર નિર્મિત થઈ પડયાં છે. અને એ સર્વનો વહીવટ પણ સરકાર કેવળ યુદ્ધોપયોગી દૃષ્ટિએ કરે છે.

(૮) અને જાણે આટ—આટલાથી પરિવર્તન પૂરું થયું ન હોય, તેમ યુદ્ધમાં સામિલ સર્વ દેશોમાં કરવેરાનો બોજો એટલે અંશે વધી ગયો છે, તેનું સ્વરૂપ પણ એવું બદલાઈ

કરવેરાના વધતા બોજા

ગયું છે, કે લડાઈ અગાઉની સમાજરચના, સીધી નહિ તો આડકતરી રીતે, મૂળથી જ બદલાઇ જાય છે. આવક પર કર, મિલ્કત પર કર, ધંધાનો અમુક પ્રમાણથી વધતા નફા પર કર, વેપાર પર જકાત, પેદાશ પર જકાત, વ્યવહાર અને વેપારનાં સાધનો અને જોગવાઈ પર કર, વેરા,—આ સૌનો ખ્યાલ કરીએ ત્યારે વ્યક્તિગત દ્રવ્ય તો દિનપ્રતિદિન સ્વલ્પાંશ થતું જતું દેખાય છે. અને જાણે એ પણ પૂરતું ન હોય તેમ જો, આમદાની નો કશો પણ ભાગ બચત રહે, તો તેને ફરજિયાત કે મરજિયાત સરકાર કરજે ઉધરાવેલ નાણાંધીરમાં રોકવો પડે છે.

(૯) કરવેરાના સર્વવ્યાપક બોજાથી જો વ્યક્તિગત દ્રવ્યનો કોઈ પણ ભાગ અલગ

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવા પામે, અને સરકારી કરજની હૂંડીપત્રીમાં પણ રોકાઈ ન જાય તોપણ તેનો યથેચ્છ ઉપયોગ કરવા વ્યક્તિગત સ્વાતંત્ર્ય રહ્યું નથી. મોજમજાહનાં સાધનો યા તો મળતાં નથી, યા તો તેનો ઉપયોગ પ્રતિષિદ્ધ છે. ખાદ્ય–ખોરાકીનાં સાધનોની પણ અછત, અને તે નિર્મિત પ્રમાણમાં જ લભ્ય. એટલે વ્યક્તિગત ખર્ચ માટે જોગવાઇ નથી રહી, અને માર્ગ-નિષેધ છે. ન છૂટકે તેથી બચત રકમ, દીઠા કે અણદીઠા, ફરમાન કે ભલામણને તાબે થઈ સરકારને નાણાંધીર કરી દેવી પડે છે. એટલે પોતાના અંગત ઉપભોગ માટે સ્વાર્થી, માલદારવર્ગ ખર્ચ કરવા માગે તોપણ તેને ખર્ચવાને છૂટ નથી.

ખાનગી ખર્ચ માટે નજીવી જોગવાઇ

(૧૦) આવા પરિવર્તનમાં ખુદ નાણાંનું રૂપ,—કે જેને આધારે સર્વ જાતની મૂલ્યાંકણી થતી—તે પણ સર્વથા બદલી જવા માંડયું છે. સામાન્ય ચલણમાં કીમતી ધાતુને સ્થાન તો લડાઈ પહેલાં પણ કમતી થવા માંડયું હતું. અને નાણાં વસ્તુનું પોતાનું મૂલ્ય સ્થિર—અડગ—રાખવાની પ્રથા પણ ત્યજાઇ ગઈ હતી. નાણું એટલે વેપારનું ઓજાર. તેની કીમત તો સમાજને ફાવે તેમ મુકરર કરે; ચલણ એટલે ફરમાને મુકરર કરેલી ચીજ, એ સ્પષ્ટતઃ નહિ તો સામાન્યતઃ સર્વમાન્ય થઈ ગયું હતું. એ પ્રણાલિકા લડાઈ દરમિયાન નછૂટકે પહોળી અને લાંબી થઈ છે. હવે તો સર્વત્ર નાણું એટલે કાગળના ટુકડા—સરકારે જાતે જ કાઢેલાં; કે સરકારે નીમેલી કોઈ નાણાવટી સંસ્થાએ કહાડેલાં. એની કીમતનો આધાર મુખ્યત્વે તો કહાડનાર સરકારની પોતાની સ્થિરતા, અડગતા પર છે. અમેરિકા જેવા એક અપવાદરૂપી દેશને અલગ રાખીએ, તો આજે ચલણી નોટ પાછળ જામીનગીરી તો માત્ર સરકારી સત્તાએ કરજે લીધેલ કાગળિયાંની! સોનું—ચાંદી સ્વલ્પાંશમાં એ જામીનગીરીમાં દેખાય છે; અને છે તેટલું પ્રજાજન કોઈ માગે ત્યારે કાયદેસર મેળવવાનો બહુ સંભવ રહ્યો નથી. નાણાંનું પ્રભુત્વ આથી જરૂર ભવિષ્યમાં છે તેથી પણ કમતી કરી નાંખી શકાશે.

નાણાંનું રૂપ બદલાયું

આટલી આછી—આછી રેખછબી જે દેશો લડાઈમાં જાતે જ સક્રિય સામેલ થયા છે તેની છે. જે જે પ્રજા આજ લગી પણ સીધી રીતે યુદ્ધમાં જોડાઇ નથી, તેની પરિસ્થિતિ આથી બહુ ભિન્ન નથી. વિગ્રહ એટલા બહોળા વિસ્તારમાં ચાલે છે, દુનિયાની મોટી પ્રજાઓ તેમાં એવી અતલગથી સંડોવાઈ છે, કે તેની બદલાતી વસ્તુસ્થિતિની યુદ્ધથી અલગ રહેલી પ્રજા પર પણ અસર થયા વિના રહેતી નથી.

લડાઇમાં ન જોડાયેલી પ્રજાની પરિસ્થિતિ— લગભગ તેવી જ

તેનાં કારણ બહુ ખોળવા પડે તેમ નથી. જે જે મુલક આજે પણ લડાઇથી અલગ છે, તેને યુદ્ધમાં સક્રિય સામિલ થયેલી એક યા બીજી પ્રજા જોડે સંબંધ તો છે જ, પક્ષપાત છે, વ્યવહાર છે. અને તેથી પોતે સીધી રીતે લડવામાં ન સામિલ હોય, તો પણ તેના રાજવહીવટ અને સમાજવ્યવસ્થામાં, આ સંબંધને કારણે, મૌલિક પરિવર્તન અનિવાર્ય છે. આંતરરાષ્ટ્રિય વ્યવહાર મુખ્યત્વે તો વ્યાપાર દ્વારા હોય છે; અને તે આજે યા તો અલોપ થયો છે, યા તો સર્વથા સરકાર–હસ્તક છે. આવા વિષયમાં એક મોટી પ્રજા અમુક માર્ગ ગ્રહણ કરે, તો તેની જોડે અતલગનો સંબંધ ધરાવ-

તેનાં કારણો : સંબંધથી ઉદ્ભવતો પ્રતિઘાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાર બીજી પ્રજાને પણ અનુકરણ કર્યા વિના ચાલે નહિ. વીમા, વહાણવટું, હુંડિયામણ તો સર્વથા રાજકીય અંકુશતળે અને કાબૂમાં; એટલે એમાં પારાવાર પરિવર્તન સહજ થાય છે. આયાત નિકાસ પર પણ તેવી જ રીતે સરકારી નિયમનવિધિ સ્પષ્ટતઃ દેખાય છે. વ્યવહારનાં સાધનોની અંતિમ અછત છે; પરસ્પર વ્યવહારમાં અનેક વિઘ્નો છે; અને સર્વથા તે સરકારી સત્તાને આધીન છે. એટલે યુદ્ધથી દેખીતીરીતે અલગ રહેલી પ્રજામાં, અનિચ્છતાં પણ, સરકારી નિયમન, ઘટના, કાબૂ કે દેખરેખ સ્વીકારવાં પડે છે.

વળી, આજે અલગ છતાં, પોતાને પણ લડાઈમાં ક્યારે સક્રિય ઝંપલાવવું પડશે, તે આવા કોઈપણ દેશના રાજ્યકર્તા નિશ્ચયપૂર્વક કહી શકતા નથી. સામાન્ય માન્યતા છે કે આ લડાઇ મુખ્યત્વે આદર્શભેદને લીધે ઉદ્દભવી છે; એટલે દેખીતી રીતે યુદ્ધથી દૂર રહેલી પ્રજામાં પણ જે આદર્શશ્રેણી પ્રતિ તેના રાજ્યકર્તાને હમદર્દી હોય, તદનુસાર અજાણ્યે, અનિચ્છતાં પણ, તેમાં પરિવર્તન થાય છે.

આદર્શ સમાનતા અને તેથી ઉપજતો ભય

ઉપરાંત એ પણ વિસ્મૃત ન થવું જોઈએ કે આત્મરક્ષણાર્થે, અથવા તેને બહાને, આમ દેખીતા અલગ દેશને જરૂર પડયે યુદ્ધયોગ્ય સામગ્રીસંચય, શક્તિ વ્યવસ્થા, કરવી પડે છે; શસ્ત્રસજ્જ રહેવું પડે છે. પરિણામ અનિવાર્ય છે કે: આવા ફક્ત ઉપલકથી જ તટસ્થ રહેલા દેશોમાં આ કારણે પેદાશ તેમ જ વપરાશ, કામગીરી તેમજ કરવેરા, ચલણ, વ્યવહાર કે વેપાર, અને તે સૌને પરિણામે સમાજરચનામાં, પ્રખર પરિવર્તન થતું જાય છે.

આત્મરક્ષણની તૈયારી

લડાઇમાં જાતે સામિલ, અથવા યુદ્ધમાં દેખીતા ન જોડાવા છતાં અણદીઠા પણ અશંક પક્ષપાતને લીધે તેમાં સંડોવાયેલા દેશોને બાદ કરીએ, તો બાકી રહ્યા કોણ? અત્યારે એવી ભાગ્યે જ કોઈ પ્રજા અવશિષ્ટ રહી હશે કે જે આ વિશ્વવિગ્રહમાં મનસા, વચસા, કર્મણા લેશમાત્ર પણ સંબંધ ન ધરાવે. એશિયામાં નેપાલ કે અફઘાનિસ્તાન; યુરોપખંડમાં સ્પેન, સ્વીડન, તુર્કી, પોર્ટુગાલ, કે સ્વિટ્ઝરલાંડને તટસ્થ કહી શકાય; અને તે પણ એક યા બીજા પક્ષ પ્રતિ સદંતર પક્ષપાત વિના તો નહિ જ. યુદ્ધ તો એની પડોશમાં જ છે. ખૂનખાર લડાઈ એના દરવાજા પર છે. એનો અંતર્ગત તેમ જ બાહ્ય વેપાર અને વ્યવહાર યુદ્ધરંગે રંગાઈ ગયા છે. એટલે આવા દેશોને પણ યુદ્ધથી સર્વથા વિરક્ત તો કેમ જ કહી શકાય? વળી એ દેશોમાં પણ આદર્શભેદ તો છે જ; અને તે ત્યાં પણ અવશ્ય અસર તો કરતો જ હશે. એટલે ત્યાં પણ તમામ રાજતંત્ર, વહીવટ, સમાજવ્યવસ્થા, અને કાર્યઘટના, દીઠા નહિ તો અણદીઠા, બદલાયા વિના રહે જ કેમ?

સત્યતઃ અલગ તટસ્થ-દેશોની પરિસ્થિતિ

આ ગણનામાં અત્યાર લગી આ દેશનું નામ પણ નથી દીધું. તેનો ભાવાર્થ એમ નથી કે હિન્દુસ્તાન પૃથ્વી પરનો મુલ્ક નથી. એની પ્રજા સંમત નથી; પણ એની રાજ્યકર્તા સરકાર તો બ્રિટિશ શાહનશાહતની તાબેદાર અનુચર, એટલે એ તો બ્રિટન જોડાયું તે દિવસથી જ યુદ્ધમાં જોડાયેલું જ ગણાય. એની જનતાને કાયદેસર લડાઇમાં ફરજિયાત દાખલ નથી કરી. અને તેનાં સ્પષ્ટ કારણો છે. છતાં સારી સંખ્યામાં દરમાસ માણસની ભરતી વિધવિધ સૈન્યમાં કરતા

હિન્દની પરિસ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. પહેલાં એ વર્ષ સુધી યુદ્ધ એને આંગણે આવ્યું કહી શકાય નહિ, અને એની પોતાની ધરતી પર આવેલું આ જ પણ લેખાય નહિ. છતાં એની પેદાશ અને વપરાશ, વેપાર અને વ્યવહાર, કરવેરા અને ભાવતાલ–સૌ સરકારી અંકુશમય થઈ ગયાં છે. લડતા પક્ષોના ભિન્ન ભિન્ન આદર્શમાં એની સરકાર કહે છે કે પ્રજાસ્વાતંત્ર્ય પક્ષ પ્રતિ એનો પક્ષપાત છે; અને એની પ્રજા તો સ્વરાજ્યવાંછનાથી રગેરગ રંગાયેલી, એટલે એને તો એવો નામનો દાવો કરવાની જરૂર નથી. એટલે લડાઇના વેગમાં, લડાઇના પરિણામમાં, લડાઈ પછીની દુનિયાભર માટેની પુનર્ઘટનામાં, આ પ્રજાને અંતિમ અને અંગત રસ છે. બીજું કંઇ નહિ તો લડાઇને બહાને આજે થતી અનેક આર્થિક પ્રવૃત્તિઓ, અખતરાઓ, અને નવાં મૂળ ઘાલતાં સ્વાર્થી તત્ત્વો, લડાઇ બાદ આ દેશની આર્થિક સ્થિતિ અને પ્રગતિ પર કેવી અસર કરશે, બાહ્ય પ્રજા જોડે કેવો અને કેટલો સંબંધ અને વ્યવહાર રાખવો જોઇશે, ભવિષ્યમાં આગેકદમ માટે કેવી જોગવાઇ થશે, અને તેમાં હિન્દને કેવું સ્થાન, કેટલો હિસ્સો મળશે,–એ સૌ વિચારણીય વસ્તુ છે. આપણે આઝાદ નહિ; આપણી સરકાર પ્રજાની સંમતિ વિનાની, અન્યાધીન, અન્યપ્રેરિત હોવાથી, આપણે પ્રજા તરીકે તો આ વિષયમાં બીજી કોઇ પણ પ્રજા કરતાં વધુ રસ લેવાની જરૂર છે.

પરિવર્તન સ્વરૂપ અનિયંત્રિત

પરિવર્તન પ્રવાહ આ પ્રમાણે સર્વત્ર વહી રહ્યો છે; અને તેમાં આ તેમ જ અન્ય સૌ પ્રજાને અતલગનો સંબંધ છે. પરિવર્તન ઊંડું, મૌલિક, ચિરસ્થાયિ, સર્વવ્યાપક જણાય છે; લગભગ વિપ્લવતુલ્ય છે. ફક્ત તે પશુબળે, હિંસક વિધિયુક્ત નથી, એટલે એને વિપ્લવ કદાચ કહેવામાં કોઇ આનાકાની કરે. પરંતુ નિસર્ગતઃ પરિણામાનુસાર, તો ઉભય એક જ લાગે છે.

વિપ્લવ કહીએ, કે પરિવર્તન, આટલું તો જરૂર માનવું પડશે, કે તે સર્વત્ર વિચારપૂર્વક, સુવ્યવસ્થિત, ઘટનામય ઉદ્‌ભવ્યું નથી. એટલે એના સ્વભાવ કે રૂપરેખાનું, એનાં પરિણામ કે વિસ્તારનું, મનનપૂર્વક અધ્યયન થયું નથી. હજી સુધી તો, રશિયા કે જર્મનીને બાદ કરીએ, તો સર્વત્ર તે આકસ્મિક, અણધાર્યા પૂર સમાન છે. એટલે અમલી તોરસર જોઇએ તો એનો પ્રવાહ અણદીઠો વહે છે, અણધાર્યો વધે છે; અને કદાચ અણમાન્યો તે અંત પણ પામે.

બે-લગામ પૂર

જે જે દેશોમાં આ અનિવાર્ય પરિવર્તનને વિચારપૂર્વક, ઘટનાસમેત, દૂરઅંદેશીથી, દોરવાની વ્યવસ્થિતપણે જરા પણ કોશીશ થઇ છે, ત્યાં તે લગામસર વર્તે છે, કાબૂમાં રહે છે, ધાર્યું કામ કરે છે. પણ જ્યાં જ્યાં આજ લગી વ્યક્તિગત સ્વચ્છંદતાને સ્વતંત્રતા માની છે; નિરંકુશ, અણઘડ, વ્યક્તિગત વળખાંને ઉચ્ચ પ્રકારનું, કર્તવ્યશાળી, સાહસ સમઝે છે; અરાજક, અવ્યવસ્થિત નિર્ઘટનાને આત્મબળ કેળવવાનું સાધન લેખે છે, ત્યાં ત્યાં સમાજમાં પરિવર્તનકારી તત્ત્વોને અમર્યાદિત, નિરંકુશ રહેવાં દીધાં છે. આવા દેશોમાં આ અગાધ, અગ્રાહ્ય પરિવર્તનપ્રવાહ કઇ પળે કયાં વળશે, અને કેવાં લાભહાનિ કરશે, તે કહી શકાતું નથી.

ઇંગ્લાન્ડનો દાખલો

ખાસ કરીને ઇંગ્લાંડમાં, અને તેને તાબેદાર, તેને અનુસરતા, અથવા તેને પડખે રહી લડતા અનેક નાના મોટા દેશમાં આ પ્રચંડ પ્રવાહની આકસ્મિક ભરતી ગણાતી લાગે છે, અને અનિયંત્રિત શક્તિ લેખાય છે. એટલે તેને યથેચ્છ વહેવા દે છે; અને એના અગણિત હાનિકારી પરિણામનો વિચાર દેખાતો નથી. ઉમેરવાની જરૂર છે કે દેખીતી રીતે કયાંક કયાંક વ્યક્તિગત સૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભળાય છે, કે જેથી ભવિષ્યનો પણ વિચાર કરવાનો, પુનર્ઘટનાનો પણ ખ્યાલ રાખવાનો, ધ્વનિ કર્ણગોચર થાય. દેખાવ ખાતર સત્તાવાર સમિતિઓ પણ એ વિષયનું અધ્યયન કરવા નિમાઇ હશે; પરંતુ વાસ્તવિકપણે આવી સમિતિઓ મૃગજળરૂપ ભ્રમણા છે; અને વ્યક્તિગત પ્રચાર અણખપના માલ પેઠે ગોદામમાં ગ્રસ્ત બને છે. હિન્દ તો બ્રિટિશ સરકારની તાબેદાર વસ્તુ; એટલે એને તો અનુકૃતિધર્મ અવિચ્છિન્ન પાળવો જોઈએ; અને સરકાર તે પાળે છે.

લડાઇનો સમય તે વિચારનો વખત નથી

આ પરત્વે વધારે ભાર દઇ કોઇ ટીકા કરવા જાય છે, તો કહેવું અતિ સુગમ છે કે ખૂનખાર લડાઇ ચાલતી હોય, સર્વવ્યાપક જંગ જામ્યો હોય, ત્યારે આવી સૂક્ષ્મ, અદશ્ય શક્તિઓનું કાર્યાત્મક અધ્યયન કેમ થાય? અને તેનું વિધિપૂર્વક નિયંત્રણ કેમ સંભવે? આવો ઉત્તર સમજી શકાય. પણ તે અપ્રતીપ નથી. યુદ્ધને અંગે ઘડવી પડતી અનેક યોજના, અને એ જ કારણે કરવી પડતી અનેક વ્યવસ્થા, જો કેવળ યુદ્ધ પૂરતી જ હોય—માત્ર યુદ્ધની તાત્કાલિક મુશ્કેલી દૂર કરવા જેટલી જ હોય,—તો તેને દીઠી અણદીઠી કરાય. પણ યુદ્ધને અંગે આદરવા પડતા વિધવિધ પ્રયાસો કાંઇ યુદ્ધ પૂરતા જ નથી રહેવાના, એનાં પરિણામ તો ભવિષ્યમાં પણ ભોગવવાનો સંભવ રહે છે; અને એનાં મૂળ ઊંડાં ઊતરી જવાની દહેશત પણ રહે છે.

યુદ્ધને નામે જન્મ પામતાં સ્વાર્થી ભવિષ્યની આડખીલી

યુદ્ધની સર્વાતિક્રાંત અગત્યને લીધે જે કંઈ પરિવર્તન થવા પામે છે, જે નવાં સાહસો સ્થપાય છે, તે નિયંત્રિત નહિ હોય, તો યુદ્ધ બાદ આડખીલી બનવાનો સંભવ છે. આજે થતા યુદ્ધોપયોગી અનેક પ્રયાસો, ઉદ્ભવતી અનેક સંસ્થા કે સમિતિઓ, ઉપર્યુક્ત કારણવશાત્, ઇંગ્લાંડ જેવા દેશમાં અણઘટ્ટ, અવ્યવસ્થિત, બે-લગામ બને છે. અગાઉથી નિશ્ચિત કરેલી કોઈપણ નેમસર તેની ઘટના નથી. પ્રથમથી નિયત કરેલા ક્રમથી તેનો વહીવટ નથી. પૂર્વોક્ત કોઇ વિધિસર તેનું પ્રમાણ નથી, માપ નથી. અને દેશની—સમાજની—કાયમી વ્યવસ્થામાં તેને યથોચિત સ્થાન નથી. એટલે લડાઈબાદ તે કેવું રૂપ લેશે, તેનો કેવો વેગ રહેશે, તે સૌ કહેવું અશક્ય છે.

બ્રિટીશ જેવી સર્વશક્તિશાળી પ્રજાને આથી બહુ ડર નથી રહેતો.

આ અનિચ્છનીય પ્રથા છતાં, સૌ દેશને તે સમાન હિસ્સે હાનિકારક ન થાય. ઇંગ્લાંડની પ્રજા સર્વશક્તિશાળી, એટલે તેને કદાચ, આવો પરિવર્તનપ્રવાહ સ્વચ્છંદે વહે, અને અનિયંત્રિત રહે, તેમાં બહુ જોખમ નહિ લાગતું હોય. કારણ તે લોક કહી શકે કે, જરૂર જણાતાં, જે સર્વશક્તિશાળી રાજ્યસત્તાએ આવાં તત્ત્વો ઉદ્ભાવ્યાં તેજ સત્તા તેને યથાયોગ્ય અંકુશિત બનાવશે. પાશ્ચાત્ય પ્રજા તમામ, હજુપણ પશુબળ અથવા શારીરિક શક્તિમાં શ્રદ્ધા ધરાવતી હોવાથી તેઓ એમપણ માની લે કે જો લડાઈના કારણસર નવેસરથી જે તત્ત્વો જન્મ પામ્યાં છે તે સમાજવિરુદ્ધ, જનતા સામે થાય, તો તેનો અંત પણ તત્ક્ષણ આણી શકાશે, અને પરિવર્તનપૂર ઇષ્ટ માર્ગે વ્હેવડાવી શકાશે.

તે ગમેતેમ હો. પણ આપણા જેવી નિર્ધન, નિઃસત્ત્વ, પછાત, અને પરાધીન પ્રજાને આ વૃત્તિ પરવડે જ નહિ. હિન્દુસ્તાનમાં આજ લગી લડાઈને કારણે,–કે પછી માત્ર લડાઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પરાધીન પ્રજાને તે પાલવે નહિ.

બહાને—એવી ઘણીએ યોજના અમલમાં મુકાઈ છે, ઘણીએ જાતનાં સ્વાર્થવૃત્તિમય તત્ત્વો ઉદ્ભવ પામ્યાં છે, કે જે, જો તે વર્ષો લગી નિરંકુશ, અનિર્મિતપણે વ્યાપ્ત રહે, તો યુદ્ધ પછીની પરિસ્થિતિને તે વ્યર્થ મૂંઝાયેલા કોકડા સમાન કરી નાંખે. એ તત્ત્વો પરદેશીકૃત, પરદેશીમય, અથવા પરકીય બુદ્ધિનાં; એટલે લડાઈબાદ પોતાને કાયમ રાખવા માટે, હિન્દમાં પોતાનો શોષકસ્વાર્થ અખંડ રાખવા માટે, અનેક બહાને તેઓ ગમેતેવી બાંહ્યધરી માગશે, કે જેથી તેને બાધક, આ દેશનો ઉદય થાય એવી કોઈ પ્રવૃત્તિ આપણે ન આદરી શકીએ. બ્રિટિશ સત્તાધીશોના દેખીતા માનસનો જેને લેશમાત્ર ખ્યાલ હશે, તે માની શકશે કે આ ભય સદંતર બેપાયાદાર નથી.

વળી આ પરિવર્તન પ્રવાહને અવ્યવસ્થિતપણે ઉદ્ભવવા દેવો, અને ઉદ્ભવ્યા પછી તેને અણઘટ્ટ રહેવા દેવો, એ પણ નુકસાનકારક છે. લડાઈને બહાને હિન્દમાં આજ પણ જે વસ્તુસ્થિતિ થઈ પડી છે, માલ અને મજૂરી, પેદાશ અને વપરાશ જેટલાં વધી પડયાં છે, તે સૌ લડાઈ ખતમ થતાં એ જ પ્રમાણમાં, એ જ રૂપમાં નભાવી નહિ શકાય. સંભવિત છે કે તે અણવાંછિત નીવડે. એની અગત્ય નહિ હોય; ખપ નહિ રહે; કદાચ સ્થાન પણ નહિ રહે. આજે જે જનસંખ્યા અને દ્રવ્યસંપત્તિ યુદ્ધ કામમાં ગૂંથાયાં છે, તેને શાંતિ સમયોચિત સ્થાનમાં પુનઃ પરોવવાં અતિ દુષ્કર થશે.

વિચારપૂર્વક વ્યવસ્થાની જરૂરિયાત

આટલું જ માત્ર કારણ નથી. લક્ષ્યમાં રાખવું જોઈએ કે યુદ્ધનો અંત અણચિન્તવ્યો આવશે. એટલે તેને માટે ઉત્પન્ન કરેલી સામગ્રી, તેમાં હોમેલી જનશક્તિ, સૌ પુનર્ઘટના તો માગશે જ. યુદ્ધ પછી પુનર્વ્યવસ્થા સર્વત્ર અનિવાર્ય થશે. એ નવઘટનાનો જો અગાઉથી વિચાર નહિ કરી રાખ્યો હોય, તો એક નવા જ પ્રકારની સામાજિક અવ્યવસ્થા, અરાજકતા, અકળામણ, ઊભી થવાનો ભારે સંભવ છે. તે અટકાવવાં હોય તો અત્યારે પણ આવશ્યક છે કે આપણે યુદ્ધોપયોગી, અથવા સંગ્રામસર્જિત, વ્યવસ્થા વહીવટને અને શાંતિસમયોચિત ઘટનામાં, ધારેલી વિધિસર, નિર્મેલા ક્રમથી અગાઉથી જ રૂપાંતર થઈ જાય એવી ગોઠવણ રચીએ.

પુનરુક્તિને ભોગે પણ કહેવું આવશ્યક છે કે જેટલું અણધાર્યું યુદ્ધ આરંભાયું, તેટલું-જ, બલ્કે તેથી પણ વધારે અણચિન્તવી રીતે તેનો અંત આવશે. આજે જે અણઘડપણે વહીવટ કરવામાં આવે છે, તે હાથમાં-તેટલું-મોંમાં પદ્ધતિ ચાલુ રહી, તો યુદ્ધનો ઓચિન્તો અંત આવતી વેળા, આજે જડ ભરાઈ બેઠેલા સ્વાર્થી વર્ગ કે વ્યક્તિ તરફથી નવી ઘટનામાં અનેકવિધ વિઘ્ન નંખાશે, અટકાયત કરાશે, વાંધા વિરોધ ઊભા થશે. એ વર્ગ તેની પોતાની જ જરૂરિયાત તે પ્રજા તમામની જરૂરિયાત છે, એમ જણાવવા, મનાવવા, સચોટ પ્રયત્ન કરશે. તેમની અંગત અર્થસિદ્ધિમાં જ દેશ આખાની આબાદી સમાઈ છે, એમ ઠસાવવા તડામાર મહેનત કરશે. પ્રજાના નેતાઓ, અને તે સમયના સંચાલકો પાસે, જો કોઈપણ મનનપૂર્વક ઘડાયેલી, વિચારશીલ યોજના પુનર્ઘટના માટે નહિ હોય, તો જે વર્ગ કે વ્યક્તિ અતિ તીવ્ર ઘુમરાણ કરી શકશે, જનતાને ભમાવી શકશે, પ્રજામત પર અસર કરી શકશે, તેને જ પ્રજાહિત સર્વથા આધીન થઈ પડવાની ધાસ્તી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલમાં આવા વિચાર અસ્થાને નથી?

બેશક, કોઈ એમ કહી શકે કે આજે શાંતિનો સમય નથી, કે જ્યારે ઠંડે કલેજે, અધ્યયનપૂર્વક, પુનર્ઘટનાનો સર્વાંશે વિચાર કરી શકાય. એ વાત ખરી. પણ સાથે એટલું પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ લડાઈએ ઘણી જાતની દુર્દશા, મુસીબતો, કે ન્યૂનતા દરેક દેશમાં બતાવી આપી છે; તેનાં વર્તન અને પરિણામ પર અણધાર્યો પ્રકાશ પાડયો છે, જે લડાઈ પછી કદાચ તે જ સ્વરૂપમાં અને તે જ પ્રમાણમાં, નહિ જોવામાં આવે. લડાઈ દરમ્યાન એવાં ઘણાંય સત્ત્વો ઉભરાઇ રહ્યાં છે, કે જેની અસર લડાઈ પછી ન દેખાય. ઉત્પાદન વિધિના પુનરુદ્ધાર અને પુનર્ઘટના માટે; ઉત્પાદિત દ્રવ્યની પ્રજાજનમાં વહેંચણી વેળા મનુષ્ય માત્રના જન્મસિદ્ધ હક્કનું પરિપાલન કરવા માટે; પ્રજાની પ્રગતિ પ્રદીપ્ત રાખવા માટે, સર્વ સત્ત્વોને સતેજ રાખવા માટે, દેશના આંતરિક કે આંતરરાષ્ટ્રિય વેપાર વ્યવહારનાં પુનર્જીવન અને નવઘટના માટે, અને વેપારની સાધનસામગ્રીની પુનર્રચના,—આ સૌ પરસ્પર નિકટ સંબંધી વિષયો પર સર્વવ્યાપી દૃષ્ટિપાત કરવાની આજે જ અણમોલ તક છે. અને યુદ્ધે કરેલી બરબાદીથી કંટાળી, પાયમાલ થઈ, નિસ્તેજ બનેલી જનતા વિપ્લાવિક ઉભરો અનિષ્ટ માર્ગે ન કાઢી દે, તે માટે પાણી પહેલાં પાળ બાંધવામાં ડહાપણ છે.

અન્ય દેશોનો દાખલો

બીજા સૌ અગ્રણી દેશમાં આ વિષય પર આ ઘડીએ લક્ષ્ય અપાઈ રહ્યું છે. અમેરિકામાં નિષ્ણાતો અને પંડિતવરો યુદ્ધનાં મૂળ કારણોનો વિચાર કરી, ભવિષ્યમાં તેને સમૂળગાં અટકાવવાની પેરવી કરે છે. ઈંગ્લાંડમાં પણ સરકારે નીમેલી અનેક સમિતિઓ આ વસ્તુનો અભ્યાસ કરતી સંભળાય છે. આ બંને દેશના મુખ્ય અધિકારીઓએ ગઈ સાલ એકત્ર થઇ વિગ્રહ પછીની વિશ્વરચના માટે પોતાના નિશ્ચયપૂર્વક વિચાર વ્યક્ત કર્યા છે. જે **આટલાંટિક પટ્ટાને** નામે પ્રખ્યાત છે, તેનો આગળ જતાં કંઈક આછોઆછો ઉલ્લેખ કરવામાં આવશે.

આપણે આ દેશમાં ઈંગ્લાંડકૃત વ્યવસ્થાની નકલ કરવામાં તો કોઈથી ઓછા ઊતરીએ તેવા નથી. એટલે સમિતિઓ તો અહીં પણ એ બહાને અનેક નિમાઇ છે; અને બેશુમાર મુસાફરી ખર્ચો, પગારવધારા, અને ખાસ લવાજમ (allowance) નો રાફડો ફાટયો છે. પણ તેમાં મોટાં બણગાં ફૂકયા સિવાય કાર્યાત્મક બહુ થતું હોય એમ જણાતું નથી. જર્મન નેતાઓ તો, ક્રમસેક્રમ યુરોપની, પુનર્ઘટના કરવાનો પોતાનો ઇરાદો ક્યારના જાહેર કરી ચૂક્યા છે. અને તે નૂતન વ્યવસ્થા (New Order) પોતાના જ મુલ્કમાં, અને જેજે મુલ્કો તેણે કબ્જે કર્યા છે, અથવા જેમાં તેનો સાથ પુરાય છે, ત્યાંત્યાં સ્થાપવા મથે છે. આ નવઘટનામાં પૌરસ્ત્ય જાપાન પણ તેનો શરીક છે—ખાસ કરીને એશિયાખંડ પૂરતી પુનર્ઘટના પરત્વે. રશિયાએ તો અત્યાર આગમચ પોતાના અતિ વિશાળ પ્રદેશમાં, મોટી જનતામાં, પુનર્ઘટના, નૂતન વ્યવસ્થા, કે અર્વાચીન સમાજરચના સ્થાપી પણ દીધાં છે.

હિન્દની ખાસ સગવડ

આ વિષયમાં, બીજા દેશને મુકાબલે, આપણે ઘણે અંશે ભાગ્યહીન છીએ. બીજા દેશોનું રાજ્યતંત્ર જ્યારે ત્યાંની જ સાર્વભૌમ સત્તાને આધીન છે, ત્યાંની જનતાને જવાબદાર છે, અને માટે ત્યાંની પ્રજાના હિતનો જ ખ્યાલ રાખી પુનર્ઘટનાની યોજના ઘડે છે, ત્યારે આ દેશની રાજ્યસત્તા પરદેશી સલ્તનતને આધીન છે. અને તેથી જો તે આ દેશની પ્રજાના હિતનો ખ્યાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રાખે, તોપણ તે બીજી અનેક વાતના ખ્યાલમાંના એક તરીકે રાખતી હશે. સર્વથા હિન્દના જ હિતાનુસાર, કેવળ હિન્દી પ્રજાના જ લાભ ખાતર, આવા વિષયનો એનાથી ખ્યાલ પણ કરી શકાય નહિ.

વળી બીજા દેશોની રાજ્યસત્તા સ્વતંત્ર અને સર્વશક્તિમાન હોવાથી, તે ધારે તેવી રીતે પ્રજાહિત સાધવા પ્રયત્ન આદરે. પણ હિન્દની આધુનિક રાજ્યસત્તા તો સાર્વભૌમ બ્રિટિશ સરકારની તાબેદાર અનુચરરૂપ છે. બ્રિટિશ સામ્રાજ્યના લાભનો અવશ્ય ખ્યાલ રાખવો પડે; અને બ્રિટિશ રાજ્યકર્તા વર્ગના દેખાતા કે ગુપ્ત હક્કની અવજ્ઞા તો સ્વપ્ને પણ ન સંભવવી જોઇએ. બ્રિટિશ સરકાર મંજૂર કરે તે રાજનીતિ, ફરમાવે તે વહીવટપદ્ધતિ, સૂચવે તે કોલકરાર, અને માગે તે જામીનગીરી, હિન્દને હિતકર્તા હોય કે નહિ, તોપણ આપવી જ જોઇએ. એટલે આ દેશની વર્તમાન રાજ્યસત્તા ઇચ્છે તોપણ આ દેશની જ પ્રજાને હિતકારી જરૂર જણાતાં સર્વ પગલાં લઈ શકતી નથી—ખાસ કરીને જો તેમાંનું કોઈ પણ પગલું બ્રિટિશહિત વિરોધી હોય તો.

હિન્દની આર્થિક મુશ્કેલી

આટલી એક જ આપણી બલા નથી. યુદ્ધ પહેલાં આ દેશમાં આર્થિક વિકાસ, ઔદ્યોગિક ખિલવણી માત્ર નામની જ હતી. અને જે હતી તે એવા ધોરણસર કે તેનો સંપૂર્ણ લાભ આ દેશની પ્રજાને પ્રાપ્ત થાય નહિ. આપણે પરાધીન છીએ, એટલે પછાત રહ્યા; પછાત હોવાથી નિર્ધન બન્યા; નિર્ધનપણાથી અશક્ત થયા. એટલે આ અવસરે જો દૂરઅંદેશીથી આપણે આ દેશના જ હિતનો વિચાર કરીએ, અને તેનો અમલીતોરસર બંધબેસતો, માફક આવતો, બંદોબસ્ત કરવા ધારીએ, તો આપણું કર્તવ્ય અન્ય પ્રજાના પ્રમાણમાં અતિ જ દુષ્કર જણાશે.

છતાં કર્તવ્યસાધના આવશ્યક

છતાં તે સાધવા પ્રયત્ન તો કરવો જ જોઇએ. આપણી સરકાર પરાધીન, પરબુદ્ધિએ પ્રવર્તનાર, એટલે તે આ પ્રજાનું હિત વિસરી જાય; આપણો રાજ્યવહીવટ પરદેશી દૃષ્ટિએ બહુધા ચાલતો હોવાથી, રખે એની અમલી વ્યવસ્થામાં અણદીઠી આડખીલી રહી જાય, અને પ્રજાના હિતનો પરાભવ કરે, અથવા અવજ્ઞા થાય, અથવા તે જોઈ પણ ન શકે, તેટલા માટે પ્રજાના નાયકોએ, પ્રજાને દોરનાર વર્ગે, પ્રજામત કેળવી તે વ્યક્ત કરનાર સંસ્થાઓએ, ફરજ છે કે આવા વિષયનો આજે વિચાર કરી, તે પરત્વે સક્રિય સૂચના જનતા સમક્ષ રજૂ કરવી.

લડાઈમાં સીધી સામિલ થયેલી હિન્દી સંખ્યા

અન્ય મુદ્દાઓની પેઠે અહીં પણ એક બીજું કારણ છે, કે જેથી આ વસ્તુનો આ ઘડીએ વિચાર કરવો આવશ્યક છે. આજે લડાઈમાં સક્રિય પરોવાયેલા માલ, મતા, માણસ કે સાધનોને, યુદ્ધાંતે પુનઃ યથાયોગ્ય, વ્યવસ્થાપૂર્વક, સમાજરચનામાં પરોવી દેવા એ અતિ ગહન પ્રશ્ન છે. આ દેશની જનતાના પ્રમાણમાં આપણે ત્યાં કદાચ આજે પણ મનુષ્ય સંખ્યા બહુ મોટે અંશે યુદ્ધકાર્યમાં સક્રિય સામિલ નહિ થઈ હોય. વિધવિધ સૈન્ય બળમાં, હિન્દીવાન કેટલી સંખ્યામાં દાખલ થયા છે તેનો અંદાજ કાઢવો કઠિન છે. છતાં દેખીતી સંખ્યા સદંતર નજીવી નથી. લડાઈ આજે લગભગ ૪૦ મહિનાથી ચાલુ છે; તેમાં સત્તાવાર જાહેર થયેલા આંકડા મુજબ, દર માસ સરેરાશ ૫૦૦૦૦) માણસની ભરતી થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી છે. એટલે કે આજ પર્યંત યુદ્ધમાં જાતે સક્રિય શામિલ થયલાની સંખ્યા ૨૦) લાખ ઉપરની થવા જાય છે. તે ઉપરાંત સૈનિક વર્ગની બરદાશ કરવા, ખાદ્ય ખોરાકી પૂરી પાડવા, વ્યવહારનાં સાધનો ચલાવવા,—જેને બિનલડતી સેવાશક્તિ (Non-combatant services) કહે છે, તેની સંખ્યા પણ ૧૦-૧૨ લાખથી ઓછી તો નહિ જ હોય.

યુદ્ધોપયોગી ઉદ્યોગોમાં કામગાર સંખ્યા

સૈન્ય ભરતી કે સેવા ઉપરાંત, યુદ્ધોપયોગી ઔદ્યોગિક કામગાર, મજૂર, સંખ્યામાં તો એથી પણ વધારે મોટા પ્રમાણમાં ભરતી આવી છે. એની ગણત્રી તો લગભગ અશક્ય લાગે છે. છતાં દરેક જાતની યુદ્ધ સામગ્રી,—અસ્ત્ર શસ્ત્ર, દારૂગોળો, વાહન વગેરે બનાવનાર કારખાનાંમાં; વ્યવહારનાં સાધનોમાં, લોકોપયોગી સેવાક્રિયા (Public Utility Services) માં, કામ કરતા લોકની સંખ્યામાં બેવડો, કે ત્રણ ગણો, કે તેથી પણ ઝયાદા વધારો થયો લાગે છે. અને લડાઈથી અલગ સામાન્ય ઉદ્યોગ અને પેદાશ શક્તિ સીધી કે આડકતરી રીતે યુદ્ધાવલંબી થઈ પડી છે, એટલે તેમાં પણ, ક્ષણિક, છતાં સંગીન, ઉછાળો આવ્યો દેખાય છે.

લડાઈ બાદ આ શક્તિની પ્રવૃત્તિમાં નિર્ગતિ અને વ્યવસ્થા

આ સૌ મનુષ્યસંખ્યા આવી કયાંથી? કયા ક્ષેત્ર, ધંધામાંથી? મોટે ભાગે આ દેશની જનતા કૃષિકાર. એટલે એ જ કામમાંથી આ દેખાતા ઉદયમાર્ગનો લાભ લેવા આ સંખ્યા નીકળી લાગે છે. અત્યારે જે જે સૈનિકને સેવા, કે ઔદ્યોગિક પ્રવૃત્તિમાં તેને જે પગાર મળે છે, તેના પ્રમાણમાં તેનું આગલું જીવન તો અતિ જ કંગાલસ્થિતિનું ગણાય. અને જે પ્રમાણમાં પગારના દરમાં વધારો દેખાય છે, તે જ પ્રમાણમાં રહેણી-કરણીમાં પણ, એકદમ નહિ તો રફતે રફતે, ફેર તો પડતો જ હશે. હવે જ્યારે લડાઇ ખતમ થાય ત્યારે આ મોટી સંખ્યાની ઉત્તરોત્તર વૃદ્ધિમય રહેણીકરણી વાળી માનવમેદિનીને શાંતિસમયોચિત સામાન્ય જનતામાં, જે મૂળ ક્ષેત્રમાંથી તે નીકળ્યા તેમાં—અથવા તેને નિસ્બત હોય તેવા ક્ષેત્રમાં,—ચાલુ કામમાંથી નિર્ગતિ (demobilization) આપી, પુનઃ કેમ વ્યવસ્થાપૂર્વક સમાવી દેવા; અને સાથે તેમની વૃદ્ધિ પામેલી રહેણીકરણીને બહુ આંચ આવવા ન દેવી, એ પ્રશ્ન આગલા સવાલથી પણ વધારે ગહન છે. કારણ આપણો દેશ હજુ સ્વલ્પ પ્રમાણમાં ઉદ્યોગમય થયો હોવાથી, આ લડાઈમાંથી ફારેગ થતી માણસ સંખ્યા, કામગાર સંખ્યા, અને ઉદ્યોગપ્રવૃત્તિને લડાઈ બાદ, ઇન્કિલાબી વખતમાં, શાંતિસમયોચિત ઉત્પાદક તત્ત્વ તરીકે તેને ભવાંતર—રૂપાંતર—આપવું બીજા દેશો કરતાં અહીં વધારે—અતિ વધારે—સતાવનારૂં છે.

આ દેશની ભાવિ શક્તિ

ઔદ્યોગિક નજરે બીજા દેશના મુકાબલે આ દેશ પછાત છે, છતાં અહીં પણ સાધન કે શકિતની અછત નથી. ઉદ્યોગને જોઇતો કાચો માલ આપણે ત્યાં અઢળક પ્રમાણમાં પેદા થાય છે. અને જનતાની સંખ્યા, મજૂરબળ, તો બેશુમાર છે. વળી આ જનસંખ્યા અતિ બહોળી હોવાથી, આપણે ત્યાં પેદાશ ગમે તેટલી વધારીએ, તોપણ આપણા પોતાના જ વપરાશ માટે તે વધારે પડતી કદીએ નથી સંભવતી. સવાલ માત્ર આ પ્રજાની અવ્યક્ત શકિતની ખિલવણીનો છે. અને તે શક્તિ ખીલવવા માટે દેશની ઔદ્યોગિક સામગ્રી, પેદાશશક્તિ, વ્યવસ્થાપૂર્વક વધારવાની અગત્ય છે. એટલે યુદ્ધમાંથી નિવૃત્ત થતા માણસ, માલ, કે મજૂરીને, પુનઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી ઉત્પાદકકાર્યમાં નિયોજી દેવાય.

આ દિશામાં અદ્યાપિ થયેલા સરકારી પ્રયત્ન

આગળ જણાવ્યું તેમ પરાધીન અને પરબુદ્ધિએ ચાલનાર આપણી સરકારે તો યથેચ્છ વ્યવસ્થા આ વિષયમાં અદ્યાપિ આદરી પણ દીધી છે. એની પરંપરાદઢ પ્રથાનુસાર વિધવિધ સમિતિઓ સર્જાઈ છે, કે જે વડે એને પરિચિત પુરાણા પંથે પ્રયાણ થાય, જર્જરિત સાધને કાર્યસિદ્ધિ કરવા લાગે, અને નિ:સત્ત્વાનુસાર આર્થિક અન્યાયપ્રધાન માર્ગે પુનર્ઘટના કરી દીધી કહી શકાય. એ યુક્તિમાં અનેક લાભ છે. સરકારના ટીકાકાર વર્ગથી હવે દેખીતી રીતે એમ ન કહી શકાય કે આવા અતિ મહત્ત્વના વિષયપરત્વે સરકાર સર્વથા ઉદાસીન છે. વળી આ પ્રવૃત્તિમાં હિન્દી પ્રજામાંથી જ એને સંમત કેટલાંક તત્ત્વોનો સમાવેશ કર્યો હોવાથી, જે આદર્યું છે તેમાં હિન્દની પ્રજાની પણ સંમતિ છે, એમ જરૂર પડયે દાવો કરી શકાય. અને સાથે સાથે આ દેશની પ્રજામાંના કેટલાક સ્વાર્થી તત્ત્વો—ધનિક, મૂડીદાર કે જમીનદાર વર્ગો—ને આશ્વાસન મળે, કે કદાપિ જનતાના આમ વર્ગના પ્રતિનિધિઓના હાથમાં રાજની લગામ આવે, અને તેઓ પ્રગતિકારી સામાજિક ન્યાયબુદ્ધિસર ઘટના ઉભી કરી અમલમાં મૂકવા માંડે, તોપણ આવા સ્વાર્થી જનહિત વિરોધી વર્ગના હિતને બહુ નુકસાન નહિ પહોંચે.

સરકારી વ્યવસ્થામાં પ્રજાહિતૈષી તત્ત્વોનો અભાવ

આટલુ કહ્યા પછી ઉમેરવાની આવશ્યકતા છે, કે સરકારકૃત આ વ્યવસ્થામાં પ્રજાકીય-હિતૈષી, આમ-વર્ગ અભ્યુદયસાધક, તત્ત્વોનો બહુ ભાસ જણાતો નથી, અને જણાવા સંભવ પણ નથી. પ્રજાના માન્ય અગ્રેસરો, પ્રજાને દોરનાર નેતા, પ્રજામત કેળવનાર વિચારશીલ વ્યક્તિ યા તો અત્યારે કારાગારવાસી છે, યા તો પ્રજાકીય સ્વમાન ખાતર સરકારસર્જિત સર્વ પ્રવૃત્તિથી સર્વથા વિમુખ છે. વળી સમિતિને સોંપાયેલા કર્તવ્યમાં પણ આ દેશના, કેવળ અહીંની જ પ્રજાના, લાંબે ગાળે હિત સાધનાનો બહુ સમાસ થયો જણાતો નથી. એ વ્યવસ્થા એ શક્તિએ ઊભી કરી છે, કે જેને ફક્ત હિન્દી પ્રજાના જ હિતનો વિચાર કરવો પરવડે પણ નહિ. અને તે મૂળ ઉત્પાદક શક્તિ પોતે પણ પરાધીન, પરબુદ્ધિએ દોરાતી હોવાથી, મૌલિક પ્રશ્નોનો વિચાર કરવા તેને સત્તા નથી, શક્તિ નથી, હિમ્મત નથી. આવા હાર્દિક વિષય પર તો પ્રજાના પોતાના જ માન્ય નેતાઓ મક્કમપણે કાર્યસાધના કરી શકે.

આ ઉપોદ્ઘાત પ્રમાણથી અધિક લાગે, પરંતુ વિષયની મહત્તા, નવીનતા, કઠિનતાને લીધે આટલું પ્રાસ્તાવિક અનિવાર્ય લાગ્યું.

મૂળ-પ્રથમ પ્રશ્ન

હવે મૂળ વસ્તુનો વિચાર કરીએ. પ્રથમ પ્રશ્ન તો એ દેખાય છે કે લડાઈ પછીની દુનિયા કેવી હશે? સૌ કહે છે કે આ લડાઈને લીધે પારાવાર પરિવર્તન થશે. કેટલાક મોટા ફેરફારો તો આપણી નજર આગળ થતા દેખાય છે. પણ તે સૌનો શાસ્ત્રીય રીતે એક સામટો વિચાર થતો આ દેશમાં દેખાતો નથી. યુદ્ધનો અંત ગમે તે આવે, આખરી જીત ગમે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષની થાય, પણ એ વાત તો આજે પણ માની શકાય, કે લડાઈ પછીની દુનિયા, ૧૯૩૯ પહેલાં આપણને પરિચિત, આપણે અનુભવેલી, આપણે જેમાં ઉછર્યા, તે વસ્તુસ્થિતિથી બહુધા ન્યારી હશે જ. લડાઈ ને લીધે જ એ સમાજરચના, અને એના પાયા પણ બદલાઈ ગયા હશે.

આટલું સર્વસામાન્ય. ઉપરાંત, જો બ્રિટિશ, અમેરિકન, રશિયન, ચીનાઇ, અને બીજી

સંયુક્ત મિત્રપ્રજાની જીતનાં પરિણામ

સંયુક્ત મિત્ર પ્રજાનો આખરે સચોટ વિજય થાય, અને દુશ્મન પક્ષ નાબુદ થાય, લડાઈમાં જ શારીરિક હાર પામે, તો લડાઇ પછીની દુનિયામાં કેટલાંક નવાં તત્ત્વો, મૌલિક પરિવર્તનો, દેખાવ દેશે. આમ માનવાનું કારણ એટલું જ કે સંયુક્ત મિત્ર—પ્રજાના અધિષ્ઠાતાઓ-એ અત્યારલગી આ યુદ્ધના અંતિમ ઉદ્દેશ અને દુનિયા તમામની પુનર્ઘટના માટે, સત્તાવાર-પણે, જાહેર કરેલા ધ્યેયને તેઓ વફાદાર, વળગી રહેશે, અને અમલમાં મૂકવા કોશીશ કરશે, એમ માની લઇએ છીએ.

આ માન્યતા કોઇ આમપ્રજાજનના અંગત અભિપ્રાય પર બાંધી નથી. ઇંગ્લાંડના પુરોહિત શિરોમણિ (Archbishop of Canterbury) જેવી વ્યક્તિના પણ બિન-સત્તાવાર, ખાસગી, ખ્યાલાત પર શ્રદ્ધાશીલ વ્યક્તિ ગમે તેટલો ઇંત-

સંયુક્ત મિત્ર રાજ્યોના નેતાના ઉદ્ગાર, અને આટલાંટિક પટ્ટો

બાર રાખે; તોપણ તે બ્રિટિશ શાસનનેતાને, અમેરિકન અધ્યક્ષને રશિયન, ચીનાઈ કે બીજી કોઇ સંયુક્ત પ્રજાની સરકારને, સ્વીકૃત, બંધનકારી, ગણી શકાય નહિ. પરંતુ જે સર્વથા સત્તાવારપણે, અમેરિકાના અધ્યક્ષ અને બ્રિટીશ પ્રધાનમંડળના મુખ્ય,—વઝીરે આઝમે, સાથે મળી, મસલત કરી, પોતાના સહીસિક્કા સાથ, પોતાના દેશને નામે જાહે-રાત કરી છે—જેને **આટલાંટિક મહાસાગરનો મહાપટ્ટો** કહેવાય છે,—તદનુસાર ઉભય અગ્રણીઓએ દુનિયાભરને ખાતરી આપી છે કેઃ—

“(૧) ઉભય (નેતા) ના દેશો પોતાનો જ ધરાતલવિસ્તાર, કે અન્ય આર્થિક વૈભવ વધારવા પ્રયત્ન કરશે નહિ;

(૨) દરેક પ્રદેશની હદ—મર્યાદા—માં તે તે મુલકની પ્રજાની નિષ્પ્રતિબંધ, સ્વતંત્રતઃ દર્શાવેલી ઇચ્છા વિરૂદ્ધ, કોઈ પણ ફેરફાર થયા (તેઓ) જોવા ઇચ્છતા નથી;

(૩) જે સરકાર નીચે તેને રહેવાનું હોય, તેની વ્યવસ્થા (બંધારણ) પોતાને ફાવતી વિધિસર ગોઠવવાનો દરેક પ્રજાનો હક્ક તેમને માન્ય છે. જે જે પ્રજાની સર્વશક્તિશાળી સત્તા, હક્ક, અને સ્વરાજ્ય બળાત્કારે છીનવી લેવામાં આવ્યાં છે, તે તેમને પુનઃ પ્રાપ્ત થયેલાં જોવા (તેઓ) તલસે છે;

(૪) ચાલુ જુમ્મેદારીને સાબૂદ રાખી, પ્રત્યેક નાની કે મોટી, વિજયી કે પરાજિત, પ્રજાને એકસરખી રીતે આંતરરાષ્ટ્રિય વ્યાપારમાં, તેમ જ તેની આર્થિક ઉન્નતિને જરૂરજોગ કાચો માલ મેળવવામાં ભાગ અપાવવા કોશીશ થશે;

(૫) આર્થિક વિષયમાં સૌ પ્રજા વચ્ચે ઉત્કૃષ્ટ પંક્તિનો સહકાર સાધવા અભિલાષ છે, કે જેથી દરેક મુલકમાં મજૂરીના દર વધે, આર્થિક પ્રગતિ સાંપડે, અને સામાજિક સુરક્ષિતતા પ્રાપ્ત થાય;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬) નાઝી આપખુદી(બળજબરી)નું નિકંદન કર્યા પછી, આશા છે કે જગતમાં એવી શાંતિ વ્યાપી રહેશે કે જેથી પ્રત્યેક પ્રજાને, સલામતી સાથ, પોતાની જ હદમાં રહેવું શક્ય બનશે; અને પ્રત્યેક પ્રજાજનને પણ એવો સધિયારો મળી શકે કે તે, ભય કે તંગીની દહેશત વિના, સ્વતંત્રતા ભોગવી શકશે.

૭) આવી શાંતિને પ્રભાવે સર્વ કોઈ જરા પણ અટકાયત વિના દરિયાપાર આવજા કરી શકશે;

૮) વાસ્તવિક તેમ જ આધ્યાત્મિક કારણાનુસાર દુનિયાની પ્રત્યેક પ્રજા ખચિત માનતી થશે કે પરસ્પરના વ્યવહારમાં પશુબળનો ત્યાગ કરવો. જો કોઇ પણ પ્રજા પોતાની સીમ બહાર અન્ય પ્રજાની જમીન પર આક્રમણ કરવા ધમકી આપતી હોય,—અથવા આપી શકવાની સ્થિતિમાં હોય,—તેના હાથમાં હવાઈ, દરિયાઈ અને જમીનનું સ્થાયી શસ્ત્રસજ્જ બળ રહે, તો આવી (અખંડ) વિશ્વવ્યાપી શાંતિ જળવાઇ રહે નહિ. તેથી જ્યાંલગી શાંતિ સલામતીની વ્યવસ્થા સર્વત્ર બરાબર થઈ જાય નહિ, ત્યાંલગી આવી પ્રજાને શસ્ત્રત્યાગ કરાવવાની અંતિમ અગત્ય છે. (આ ઉપરાંત) બીજી જે પણ રીતે શાંતિપ્રેમી પ્રજાને શસ્ત્રસામગ્રીનો બોજો હળવો થાય, તે સૌ પગલાંનું (તેઓ) પોષણ કરશે, અને વધારશે.''

એ પટ્ટાનું પૃથક્કરણ

આ પ્રજાપટ્ટા—ચાર્ટર—ની તમામ કલમો એકસાથ વાંચી તેનો સારાંશ કાઢીએ, ભાવાર્થ સમજીએ, તો આટલું સ્પષ્ટ છે કે:—

લડાઈ પછીની દુનિયામાં સર્વત્ર વ્યક્તિગત, તેમ જ રાજકીય, શાંતિ અને સલામતી પથરાવવા અને નિભાવવાનો સંયુક્ત મિત્રપક્ષનાં મુખ્ય રાજ્યોનો ઇરાદો છે. એટલે કે અત્યાર લગી યુરોપની અગ્રણી પ્રજાના સામ્રાજ્યલોભ અને પાશવબળ પ્રભાવે, અન્ય પ્રજા પર જે શોષણકારી આક્રમણ થયા કરતું હતું, તે અટકાવવા સજ્જડ પ્રયત્નો કરવામાં આવશે. અને આ તત્ત્વ દેશ—દેશ વચ્ચે તેટલું જ એક જ દેશની પ્રજાના વર્ગ—વર્ગ વચ્ચેની શોષણક્રિયાને લાગુ પાડવામાં આવશે.

વ્યક્તિગત તેમજ રાષ્ટ્રિય શાંતિ અને સલામતી

આ પ્રયત્નો કેવા હશે; તે કઈ સત્તા હાથ ધરશે; ક્યારે અને કેમ અમલમાં મુકાશે,—એ સૌનું સ્પષ્ટીકરણ બાકી છે. પણ એટલું તો માની શકાય કે અદ્યાપિની શોષણવૃત્તિ અને સામ્રાષ્ટ્રિય લોભને અટકાવવા, નાબૂદ કરવા, નું વચન આ પટ્ટાદ્વારા દુનિયાભરને, તેમ જ વ્યક્તિ તમામને, અપાઈ ચૂક્યું છે. એમાં ઇતબાર રાખીએ તો ભવિષ્ય આશાભર્યું લાગે છે.

પણ અદ્યાપિ શોષકતત્ત્વો ક્યાં હતાં ? ધનિકલોક, માલદાર મૂડીદાર, માલિકવર્ગ કામગાર વર્ગનું સર્વત્ર શોષણ કરતો હતો; અને જમીનદારવર્ગ કૃષિકાર પર એ જ કળા અજમાવતો હતો. પ્રત્યેક પ્રજામાં આ તેની અંતર્ગત શોષણવિધિ—રશિયા સિવાય લગભગ સર્વત્ર પ્રવર્તિત, કાયદેસર અનુમાનિત હતી. વર્ગ વર્ગ વચ્ચે આ શોષણક્રિયા આ પટ્ટેસર જુમ્મેદારીથી અંત પામશે કે ? કાયદા તમામ, સમાજબંધારણ સર્વત્ર, વ્યવહાર સૌ, એ જ વર્ગભેદને અનુસરી રચાયાં છે તે સૌનું વૈપ્લાવિક પરિવર્તન આ વચનસર થઈ શકશે કે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યેક પ્રજાની આંતરિક સમાજરચના અને બંધારણવ્યવસ્થામાં દખલ કર્યા વિના મજકૂર જામીનગીરી બર લાવવી સંભવિત નથી દેખાતી. અને કોઈપણ દેશના અંતર્ગત વહીવટ વ્યવસ્થામાં ચાલુ દખલગીરી કરવી તે આ જ પટ્ટાની બીજી એક કલમ મુજબ નામંજૂર છે, અને અસાધ્ય સંભવે છે.

આંતરરાષ્ટ્રિય શોષણ-ક્રિયા.

દરેક પ્રજાનાં આંતરિક વહીવટ વ્યવસ્થામાં જેમ આ મુશ્કેલી સંભવે છે, તેમ જ આંતરરાષ્ટ્રિય વ્યવહારમાં પણ એવી જ આડખીલી દેખાય છે. એટલે કે જેમ માલદાર, મૂડીદાર વર્ગ કામગાર વર્ગનું શોષણ કરતો, તેમ અમુક બળવાન, સમૃદ્ધિમાન રાજ્યો તેને મુકાબલે નબળાં રાજ્યોનું શોષણ કરતાં આવ્યાં છે. તે જો ખરેખર અટકાવવું હોય, તો **જેમ દરેક પ્રજામાં રાજ્યસત્તા ધરાવતી સરકાર હોય, તેમ આંતરરાષ્ટ્રિય વિભાગમાં પણ થવું જોઈએ.** જેમ દરેક દેશમાં વ્યક્તિગત મતભેદ કે વેરવાંધા અંગત મારફાડ કરી હવે નિર્ણીત થતા નથી, અને સર્વોપરિ સરકારના કાયદા મુજબ તેનો ઈન્સાફ કરવામાં આવે છે, જે સર્વને માન્ય રાખવો પડે છે, તેમ જ **આંતરરાષ્ટ્રિય વિષયમાં એવી જ કોઈ સર્વશક્તિશાળી, સર્વ દેશ પર સત્તા ધરાવતી શાસનશક્તિ સ્થાપવી જોઈશે,** કે જે સૌ મતભેદનો ફેંસલો કરે, અને તે માર્ગે પ્રજા—પ્રજા વચ્ચે વેરઝેર ઉદ્‌ભવતાં અટકાવે. આટલાંટિક પટ્ટામાં ખાતરી આપી છે તે જો અક્ષરશઃ પાળવામાં આવે, તો આજે અમુક બળવાન્, શસ્ત્રસજ્જ રાજ્યો બીજી પ્રજાની જમીન પર કબ્જો કરી બેઠાં છે, તેની ઉત્પાદક સામગ્રી પર માલિકી ધરાવે છે, તેની મનુષ્યશકિતને પણ તાબેદાર—ગુલામ બનાવી રહ્યાં છે; તેનો અંત આણવો જોઈશે.

પટ્ટામાં રહેલી બીજી બારીકીઓ

આ વસ્તુનું પૃથક્કરણ—સ્પષ્ટીકરણ કરવા બેસીએ, તો એમાં અણધારી અનેક બારીકીઓ નીકળવા સંભવ છે. આટલાંટિકપટ્ટો તે સંયુક્ત બાંહ્યધરી—બ્રિટિશ અને અમેરિકન રાજકર્તાઓની બીજી તમામ પ્રજાને સામટી ખાતરી, અને જામીનગીરીપટ્ટો પ્રસિદ્ધ કર્યા પહેલાં, આવી જાતની બાંહ્યધરી અને દિલાસો આપતી વેળા આ બે અગ્રણી વ્યકિતઓ, અને તેના સલાહકારોએ દરેક મુદ્દાનો વિચાર તો કર્યો જ હશે, એમ ઘડીભર માની લઈએ; છતાં તેને જાણી જોઈને સામાન્ય શબ્દોમાં, ગૂઢાર્થમય વાકયોમાં જાહેર કર્યો, અને તે પર સત્તાવાર તુકતેચી સદંતર નહિ, એટલે અલબત શંકાસ્થાન તો રહે છે જ. અને એ પટ્ટો પ્રસિદ્ધિ પામ્યા પછી પણ બનેલા બનાવોએ એ શંકાસ્થાનને વધારે વિસ્તૃત બનાવ્યું છે.

આ પટ્ટાની રૂએ હિન્દનું ભાવિ

દાખલા તરીકે હિન્દુસ્તાનનું ભાવિ વિચારો. પટ્ટાની કલમ (૩) અને (૪) હિન્દના કિસ્સાને લાગુ પાડીએ, તો ઘણીએ સંદેહભૂત વસ્તુ દષ્ટિગોચર થાય છે. હિન્દનું રાજ્યતંત્ર પરાધીન છે; અને તેનું બંધારણ નવેસર પોતાને ગમતી રીતે ગોઠવવાનો હિન્દી પ્રજાનો હક્ક બીજી યુરોપીય પ્રજાના હક્ક જેટલે જ અંશે એ કલમમાં માન્ય દેખાતો નથી. આ દેશનું સ્વાતંત્ર્ય, અને તેની સર્વશકિતશાલી સત્તા (Sovereignty) બળજબરીથી છીનવાયાં છે; છતાં તે પુનઃ હિન્દી પ્રજાને જ સ્વાધીન કરવાનો ઉલ્લેખ નથી; અને ભાવાર્થ પણ જણાતો નથી. ધ્યાનપૂર્વક વાંચતાં પટ્ટાનો અર્થ કે ઉદ્દેશ એટલો જ માલૂમ પડે છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાત્સીયા ફાચિસ્ટ આક્રમણે જે જે રાજ્યોનું સ્વાતંત્ર્ય હરણ કર્યું છે, તેને તે પુનઃ આપવામાં આવશે; અને તે તે દેશની પ્રજાને પોતાનું રાજ્યબંધારણ નવેસરથી પોતાને માફક આવતી વિધિસર, આદર્શાનુસાર, ગોઠવવાનો હક્ક માન્ય કર્યો છે. બાકી બીજી પ્રજાનો વિચાર કરીએ તો સીરિયાના આરબલોક, ઇરાની, કે ઈરાકી રાજ્યતંત્રને સ્વતંત્ર તો કેમ કહી શકાય? ફક્ત તેમની આઝાદી બ્રિટિશની રાજનીતિને કારણે અપહૃત થઈ હોવાથી આ પટ્ટામાં તેનો સ્પષ્ટ કેમ ઉલ્લેખ કરી શકાય? બ્રહ્મદેશ, મલયદેશ, ઇત્યાદિમાં જાપાને આક્રમણ કરી સ્વાતંત્ર્ય હરણ કર્યું છે. પણ મિત્રરાજ્યો વિજયી થાય, અને જાપાનને મહાત કરી સદરહુ મુલ્કોમાંથી હાંકી કાઢે, તોપણ ત્યાંની જ પ્રજાને સ્વાતંત્ર્ય મળશે, કે બ્રિટિશ સામ્રાજ્ય પુનઃ ત્યાં, એક યા બીજા રૂપમાં, રોપાશે? કહેવું કઠિન છે. હિન્દનો દાખલો કંઈ ઓર જ સૂચવે છે.

પૂર્ણસ્વરાજ્ય–આઝાદ રાજ્યતંત્ર–અલભ્ય

હિન્દને સ્વતંત્ર પ્રજાકીય રાજ્યતંત્રના અભિલાષ લાંબા કાળના છે; અને તે એક યા બીજા શબ્દોમાં બ્રિટિશ સામ્રાજ્ય સરકારે મંજૂર પણ કરેલા છે. પણ તેને મૂર્તિમાન કરવા જ્યારે જ્યારે તક આવી કહી શકાય, ત્યારેત્યારે એક યા બીજે બહાને તે ઉડાવી દે છે. ચાલુ સાલનો ઇતિહાસ લઈએ, તો તે જ ધ્વનિ અનુભવાય છે. હિન્દી પ્રજાના આંતરિક મતભેદો, લાભભેદોને નામે, અથવા યુદ્ધ સચોટ ચલાવવાના તાત્કાલિક કારણે, હમણાંને હમણાં રાજ્યલગામ છોડવાને બ્રિટિશ સરકાર નાકબૂલ છે. આટલાંટિક પટ્ટાની સદરહુ કલમ હિન્દને ચોખ્ખી રીતે લાગુ નથી પડતી; અને તેનો ભાવ પણ લાગુ નથી પડતો, એમ હવે માનવું પડે છે. હિન્દમાં કદાચ આંતરિક મતભેદ હશે, વર્ગ—વર્ગના સ્વાર્થભેદ હશે, પણ એવા મતભેદો કયાં નથી હોતા? બ્રહ્મદેશમાં હિન્દુ—મુસ્લિમ ઝઘડો તો નામનો પણ નહોતો, છતાં ત્યાં પણ સામ્રાજ્ય લોભ, શોષણવૃત્તિ બ્રિટિશ સરકારને રાજકીય ઔદાર્યનું ચિહ્ન પણ બતાવવા દેતી નહોતી. એટલે આ તો બહાનાં છે; ખરી મતલબ તો કોણ જાણે કેવી હશે?

આટલાંટિક પટ્ટાના આર્થિક મુદ્દા, અને હિન્દનું ભાવિ

આટલાંટિક પટ્ટામાં એમ પણ ખાતરી આપવામાં આવી છે કે દરેક પ્રજા—નાની કે મોટી, વિજયી કે પરાજિત—ને સમાન રીતે, તેની આર્થિક ઉન્નતિ માટે જરૂર જોગો કાચો માલ અને વેપારમાં ભાગ લેવાની છૂટ રહેશે, જોગવાઈ થશે. એનો અર્થ પણ કેવો? સામ્રાજ્યલોભી, શોષણવૃત્તિવાળાં યુરોપીય રાજ્યોને કાચા માલની તંગી અને વેપારમાં વિઘ્નો કે વાંધા, પોતાની જ લોભબુદ્ધિ અને હરીફાઈની ક્રિયાથી પડતાં હોવાથી, આ કલમ પણ એમને ઉદ્દેશીને જ દાખલ કરી જણાય છે. હિન્દને પોતાને તો કાચા માલની અછત નથી, અને એની વસ્તીની બહોળી સંખ્યાને લીધે ખપનો પણ ટોટો નથી. હિન્દની ખરી જરૂરિયાત તો ઔદ્યોગિક ખિલવણીની છે. અને તેને માટે એની પોતાની પેદાશનો કાચો માલ એને પોતાના જ દેશના ઉદ્યોગ માટે જાળવી રાખવાની ફરજ પડે એવો સંભવ છે. અને સાથે એનો પોતાનો જ ખપ પોતે જ પૂરો પાડવા માટે ઘણુંખરું સુરક્ષિત રાખવાની પણ જરૂર જણાશે. હિન્દ જેવા દેશને તો ઉપર્યુક્ત કલમથી લાભ કરતાં હાનિ વધારે સંભાવે છે. કારણ, જો આ કલમની રૂએ એને આંતરરાષ્ટ્રિય મધ્યસ્થ સત્તા તરફથી ફરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવામાં આવે, કે એનો કાચો માલ નિષ્પ્રતિબંધ નિકાસ થવા દેવો, અને એનો સ્થાનિક ખપ પૂરો પાડવા માટે પરદેશી તેમ જ સ્વદેશી માલને સમાનતાથી આ દેશના બજારમાં આવવા દેવો, તો તો એવો ન્યાય થશે કે ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને પાડોશીને શીરો–પૂરી.

હિન્દ જેવા દેશના ઔદ્યોગિક ખીલવણીની મર્યાદા

આર્થિક વિષયમાં આટલાંટિક પટ્ટો બીજી પણ અનેક રીતે હિન્દ જેવા દેશને નુકસાનકારી લાગે છે. એમાં ક્યાંય એવું સ્પષ્ટ નથી કર્યું કે **પ્રત્યેક મુલકને સ્થાનિક સમૃદ્ધિ ખીલવવાનો સર્વસામાન્ય હક્ક છે.** કોઇપણ સાધનસંપન્ન મુલક, ઐતિહાસિક, કે એવા જ બીજા કારણે પછાત રહ્યો હોય; અને પોતાના જ સાધન કે ખપ પૂરતી પોતાની ઔદ્યોગિક ખિલવણી કરી શક્યો ન હોય, તો તેને પોતાનાં સંપત્તિસાધન સર્વાંશે ખીલવવાનો હક્ક છે. અલબત એ હક્કની મીમાંસા એવી નથી કે આવી ખિલવણીથી અન્ય પ્રજા પર આર્થિક આક્રમણ સંભવિત કરવું. આ દેશની રાષ્ટ્રિય મહાસભાના તે વેળાના પ્રમુખે નીમેલી રાષ્ટ્રિય ઘટના સમિતિ (National Planning Committee) એ ઠરાવ કર્યો છે કેઃ **દેશની આર્થિક અને સામાજિક ઘટનાની નેમ એ છે કે દેશ સર્વાંશે સ્વાવલંબી બને.** પરંતુ સાથે ઉમેર્યું છે કે દેશની આર્થિક સમૃદ્ધિ—પેદાશ—વધે તે પરદેશની બજારમાં ગમે તે ભાવે, ખોટ ખાઈને પણ ઢગલો કરવો; અને ત્યાં હરિફાઈ કરતા બીજા મુલ્કો સાથે હરીફાઈમાં ઊતરવું, એ ઉદ્દેશ નથી. **કોઈપણ પ્રજાએ બીજા દેશના તેના જેટલા જ આત્મવિકાસના હક્ક પર કોઈ રીતે તરાપ મારવી નહિ, એ ભવિષ્યના વિશ્વતંત્રની રાજનીતિનો પ્રથમ સિદ્ધાન્ત હોવો જોઈએ.** પણ જ્યાંલગી પ્રત્યેક મુલક અને પ્રજાને પોતાનાં સ્થાનિક સંપત્તિ સાધન પૂરેપૂરા ખીલવવાની સંપૂર્ણ તક નહિ મળે, ત્યાંસુધી દુનિયાભરની સમૃદ્ધિ સંભવે તેટલી ઉદ્ભવશે નહિ. અને ઉદ્ભવશે તેની વહેંચણી, સ્વાર્થી વર્ગોના પ્રભાવે, ન્યાયસર નહિ કરવામાં આવે. એટલે આટલાંટિક પટ્ટામાં સામાજિક ન્યાયસર દ્રવ્યવહેંચણી, અને ખીલવણીનાં સાધનસંપાદન સરખે હીસે લભ્ય કરી આપવાનો જે ઉલ્લેખ છે, તે પ્રત્યેક—અને ખાસ કરી આપણા જેવા અદ્યાપિ પછાત રહેલા–મુલકને, દરેક શક્ય માર્ગે સર્વાંગે ઉત્કૃષ્ટ ખીલવણી કરવાનો હક્ક માન્ય નહિ હોય, ત્યાંસુધી નહિ સંભવે.

સર્વમાન્ય, સર્વોપરિ મધ્યસ્થ સત્તાનું સ્થાન અને શક્તિ

વળી સામાજિક કે આંતરરાષ્ટ્રિય જે જે હક્કો પ્રત્યેક પ્રજા અને દેશ માટે માન્ય રાખ્યા છે, જાહેર કર્યા છે, તે સર્વનું યથોચિત પાલન કરવા માટે, ઉપર ઉલ્લેખ કર્યો છે તે મુજબ, **એક સર્વસત્તાશીલ, સર્વોપરિ મધ્યસ્થ સત્તા જોઈશે.** આ વિશ્વસામ્રાજ્યસત્તાને દેશ—દેશના અંતર્ગત વહીવટમાં કોઇ કોઈવાર દખલગીરી કરવી પડે, અને ખાસ કરીને તેને દેશ—દેશ વચ્ચે આંતરરાષ્ટ્રિય અન્યાય, અણબનાવ, કે આક્રમણ અટકાવવા ખાતર ચાલુ સાવધાન રહેવાની, અને જરૂર પડ્યે પોતાની તમામ સત્તા અને શકિતનો ઉપયોગ કરી આ અનિષ્ટ તત્ત્વો અટકાવવાની, ફરજ પડશે. પરિણામે **પ્રત્યેક દેશમાં ત્યાંની સરકારની સ્વતંત્રતા, તેમ જ શક્તિમાં કેટલેક અંશે ઘટાડો કરવો જોઈશે.** અને તે માત્ર આંતરરાષ્ટ્રિય વ્યવહાર પરત્વે નહિ, પણ દરેક મુલકના આંતરિક વહીવટને અંગે પણ થવો જોઇશે. કારણ ઉપર્યુક્ત સર્વ દેશને સામાન્ય, બાહ્ય, મધ્યસ્થ, સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિમાન, તટસ્થ સત્તાએ, મનુષ્ય જીવનના, સમાજરચનાના, આર્થિક કે સંસ્કૃતિ સંબંધી વ્યવહાર પરત્વે જે મૂળ આદર્શ માન્ય રાખ્યા હોય, તદનુસાર કાયદા બાંધવા પડશે, ઘટના ઘડવી પડશે, વહીવટ કરવો પડશે.

આ સર્વમાન્ય, સર્વોપરિ, સર્વવ્યાપક, મધ્યસ્થ સત્તાનું સ્વરૂપ મજકૂર પત્રમાં રેખાંકિત પણ કર્યું નથી. સાર્વભૌમ શાહનશાહતની સત્તા કોરાણે રાખીએ, તો ભૂતકાળમાં

તેનું સ્વરૂપ

આવી કોઇપણ સત્તાનો આપણને અનુભવ નથી, કે જેનો દાખલો લઈ, તે મુજબ નવી વ્યવસ્થા કરવા માંડીએ. એટલે આવી સર્વમાન્ય, સર્વશકિતધારી, સાર્વત્રિક સત્તા કેમ સ્થાપવી, તેને કેમ ઘડવી, કેવું રૂપ આપવું, કેવી મર્યાદા રાખવી, એ અત્યારે કહેવું મુશ્કેલ છે. આજે ગમે તે મોટા આદર્શમય શબ્દોચ્ચાર કરે, પણ માનવાને કારણ છે કે બ્રિટિશ જેવી સદીઓથી રીઢી બનેલી સામ્રાજ્યવૃત્તિ, અને તેને અંગે ઉદ્‌ભવેલી શોષણશકિત, પોતાની સાર્વભૌમ સત્તાનો સ્વેચ્છાએ ત્યાગ સહેલાઇથી નહિ કરે. યુદ્ધના આખરી પરિણામ પર, અલબત્ત, આ પ્રશ્નનો કેવો નિવેડો આવશે તેનો મોટો આધાર છે. પણ આટલું તો અત્યારે પણ સ્વીકારી લેવાય **કે આવા કોઈ સાર્વભૌમ, સર્વશક્તિશાળી, સર્વમાન્ય, અને સર્વવ્યાપક, શાસન વિના આજના આપણા અતીવ ગૂંચવાયેલા કોકડાનો ઉકેલ આવી શકશે નહિ.**

પૃથ્વીપટમાંથી શોષકવૃત્તિ સર્વથા નાબૂદ કરવાની જે વાત આટલાંટિક પત્રમાં કરી છે, તેનો ભાવાર્થ એમ પણ ખરો કે પ્રજા પ્રજા વચ્ચે અત્યારે જે ન્યૂનાધિકતા છે, તે આ

ન્યૂનાધિકતા ટાળવા માટે

સામુદાયિક સત્તા વડે દૂર કરવી. જર્મનીને આ યુદ્ધ કરવાનું એક બહાનું કે—મૂળકારણ—હતું,—અને કહે છે કે હજુ તે મોજુદ છે—કે એની પ્રજા બુદ્ધિશાળી, વિજ્ઞાનવાળી, સુઘટિત, નિયંતશીલ (disciplined) અને સાહસિક છતાં, એના પોતાના મુલકમાં એના પોતાના જ ઉદ્યોગને પૂરો પડતો કાચોમાલ પેદા કરી શકાતો નથી. ખાદ્યખોરાકીની વસ્તુ પણ યથેચ્છ પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાતી નથી. વળી એની ઔદ્યોગિક પેદાશશકિત અતિ તીવ્ર અને વિશાળ છે; છતાં કાચામાલની અછતને લીધે, તેમ જ તેને યથાયોગ્ય બજારની પણ ખામીને લીધે, તેની પેદાશ શકિતને પૂરતું કામ મળી શકતું નથી; અને તેની તમામ પેદાશ ખપી જાય એટલી ગંજાવર બજાર પણ નથી. એટલે એની વિજ્ઞાન સમૃદ્ધિ વ્યર્થ, એની મજૂરશકિત અને એના સંચાસામગ્રી ફોકટ છે. આગલી લડાઈના પરિણામે, જર્મનીએ યુરોપ બહાર જે સંસ્થાનો મેળવ્યાં હતાં, અને જેમાંથી એને જરૂરજોગ કાચોમાલ તેમ જ પેદાશ ખપાવવા પૂરતી નવી બજાર સંપાદન થતી હતી, તે તેની પાસેથી છીનવી લેવામાં આવ્યાં છે. સન ૧૯૧૯ થી ૧૯૩૯ના જમાનામાં સૌ નાનાં કે મોટાં રાજ્યો, આત્મરક્ષણ કે સ્થાનિક પોષણ યા વિકાસની દિનપ્રતિદિન સજ્જડ થતી અતિ સખ્ત રાજનીતિ ધારણ કરતાં હોવાથી, જર્મનીની પેદાશ અન્ય કોઇ પણ દેશમાં નિકાસ કરવી દરસાલ વધતા પ્રમાણમાં અશકય થવા લાગી હતી. લડાઇ બાદ એના પર મિત્રરાજ્યોએ લાદેલો લડાઇખર્ચનો બોજો અદા ન થઈ શકયો, તે પણ એ જ સબબસર. બળાત્કારે ઠસાવેલો આ બોજો ઉઠાવ્યો નહિ; એટલું જ નહિ, પણ આખરે તે આપખુદીએ નામંજૂર કર્યો—ઇન્કાર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29626
25-3-2003
30ग/9
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇટલીની પણ એ જ દશા, એવો જ ઇતિહાસ. તેણે પણ હબ્સિસ્તાન પર, આલ્બાનિયા પર, ઇ૦ આક્રમણ કર્યાં, જર્મનીનો સાથ શોધ્યો, તેનું એ જ કારણ છે. પૂર્વમાં જાપાનમાં પણ એવી જ ભ્રમણા બેસી ગઈ છે. જર્મનીની નાદારીથી, પાયમાલીથી, અને આખરે બળાત્કારથી ફ્રાન્સ ગભડયું. ફ્રાન્સ પણ આર્થિક અધોગતિએ પહોંચ્યું. બ્રિટન તો તે પહેલાં જ ત્યાં ચાલતું સોનાનું ચલણ આપખુદીએ બંધ કરી ચૂકયું હતું, અને લડાઇને અંગે અમેરિકા પ્રતિ કીધેલા કરજકરાર પ્રમાણે વર્તન કરવા ના પાડી હતી. જુમલે પરિણામ એમ કે એક અન્યાયથી બીજો ઊભો થયો; તેનાથી આખી શ્રેણી ઉદ્‌ભવી; અને આખરે આંતરરાષ્ટ્રિય વ્યવહારચક્ર તમામ તૂટી પડયું. એનો પુનરાવિર્ભાવ અટકાવવો હોય, તો અન્યાયનું મૂળ જ કાપવું ઘટે છે. અને તે મુરાદ સદરહુ પત્રની દરખાસ્તમાં લક્ષ્ય છે. પણ તે અમલમાં અદલ ઇન્સાફસર, શત્રુ તેમ જ મિત્ર પ્રતિ એક સરખી મુકાશે કે?

લડાઈ અગાઉનાં ૨૦ વર્ષમાં આ રાજનીતિ,—તીવ્ર રાષ્ટ્રિય લોભ, સંકુચિત રાષ્ટ્રિય ભાવના; અને તેને અંગે ઉદ્‌ભવેલી સાંકડી આર્થીક નીતિ—સર્વત્ર છવાઈ રહી હતી. આધુનિક ઉદ્યોગમય બનવાની ભાવના સર્વસમાન, સર્વવ્યાપક, હતી.

આર્થિક અથડામણ-માથી રાજકીય વિરોધ, અને સશસ્ત્ર—વિગ્રહ

પણ કાચામાલ માટે સર્વ દેશમાં પૂરતા પ્રમાણમાં બજાર નહોતી, ખપ નહોતો. સાથે સાથે, હિન્દ, ચીન ઇત્યાદિ એશિયાના અનેક દેશમાં સાધન—સામગ્રી અને મનુષ્યસંખ્યા અઢળક છતાં, ખિલવણી સ્વલ્પ, એટલે તેમની આર્થિકશક્તિ બહુ જ ઓછી, રાજકીય બળ પણ અતિ જ અલ્પાંશનું. આથી તે દેશ અને પ્રજા યુરોપીય પ્રજાને સુલભ શિકારગાહરૂપ બનવા પામ્યાં હતાં. આવો જ દેખાવ દક્ષિણ આફ્રિકા, દક્ષિણ અમેરિકા, અને પ્રશાંત (Pacific) મહાસાગરના અનેક દ્વીપોમાં હતો. એ સૌ મુલક યુરોપીય—કે જાપાનીઝ—કે અમેરિકન યંત્રબળે ઉપજાવેલી અતિશય પેદાશને ગમે તેમ ઢોળી પાડવાના સ્થાનભૂત (dumping ground) હતા. અને તેથી ત્યાં અનેક જાતના પરસ્પર વિરોધી સ્વાર્થનો જંગ જામવા લાગ્યો, અને આખરે તે આક્રમણકારી થઈ પડયો.

પણ બળાત્કાર અજમાવવા પહેલાં, આક્રમણમાં ફત્તેહનો રજમાત્ર પણ ઇતબાર આણવા પહેલાં, આવશ્યક હતું કે આવા અસંતુષ્ટ, આક્રમણ કરવા ઇચ્છતા મુલકો પહેલાં પોતે જ સ્વસ્થ બને; આંતરિક સંગઠન જમાવે; સ્થાનિક મતભેદ, પક્ષાપક્ષી દબાવે, અને શસ્ત્રસજ્જ થાય, અને યુદ્ધસામગ્રી સંચે. એટલે **તેમને પોતાના દેશમાં ઠેરઠેર વ્યક્તિગત સ્વાતંત્ર્ય બળજબરીથી દબાવી દેવું પડયું; અને રફતે રફતે આપખુદ રાજતંત્ર, એકહથ્થુ સત્તા ઊભાં કર્યાં.** પોતાને ત્યાં આમ પ્રજામત દાન્ત થઇ ગયા પછી અન્યની ડરામણી શરૂ કરી; અને તે ન ફાવે ત્યાં ખુલ્લંખુલ્લાં બળાત્કાર, શસ્ત્રયુદ્ધ, આદર્યાં. અને તે દ્વારા તે તે મુલકોમાં પોતાનાં થાણાં બેસાડી, કબ્જો વધારવા માંડયો.

રાજકીય આપખુદીની ઉત્પત્તિ

વર્તમાન યુદ્ધની આ ઉદ્‌ભવશ્રેણી વસ્તુતઃ અટકાવવી હોય, ભાવિ દુનિયામાંથી, વિશ્વપુનર્ઘટનામાંથી બળાત્કારનું જોર કાયમી નાબૂદ કરવું હોય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેણી આખીને ઉલટાવવી પડશે. અને તેનાં મૂળ કાપી, કાઢી નાંખવાં જોઈશે.

માત્ર નામનો પટ્ટો જાહેર કર્યાથી આ સંભવતું નથી. વસ્તુ અતિ ગૂંચવાયેલી છે. અત્યાર લગી ધારેલી નેમથી પણ આગળ વધી, વધારે સૂક્ષ્મપણે જોવા માંડીએ, તો દુનિયામાં

પ્રત્યેક પ્રદેશમાં સ્વાવલંબન

સદરહુ પટ્ટામાં સૂચવેલી વિશ્વપુનર્રચનાનો મૂળ પાયો પ્રત્યેક પ્રદેશને સ્વાવલંબી કરી દેવામાં સમાયેલો છે. પણ દરેક પ્રદેશ—દરેક પ્રજા—સમાનતઃ સ્વાવલંબી થવી અશક્ય નહિ, તો મુશ્કેલ તો જરૂર છે. દુનિયાભરના ૫૦ કે વધારે દેશમાંથી,

યુનાઇટેડસ્ટેટ્સ, રશિયા, હિન્દ ચીનનું ઉદાહરણ અને મીમાંસા

યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા, ચીન અને હિન્દુસ્થાન જેવા વિસ્તીર્ણ અને કુદરતી સમૃદ્ધિશાળી મુલ્કોને બાદ કરીએ, તો તો આજે બીજો કોઈ ભાગ્યે જ એવો દેશ, કે પ્રજા, નજરે આવશે, કે જે પોતાની જ પેદાશમાંથી પોતાનો નિભાવ સામાન્યતઃ સારા ધોરણઅનુસાર કરી શકે. બીજે તો સર્વત્ર જ્યાં શકિત છે ત્યાં વસ્તી નથી; વસ્તી હોય, તો સાધન નથી; સાધન હોય તો સામગ્રી નથી; માલ હોય તો બુદ્ધિમય વ્યવસ્થા નથી; વિજ્ઞાનયુકત ઘટના નથી; મજૂરી હોય તો બજાર નથી; અને બજાર હોય તો તે પૂરી પાડવા જેટલી પોતાની પેદાશ નથી.

ખુદ જે ચાર વિસ્તીર્ણ અને ઘીચ વસ્તીવાળા મુલ્કોનો ઉપર દાખલો આપ્યો છે, તેમાંથી પણ બે મોટા સાધનશીલ, વિશાળ અને વસ્તીવાળા મુલ્કો—હિન્દ અને ચીન—ઔદ્યોગિક નજરે પછાત છે, પરાધીન છે, ગરીબ છે. એમાં જનસંખ્યા ઘણી મોટી; પણ તે ધનહીન, શકિતહીન, આત્મશ્રદ્ધાહીન છે. એને પ્રગતિનાં સ્વકીય સાધનો છે, પણ યા તો સામગ્રી નથી, કે યા તો તેનો પ્રગતિમાર્ગ બીજા સ્વાર્થી દેશો રોકી રહ્યા છે. રશિયાનો એથી પણ વધારે બહોળો મુલ્ક, છેલ્લા દશબાર વર્ષમાં જ પ્રગતિમય થયો કહી શકાય; ખિલવણી શરૂ થઈ ગણાય. અમેરિકા (યુનાઈટેડ સ્ટેટ્સ) એક જ એવો દેશ બાકી છે કે જ્યાં સાધનસામગ્રી, સંખ્યાનો અભાવ, અછત કે ન્યૂનતા નથી. અને તેથી જ તે ઐહિક સંપત્તિમાં સર્વોત્તમ પંક્તિનું લેખાય છે. પોતાની જ પેદાશમાંથી, જરૂર પડ્યે, તે પોતાનો સારા પાયા પર નિભાવ કરી શકે એમ ત્યાં સંભવિત છે. એટલે જ તેને બીજા પ્રદેશ પર આક્રમણ કરવાની, થાણાં બેસાડવાની, શોષણ કરવાની, જરૂર જણાતી નથી. અને માટે જ એના અધ્યક્ષે આપેલું વચન વિશ્વાસપાત્ર માની શકાય.

બાકી બીજા તમામ મુલ્કો સ્વાવલંબી થાય એવો બહુ સંભવ જણાતો નથી. કુદરતી બક્ષિસની નજરે બ્રિટન જેવી અદ્યાપિ બળવાન અને સમૃદ્ધિશાળી પ્રજા પણ આર્થિક

બ્રિટન આદિ અન્ય દેશોનો દાખલો; અને તેનું નિરીક્ષણ

વિષયમાં બહુધા, પરતંત્ર નહિ, તો પરાવલંબી તો છે જ. માત્ર એ અવલંબન સામ્રાજ્યિક સત્તાના બળે અંધરાઇ ગયું છે, એટલે દૃષ્ટિગોચર નથી. પોતાને જોઈતી ઘણીએ વસ્તુ યા તો બ્રિટન પોતે પેદા કરી શકતું નથી, અથવા કરે તો તેની જરૂરિયાતને મુકાબલે અતિ નજીવા પ્રમાણમાં. એને જોઇએ તેટલી ખાદ્યખોરાકી પણ તે પોતાની જ ભૂમિમાંથી ઉત્પન્ન કરી શકે નહિ. કદાચ ¾ જેટલી વસ્તુ બહારથી આયાત કરવી પડતી હશે. અને તેવી જ સ્થિતિ તેના ઉદ્યોગો—કારખાનાં—માટે કાચામાલ પરત્વે છે. એથી ઊલટું પોતે જે કંઇ પેદા કરી શકે તેનો અર્ધ ભાગ પણ તે પોતે વાપરતું નથી, વાપરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે તેમ નથી. અને તેથી એની માલની આયાત નિકાસના પ્રમાણમાં બમણી કે ત્રણગણી થવા જાય છે. પરદેશી માલ પર એને એટલો બધો આધાર રાખવો પડતો હોવાથી, આંતરરાષ્ટ્રીય વ્યાપાર, અને તેને લગતાં વ્યવહારનાં સાધન એને માટે અનિવાર્ય છે, એટલું જ નહિ, પણ એના પ્રાણના આધારભૂત છે.

આવી તેની નિસર્ગતઃ આર્થિક સ્થિતિ હોવાથી બ્રિટને ખંડેખંડમાં, મુલ્કે મુલ્કમાં પોતાનાં થાણાં બેસાડ્યાં હતાં, સામ્રાજ્ય સર્વત્ર જમાવ્યું હતું,—કળે કે બળે. આજે એની એ સામ્રાષ્ટ્રિય સત્તા પર, સાર્વભૌમ શકિત પર, સદીઓની સંપત્તિ પર, હલ્લો થાય છે. એની કહેવાતી શાહનશાહતનો મોટો ભાગ—કેનેડા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા—નામના પણ એ સામ્રાજ્યનાં અંગભૂત પોતાને કહેવડાવતા નથી. વાસ્તવિક પણે તેઓ સર્વથા સ્વતંત્ર મુલ્કો છે. વળી બ્રહ્મદેશ, મલાયા, પ્રશાંત મહાસાગરના અનેક નાના મોટા દ્વીપો હાલ તરત તો હાથ બહાર ગયા છે, જાપાને જીતી લીધા છે. હિન્દ આઝાદી ચાહે છે, આઝાદી માટે લડે છે; અને, આજે નહિ તો કાલે, આઝાદી સંપાદન કર્યા વિના રહેનાર નથી. તો પછી બ્રિટન જેવા મુલકને તો પોતાનાં સ્થાનિક સાધનસામગ્રીમાંથી, ત્યાંની પાંચ કરોડની વસ્તી માટે ખાદ્યખોરાકી પેદા કરવી પણ અશક્ય છે.

સામ્રાષ્ટ્રિય તત્ત્વનો ઉદ્ભવ અને લય

અત્યારલગી બ્રિટન નભી રહ્યું હતું, કારણ તેની સાર્વભૌમ સત્તા અને સર્વત્ર શોષકશકિતથી તે બળવાન અને ધનવાન ગણાતું. અન્ય પ્રજાની પેદાશ તે અપનાવી શકતું. જો આ સામ્રાષ્ટ્રિય શોષણક્રિયા બંધ પડે—એ શોષક સત્તા નાબૂદ થાય—તો બ્રિટનનુ બળ, દોલત, શાખ, સન્માન, સૌ મંદ પડી જાય; અને ખાવાનાં પણ સાંસાં પડે. આટલાંટિક પટ્ટામાં એ સૌ વ્યંગ્ય હશે, ધ્વનિત હશે; પણ સ્પષ્ટ તો નથી જ. અને ધ્વનિ મૂર્તસ્વરૂપ પામે, તે પહેલાં બ્રિટન કાવાદાવા રચી, દાવપેચ લડી, શત્રુ—મિત્ર સૌને અષ્ટંપષ્ટં સમઝાવી, છટકી નહિ જાય, આંટલાંટિક પટ્ટા પર પાણી નહિ ફેરવે, તેની ખાતરી થતી નથી. માન્યતાને સ્થાન છે કે જે વિશ્વવિગ્રહમાં યુનાઇટેડ સ્ટેટ્સ અને રશિયા એનાં સહાયક છે, તેમાં એની દાવપેચી રાજનીતિ અને સ્વાર્થસાધના સર્વત્ર, સર્વથા, ફળીભૂત ન થાય. **પણ નવી ઘટના ઘડાય, અને તેમાં તે સખ્ત જડાઈ જાય, માટે જ આવશ્યક છે કે કોઈ તટસ્થ, મધ્યસ્થ, સર્વશક્તિશાળી, બાહ્ય સત્તા હોવી જોઈએ, કે** જેનાથી બ્રિટન છટકવા ચાહે તોપણ તેને અટકાવી રાખવાની શકિત રહે.

જે બ્રિટનની પરિસ્થિતિ તે જ, બલ્કે તેથી પણ બદતર—બીજી પણ યુરોપીય પ્રજાની સમઝવી. ફ્રાન્સ કદાચ અપવાદ હશે; અને રશિયાનો ખ્યાલ અહીં કરતા નથી. બાકી યુરોપની બીજી બધી પ્રજા ન્યૂનતાવાળી, પેદાશ કરતાં ખપત વધારેવાળી, એટલે જુમલે કરજદાર. એટલે જ ત્યાં વિગ્રહકારણો વધારે સંભવે છે, અને તેને સદાનાં ટાળવાને માટે આટલાંટિક પટ્ટાની યોજના કદાચ ઘડાઈ હશે. એ પટ્ટાના મૂળ ધ્યેયને સહૃદયે અમલમાં મૂકે તો આ જાતની ન્યૂનાધિકતા માત્ર એક જ ભાગમાં નહિ, પણ સર્વ સામાન્ય બનાવી દેવાશે. **ન્યૂનાધિક દેશનો નૈસર્ગિક વિરોધ સમૂળગો ટાળવો હોય, તો આ યોજના ખરેખર મૂર્તસ્વરૂપ થવી જોઈએ. અને તે માત્ર રાજકીય દૃષ્ટિએ નહિ, પણ આર્થિક નજરે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વોપરિ સત્તાને હાથ તમામ યુદ્ધસામગ્રી

આર્થિક ન્યૂનાધિકતા ટાળવા સાથે રાજકીય અસમાનતા પણ દૂર કરવી પડશે, અને તેનાં પરિણામો લુપ્ત કરવાં જોઈશે. જ્યાંસુધી કેટલાંક રાજ્યો મોટાં અને કેટલાંક નાનાં, કેટલાંક વિસ્તીર્ણ અને કેટલાંક સંકુચિત, કેટલાંક બળવાન અને કેટલાંક નિર્બળ, કેટલાંક ધનવાન અને કેટલાંક નિર્ધન હોય, ત્યાંલગી પરસ્પર, અદેખાઈ કે લોભવૃત્તિને કારણે, હરીફાઈ ઉદ્ભવશે, અથડામણ સંભવશે. પ્રજાની સંખ્યા અને મુલકનો વિસ્તાર પરસ્પર વધતાઘટતા પ્રમાણમાં આજે છે, અને તે તફાવત સદંતર ટાળી દેવાની અગત્ય પણ નથી. પરંતુ રાજ્ય રાજ્ય વચ્ચે, પ્રજા—પ્રજા વચ્ચે, બળ, ધન, સાધન, સંખ્યા, વિસ્તારના તફાવતથી ઉત્પન્ન થતી એકબીજા પ્રતિ ડરામણી, ધરતી કબ્જે કરવાની વૃત્તિ, પ્રજાને ગુલામ બનાવવાની વાંછના—આ સૌ લડાઈનાં મૂળ કારણોમાં મુખ્ય છે. **દુનિયામાંથી લડાઇ હંમેશને માટે નાબૂદ કરવી હોય, અને શાંતિમય જગત બનાવવું હોય, આવી પરસ્પર લોભવૃત્તિ, ચડસાચડસી અટકાવવાં હોય, તો દુનિયાભર માટે એક સાર્વભૌમ, સર્વશક્તિશાળી, સર્વસત્તાધિકારી, સર્વોપરિ, શિરોમણિ વિશ્વસત્તા સ્થાપવી આવશ્યક છે.** તેના હાથમાં જ તમામ યુદ્ધશાસન અને સાધનસામગ્રી, શસ્ત્રસૈન્ય સોંપી દેવાય. આજે પ્રત્યેક રાજ્ય પોતાનું એલાહેદું યુદ્ધશાસન, શસ્ત્રસામગ્રી, રાખવા મથે છે, તે પ્રથા જ સમૂળી નષ્ટ થવી જોઈએ. અને સૌ પ્રજા તે જ સર્વોપરિ મધ્યસ્થ સત્તાના છત્ર નીચે, સર્વ કોઈને સમાનહિસ્સે મળતી તેની સ્હાય અને રક્ષણ તળે, શાંતિમય જીવન ગાળે, પોતાની સંસ્કૃતિને પોષે, પોતાનાં સંપત્તિસાધનોની ઉત્કૃષ્ટ ખિલવણી કરે, અને દરેક માર્ગે પોતાની ઉન્નતિ કરી, અભ્યુદય સાધી, વિશ્વજનતાની પ્રગતિમાં સાથ ધરે, ફાળો આપે. ગમે તે એક પ્રજા બીજી કોઈપણ પ્રજાને મહાત કરી તેના પર સ્વામિત્વ ધરાવે, અથવા કોઈપણ જાતનો કાબૂ રાખે, તે સામ્રાજ્યિ તત્ત્વ, શોષણશક્તિ સદંતર, સર્વથા લય પામે, તો જ આટલાંટિક પટ્ટાનાં ધ્યેય અને ઉદ્દેશ સિદ્ધ થવા સંભવ છે.

વસ્તી અને વિસ્તારના તફાવતનો ઈલાજ

પ્રજાપ્રજા વચ્ચે પરસ્પર સ્થૂલ, દેખીતી સમાનતા, વસ્તી અને વિસ્તારની, સાધન કે શક્તિની, અસાધ્ય માનો, તોપણ ઉપર્યુક્ત અસમાનતાનાં મુખ્ય અનિષ્ટ પરિણામ તો આ રીતે અટકાવાં જ જોઈએ. મારી અંગત માન્યતા તો છે કે દેશદેશ વચ્ચે આવી દેખીતી અસમાનતા પણ અટકાવવાના ઉપાય છે; અને તે ભવિષ્યમાં લેવાજ પડશે. **જે જે દેશોમાં વસ્તી તેના વિસ્તાર કે સાધનસંપત્તિના પ્રમાણમાં અધિક હોય, ત્યાંની વસ્તી, જે જે મુલકમાં પ્રમાણસર વિસ્તારથી વસ્તી કમતી હોય, ત્યાં મોકલી શકાય.** તે યથેચ્છ પ્રમાણમાં ન બની શકે, તો મુલક—મુલકના વિસ્તાર, સાધન-સંચય, ઉત્પાદનશક્તિ વધારવા માટે, એને ત્યાંની વસ્તીને પ્રમાણસર બનાવવા માટે, મુલક—મુલક વચ્ચે સમજૂતીસર, પરસ્પર સંમતિથી, વ્યવસ્થા કરવી, કરાવવી જોઈશે. આગળ કેટલાક આંકડા આપ્યા છે કે જેથી સહજ સમજી શકાશે કે આ વસ્તુ અસાધ્ય નથી જ.

પણ હજી માનવજાતમાં સમજણ એટલી નથી વધી, બુદ્ધિ એટલી નથી ખીલી, કે મોટી સંખ્યામાં વસ્તીની સ્થાનબદલી શાંતિથી કરી શકાય. સર્વત્ર હજુ સ્વદેશપ્રેમ ગુણરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તી સ્થાન-પલટાની વિધિ

ગણાય છે; એટલે સ્થાનિક લાગણી અતિ તીવ્ર હોય છે. સ્વદેશ-પ્રેમની વ્યાખ્યા રફતેરફતે પહોળી થાય છે, અને ઉદાર રૂપ ધરે છે. એટલે કે જે ગામમાં કે જિલ્લામાં જન્મ થયો હોય, તેને જ જન્મભૂમિ ગણવાને બદલે, ચીન, હિન્દુસ્તાન, યુનાઈટેડ સ્ટેટ્સ, કે રશિયા જેવા અત્યંત વિસ્તારી મુલક આખાને ત્યાં જન્મેલી અથવા રહેતી વ્યક્તિ જન્મભૂમિ ગણવા શીખી છે. એથી પણ હવે આગળ વધી, વધારે વિશાળ બુદ્ધિ ખીલવી, વસુધૈવ કુટુંબકમ્ સૂત્રને વસુધૈવ જન્મસ્થાનમ્ સૌને સમઝાવવું, મનાવવું કાળાનુક્રમે સુગમ થશે, એમ મારી માન્યતા છે. એ વસ્તુસિદ્ધ કરવા માટે બહુધા તો કેળવણીપ્રથામાં સુધારો કરવો પડશે. અને સાથેસાથે અત્યારે જે દેશ—દેશ વચ્ચે તફાવતને અંગે આર્થિક કે રાજકીય તફાવતો વળગી રહ્યા છે, તે દૂર કરવાની અંતિમ અગત્ય છે.

વિસ્તાર અને સાધન વધારવાની યુક્તિ

વસ્તીસ્થાનપલટાની સાથે પરસ્પર સમજૂતીથી પ્રજા—પ્રજા વચ્ચે આર્થિક સાધન ખીલવવા માટે, સંસ્કૃતિવિકાસ સાધવા માટે, માંહોમાંહ્ય સંધિ કરી, મુલકવિસ્તાર વધારવાની ગોઠવણ થાય, તો તે પણ અનુમોદનીય છે. કદાચ તે વધારે આસાનીથી સિદ્ધ થવા સંભવ છે. પડોશી પ્રજા આજે પણ તે સાધ્ય કરે છે. એક યા બીજી રીતે જર્મનીનું રાષ્ટ્રિય ઐક્ય સિદ્ધ થયું. દેશભર માટે એક જ જકાતમંડળ સ્થાપવાના પહેલા પગલાથી,–અને ભૂતકાળના અનુભવનો બહુ ઉલ્લેખ ન કરીએ, તો છેલ્લા બેત્રણ વર્ષમાં, યુદ્ધ પ્રવર્તાયા પછી, ફ્રાન્સને બ્રિટનના વઝીરે–આઝમે જે રાજકીય ઐક્ય સ્થાપવાની માગણી કરી હતી, બંને રાજ્યો સર્વાંશે એક થઈ જવાની યુક્તિ સૂચવી હતી, તે સૌની યાદદાસ્તમાં તાજું જ હશે. અને આજે પણ યુનાઇટેડ સ્ટેટ્સમાં હિલચાલ મોટા પાયા પર ચાલે છે કે જેથી ઉત્તર અમેરિકાનો મોટો ભાગ બ્રિટિશસમવાયી સામ્રાજ્ય જોડે એકતા પામે. આજે આ હિલચાલ લડાઇને કારણે છે. ભૂતકાળમાં તે આર્થિક કે રાજકીય બહાને હતી. દુનિયાભરની ટપાલ વગેરે માટે ઐક્ય તો મોજુદ છે. કૉપીરાઈટના કાયદાનાં મૂળતત્ત્વ સર્વસામાન્ય છે. ચલણવ્યવહારમાં સ્થિરતા માટે અનેક રાજ્યો વચ્ચે સંધિ કે સમજૂતી આજે પણ અનુભવસિદ્ધ છે. તો પછી, લોકમત વધારે ઉદાર બુદ્ધિએ કેળવાય, ત્યારે આવું ઐક્ય આર્થિક યા સંસ્કૃતિ-વિકાસને કારણે વધારે ને વધારે પ્રમાણમાં સાધવું અશક્ય કેમ મનાય ?

એ અજમાવાય તે દરમિયાન સાધનસમાનતાની અગત્ય

પણ જ્યાંસુધી આ વિધિ કે યુક્તિ સક્રિયપણે અને સારા પ્રમાણમાં સિદ્ધ થાય નહિ, ત્યાંસુધી પુનરુક્તિને ભોગે પણ ઉમેરવાની અગત્ય છે કે **મુલક—મુલક વચ્ચેની અસમાનતાનાં અનિષ્ટ પરિણામો અટકાવવા માટે, પ્રજાને જરૂર જોઈતી સૌ વસ્તુ, કાચોમાલ, અથવા સ્થાનિક ખિલવણી અને પ્રગતિનાં સર્વ સાધનો અને શક્તિ, મધ્યસ્થ સત્તાની રૂએ, સર્વસામાન્ય રીતે પ્રાપ્ત થવાં જોઈએ.** દેશદેશની અસમાન ખિલવણીનું આજે એક મુખ્ય કારણ તો એ છે કે દુનિયાના ભિન્નભિન્ન દેશમાં ખિલવણીની સાધનસામગ્રી સરખા પ્રમાણમાં મળતી નથી. અને તેથી ઘણાય દેશમાં, પ્રજાની બુદ્ધિ, શક્તિ, સામર્થ્ય હોવા છતાં, સાધન અભાવે પૂરતી ખીલવણી થઈ શકતી નથી. પરિણામે એ પ્રજા નિર્બળ, નિર્ધન, પછાત, અને અસંતુષ્ટ રહે છે, અદેખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને છે; આક્રમણ કરવા લલચાય છે. એટલું જ નહિ, પણ એની સંપૂર્ણ ખિલવણીને અભાવે દુનિયા આખીના સમૃદ્ધિસંચયમાં ન્યૂનતા રહે છે.

ઉપર્યુક્ત મધ્યસ્થ સત્તાને કાયમી બનાવવી હોય, સર્વમાન્ય કરાવવી હોય, તો તે સત્તાને પણ વ્યક્તિગત દરેક પ્રજાના, તેમ જ પ્રજાજનના, કેટલાક પ્રાથમિક હક્કો માન્ય કરવા પડશે; અને તેનું સદાય પાલન કરવા માટે ઘટતી, સંતોષકારક જામીનગીરી પણ આપવી પડશે. આ પ્રાથમિક હક્કોમાં એક પ્રધાનભૂત પ્રજાકીય હક્કનો ઉલ્લેખ તો આગળ કર્યો છે, છતાં અહીં ઉમેરવાની આવશ્યકતા છે કે **દરેક પ્રજા,—હરેક મુલકનો,—સર્વશ્રેષ્ઠ પ્રાથમિક હક્ક પોતાનાં સ્થાનિક સાધનો અને સામગ્રી સંપૂર્ણપણે ખિલવવાનો છે.** તેમાં મધ્યસ્થ સત્તાએ આડખીલીરૂપ કોઈ દહાડો થવું ન જોઈએ; અને જ્યારે જ્યારે શક્ય હોય ત્યારેત્યારે એ પ્રયાસમાં પ્રત્યેક પ્રજાને સ્હાય આપવી જોઇશે. દરેક મુલક પોતાની સ્થાનિક સામગ્રી યથાશક્તિ સંપૂર્ણતઃ ખીલવે, બને તેટલા મોટા પ્રમાણમાં પોતાની જ પેદાશ કે સાધનોમાંથી પોતાની હાજતો પૂરી પાડે, એટલી ખિલવણી વિના પ્રજા માત્રની ઉન્નતિ કે પ્રગતિ સંભવતી નથી. ફક્ત મધ્યસ્થ સર્વોપરિ સત્તાએ પ્રત્યેક દેશની સ્થાનિક સરકારના સ્વાતંત્ર્ય પર એટલો અંકુશ મૂકવો પડશે, કે જેથી અમુક પ્રજાની જ જો કોઈ ખાસ પેદાશ હોય, અથવા તે પોતે વાપરી શકે તેથી વધારે પ્રમાણની કોઈ પેદાશ હોય, સાધન હોય, તો તે વેડફી નાંખે નહિ. પરંતુ બીજી પ્રજા કે મુલ્કને તે વસ્તુની જરૂર હોય તો, અગાઉથી મુકરર કરેલ વાજબી વિધિસર, તે પ્રજાને પોતાને જરૂર ઉપરાંતની વસ્તુ લેવા દે. ઘાસની ગંજીના કૂતરા માફક પોતે જે માલ વાપરી ન શકે તે બીજાને વાપરવા ન દે, અને વેડફી દેવા દે, તે સ્વાર્થી નીતિ કોઈથી અખત્યાર નહિ કરાય. એટલી સંભાળ મધ્યસ્થ સરકારે રાખવી જોઈશે.

મધ્યસ્થ સત્તાને માન્ય કરવાના પ્રાથમિક હક્કો

પ્રજા પ્રજા વચ્ચે આવી અંતર્ગત ન્યૂનાધિકતાને લીધે વ્યાપાર ઉદ્ભવશે, પણ તે વ્યાપાર વ્યવહારનો ક્રમ એ વિધિસર ગોઠવાવો જોઇશે કે જેથી વ્યાપારને બહાને પુનઃ પ્રજા પ્રજા વચ્ચે શોષણશાસન પ્રવર્તવા ન પામે. દેશ–દેશ વચ્ચે આજની આર્થિક અથડામણ બહુધા આ વ્યાપારને અંગે જ ઉદ્ભવે છે. એ જાતના વ્યાપારને વિશ્વવિગ્રહ પછીની પુનર્ઘટનામાં લેશ માત્ર પણ અવકાશ રહેવા દેવો ન જોઈએ. વ્યાપારવ્યવહાર પ્રજા–પ્રજા વચ્ચે, અને મુલ્કો મુલ્ક વચ્ચે અવશ્ય રહેશે અને રહેવો જોઈએ. પણ તે આજે ચાલે છે તેમ વ્યક્તિગત સ્વાર્થાનુસાર, સ્વચ્છંદ બુદ્ધિએ નહિ; વ્યક્તિકૃત વ્યવહાર માર્ગે નહિ, પણ સામુદાયિક શક્તિ તેમ જ જરૂરિયાતને લક્ષ્યમાં રાખી, પ્રત્યેક પ્રજાની કાર્યવાહી સરકાર દ્વારા, સર્વમાન્ય મધ્યસ્થ સત્તાએ નિર્ણીત વિધિસર, તેણે મુકરર કરેલાં પ્રમાણુસર, કરવા દેવો. વ્યાપારનાં સાધનો—હૂંડિયામણ, નૂર, વીમા ઇત્યાદિ—માંથી પણ વ્યક્તિગત સ્વાર્થ દૂર કરી, સામુદાયિક સરકારી સત્તા મારફત તેનો વહીવટ કરવો જોઈશે.

આંતરરાષ્ટ્રિય વ્યાપારનો ઉદ્ભવ

વ્યાપારની પુનર્ઘટના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે વ્યાપારવિધિનું મૂલતઃ પુનર્ભવન થાય, તો આજની અનેક આર્થિક વિટંબના, આડખીલી, આપોઆપ ટળી જવા સંભવ છે. વેપાર વણજ અને વ્યવહાર

વેપારની પુનર્ઘટના અને રૂપાંતર પછી આર્થિક પરિવર્તન

સાધનમાંથી વ્યક્તિ સ્વાર્થની નફા નજર કાઢી નાખો; અને તેને સર્વથા સામુદાયિક, પ્રજાકીય દષ્ટિએ જોઈ, તેનો જનતા તમામના લાભ સાધવા વહીવટ કરો, તો પછી ઉત્પાદનવિધિમાં પણ કોઇ પણ પ્રજાજનનો અંગત સ્વાર્થ કે નફો રહી શકે જ નહિ. દુનિયા ભરમાં સર્વમાન્ય, સર્વોપરિ, મધ્યસ્થ સત્તા સ્થપાયા બાદ, અને તેને હસ્તક દેશે દેશનું તમામ સૈન્યબળ સોંપાયા પછી, પૃથ્વીના સર્વ દેશો વચ્ચે વ્યાપાર વ્યવહાર શાંતિથી અને સર્વત્ર લાભકારી રીતે ચાલશે એટલે આજનું એકદેશી આર્થિક બળ વધારવાની કોઈ પણ પ્રજાને જરૂર નહિ રહે. આજે જેને રાષ્ટ્રિય આથિક રાજનીતિ (Economic Nationalism) કહે છે તે અસ્ત પામશે; અને તેણે સર્જેલાં અનેકવિધ ફક્ત એકદેશી ઉન્નતિકારી સાધનો પર પૂળો મુકાશે. દરેક દેશના સ્થાનિક ઉદ્યોગ કે ઉત્પાદન શક્તિની રક્ષણ કર્તા આયાત–નિકાસ પરની ખૂબ સખ્ત જકાત દીવાલો-ની જરૂર જ નહિ રહે. અને એ દીવાલોને મજબૂત બનાવવા, અનેકવિધ રચાતા આંતર-રાષ્ટ્રિય સંધિ બુર્જો, કે અટપટી વેપારી સોદાગીરી, હૂંડિયામણ ઇત્યાદિ સાધનો માટે બંદોબસ્ત કરવાની પણ અગત્ય નહિ રહે.

સ્વદેશપ્રેમની અદ્યાપિ ગુણરૂપ માનેલી લાગણીને આડી આમ પાળ બાંધ્યા સાથે, એટલું લક્ષ્ય રાખવું જ જોઇશે, કે દરેક પ્રજાને પોતાનાં સ્થાનિક સાધનો પોતે જ ઘડેલી યોજનાનુસાર ખીલવવાની સંપૂર્ણ છૂટ રહેશે. આ છૂટ વાસ્તવિકપણે અજમાવવા પૂરતી શક્તિ અને સત્તા દરેક દેશની સરકારને હોવી જોઇએ. અને જરૂર પડે તો, એ શક્તિ અને સત્તાને આધારે, બીજી કોઈ પણ પ્રજામાંથી, પોતે હાથ ધરેલી યોજનાને તોડી પાડવા, અથવા એને આડી દોરી જઇ મોઘ કરવા, કોઇ પણ દેખીતો કે અણદીઠો પ્રયોગ થતો હોય, તો તે અટકાવી શકાય. આવી ભીતિને અત્યારે, પુનર્ઘટનાની શરૂઆતમાં કદાચ સ્થાન હશે; અને તેથી તેનો ઉપાય કરવો જરૂરનો છે. પણ જેમ જેમ સર્વોપરિ, મધ્યસ્થ સરકાર સબળ અને સજડ બનતી જશે, તેમ તેમ તેની જરૂર ઓછી થશે, કારણ આવી અનીતિ અટકાવવી એ તો મધ્યસ્થ સત્તાનું મૂળ કર્તવ્ય ગણાશે.

દરેક પ્રજા પોતાની ઉન્નતિ પોતાની જ સાધન-શક્તિ વડે સાધે, તેમાં મધ્યસ્થ સત્તા આડે નહિ આવે. પરંતુ એ સંપત્તિસાધના બીજી કોઈ પણ પ્રજાને હાનિકારી–

મધ્યસ્થ સત્તા—અને સ્થાનિક સત્તાની શક્તિ મર્યાદા

ગેરલાભદાયી—ન થાય, એટલા પૂરતી સૌ પ્રજાને જામીનગીરી આપવી જોઇશે. બાકી બીજી સૌ બાબતમાં સ્થાનિક રાજ્ય સત્તાને સ્વતંત્ર સત્તા, અને જોઇતી શક્તિ રહેશે. પ્રત્યેક પ્રજાનું વ્યક્તિત્વ પણ અખંડ જાળવી રાખવું જોઇશે, કે જેથી સૌ પોતાની પ્રાથમિક ખિલવણી, સંસ્કૃતિની પ્રગતિ, આત્મબળે, સ્થાનિક સાધનો વડે, યથેચ્છ કરે. માત્ર એ ખિલવણીથી બીજી પ્રજા પર આક્રમણ ન થાય, ગેરલાભ ન સંભવે, એટલી જામીનગીરી મધ્યસ્થ સરકારે આપવી જોઇશે. પણ તે સત્તા દરેક મુલકનાં સ્થાનિક સાધનો અને ઉત્પાદનશક્તિનો જાતે ઉપયોગ કરી શકે નહિ; અને તે ઉત્પાદિત દ્રવ્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેંચણીમાં પણ અમલી તોરે કોઈ પણ દેશના આંતરિક વહીવટમાં દખલગીરી કરી શકે નહિ. મધ્યસ્થ સત્તા તો ફક્ત સર્વમાન્ય મૂળ નીતિનાં તત્ત્વો આલેખે; સર્વત્ર શાંતિ, અને સર્વના સંરક્ષણ પૂરતી જામીનગીરી આપે; અને સૌ કોઈ પ્રજાના કે પ્રજાજનના પ્રાથમિક હક્કો જાહેર કરી, તેનું પાલન કરવા બંદોબસ્ત કરે. બાકી સ્થાનિક વહીવટ સ્થાનિક સત્તા જ તેને ફાવતી વિધિસર, તેણે ઘડેલી યોજનાનુસાર કરે.

વ્યક્તિગત વ્યવહારમાં સામાજિક ન્યાયનું સ્થાન

દેશ-દેશની સ્થાનિક આઝાદી, પ્રજા દરેકનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ સ્વીકાર્યા પછી, આપણે યુદ્ધ પછીની પુનર્ઘટનામાં સામાજિક ન્યાયનાં મૂળ તત્ત્વો સર્વથા સિદ્ધ કરી શકીશું કે? પ્રજા-પ્રજા વચ્ચેની ભક્ષણબુદ્ધિ નષ્ટ કરવાના ઉપાય ઉપર સૂચવ્યા છે. પણ તેથી પ્રત્યેક પ્રજામાં જડ ઘાલી બેઠેલા વર્ગ-વર્ગ વચ્ચે ભક્ષણવૃત્તિ, શોષણક્રિયા, અટકતી નથી. તે અટકાવવાની પણ તેટલી જ અગત્ય છે, કારણ આ વ્યક્તિગત શોષણક્રિયા ઘણા જ વધારે દશ્ય તેમ જ દુઃસહ્ય પ્રમાણમાં પ્રવર્તી રહી છે; એટલે પૃથ્વીભરમાં સમાજરચના સર્વથા નવેસરથી રચવા બેસીએ ત્યારે, સામાજિક ન્યાયને પ્રજાજનના પરસ્પર વ્યવહાર પરત્વે સંપૂર્ણ સ્થાન મળવું જોઈએ.

વ્યક્તિ સ્વાતંત્ર્યનું સ્થાન

સમાજરચનાના આજે પાયારૂપ ગણાતા આર્થિક ક્ષેત્રમાં સ્વાર્થપ્રધાન વ્યક્તિસ્વાતંત્ર્યને દૂર કરવું પડશે. આજે પણ સ્વાર્થસાધક વ્યક્તિસ્વાતંત્ર્ય સંપૂર્ણતઃ તો કોઈ જગ્યાએ રહ્યું જ નથી. લડાઈ દરમ્યાન, લડાઈ ને બહાને, લડાઈ ગ્રસ્ત સર્વ પ્રજામાં વ્યક્તિસ્વાતંત્ર્ય પર અનેકવિધ અંકુશ મેલાયા છે, તેથી એ વસ્તુ હવે પાયારૂપ તો નામની જ અવશેષ છે. સુવ્યવસ્થિત દરેક સમાજમાં, આઝાદી ચાહતી જનતા, દરેક પ્રજાજનને અંગત ક્રિયા, આચાર વિચાર પૂરતું સ્વાતંત્ર્ય, અવશ્ય આપવું પડશે. પણ જ્યાં વ્યક્તિગત કર્તવ્ય, સમાજને ઉદ્દેશીને, સમાજ ખાતર, કરવાનું હોય, અને સમાજને અવલંબી કરાતું હોય, સમાજ તેનો પ્રેરક તેમ જ તેનો ભોગ કે ભોક્તા હોય, ત્યાં ત્યાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર સમાજના હિત ખાતર પ્રતિબંધ મેલવા પડે છે—અને પડશે. તો જ સુઘટિત અને સુવ્યવસ્થિત સમાજરચના ચાલુ રહે. આજે આપણને સૌને મોટામાં મોટો પાઠ પઢવાનો છે તે એકે સ્વાતંત્ર્ય તે સ્વચ્છંદ નહિ, આઝાદી તે આપખુદી નથી. જો આ પાઠ બરાબર નહિ ગ્રહણ થાય, તો વ્યક્તિગત સ્વાતંત્ર્યનું ભયંકર રૂપાંતર થશે; અને તેમાંથી બ્રહ્મરાક્ષસ સમાન અરાજકતા પ્રકટવા અતિ જ સંભવ રહે છે. સૌ પોતાને સ્વચ્છંદે, યથેચ્છ વર્તે; કોઈ કોઈનું માને નહિ; કોઈ સર્વમાન્ય, સર્વસામાન્ય, ઘટના, આદર્શ, કે નેમ હોય નહિ, તો ત્યાં અરાજકતા વિના બીજું શું સંભવે?

પ્રજાકીય અને વ્યક્તિગત પ્રાથમિક હક્કો

આથી એમ માની લેવાની જરૂર નથી, કે પ્રત્યેક પ્રગતિમાન, સુશિક્ષિત, સંસ્કારી વ્યક્તિને પોતાનું જીવનસાફલ્ય કરવા પૂરતું કૃત્યસ્વાતંત્ર્ય સંભવશે નહિ. જેમ પ્રત્યેક પ્રજાના-મુલ્કના, મધ્યસ્થ સત્તાને મુકાબલે, પ્રાથમિક હક્કો માન્ય રાખવામાં આવશે, તેવી જ રીતે મધ્યસ્થ કે સ્થાનિક સરકારને મુકાબલે પ્રત્યેક પ્રજાજનના એવા જ હક્કો જાહેરપણે મંજૂર કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશે. અને તેની સ્થાનિક તેમ જ મધ્યસ્થ સરકારને તે યથાયોગ્ય માન્ય થશે અને રહેશે. વ્યક્તિગત પ્રાથમિક હક્કોમાં પ્રથમ પંક્તિના હક્કોમાં નીચેના ગણાય છેઃ—

(અ) વાણી વિચાર અને લેખન, તેમ જ આચાર અને વ્યવહાર, માટે સ્વતંત્રતા. આ હક્ક સામાન્યતઃ સર્વમાન્ય લેખાય છે. પરંતુ તેનો એવી રીતે અમલ કરાય, ઉપયોગ થાય, કે જેથી બીજી તે જ પ્રદેશની–અથવા અન્ય પ્રદેશની–સમાન હક્ક ધરાવતી વ્યક્તિ દુભાય; અને તેને લીધે શાંતિભંગ થવા સંભવ રહે, તે ન પરવડે. માટે કાયદેસર સૌ પ્રજાજનના આ વિષયમાં સમાન હક્કનું એકી સમયે પાલન કરવા માટે અમુક જાતના પ્રતિબંધ મૂકવા પડશે.

(આ) મજકૂર હક્કના પેટારૂપ–તેને સાથે અતલગનો સંબંધ ધરાવતા–ધાર્મિક વિચાર અને ક્રિયા માટે, તેટલી જ છૂટ હોવી જોઇએ. રાજકારભાર તો સદંતર ઐહિક નજરે જ કરવો જોઈએ; તેમાં ધાર્મિક તત્ત્વને રજમાત્ર સ્થાન ન રહેવા દેવું જોઈએ. પરંતુ, રાજ્યસત્તાથી અલગ, બેનિસ્બત, વ્યકિતગત હક્ક તરીકે આ પ્રકારનું સ્વાતંત્ર્ય પણ માન્ય ગણવું જોઇશે. ધાર્મિક વિચાર અને આચાર સંબંધી આઝાદીનો અર્થ ધર્માંધતા કે ઝનૂનીપણું કેળવવાનો નથી. એટલે બીજી સમાન હક્કધારી વ્યકિતના ભિન્ન ધર્મ પ્રતિ તેવા જ હક્કનો લેશમાત્ર પણ અનાદર કર્યા વિના, આ હક્ક ભોગવવા દેવાની જામીનગીરી મળવી જોઈએ.

(ઇ) પ્રજાના કોઇ પણ કામગાર વર્ગના સમૂહને, પોતાના ધર્મ અર્થની કામ સિદ્ધિ કરવા માટે, પરસ્પર સંગઠન કરે, મંડળો રચે, તો તેની પણ છૂટ હોવી જોઇએ. **ભાવી સમાજરચનામાંથી આર્થિકવર્ગિત્વ જેમ બને તેમ સત્વર બહિષ્કૃત થાય એવી વ્યવસ્થા સંગીનપણે થવાની** એટલે પ્રજામાં અમુક વર્ગ પોતપોતામાં સંગઠ્ઠન કરી બીજા વર્ગનો વિરોધ કરે, તેનો સંભવ બહુત્વે નથી. છતાં ઘણીએ કાર્ય—સિદ્ધિ માંહોમાંહ્ય સંમત થઇ લોક અમુક સંખ્યામાં સંગઠ્ઠન કરે તો સુગમતાએ પાર પડે, માટે આ હક્ક પણ સર્વસામાન્ય મંજૂર થવો જોઈએ.

(ઈ) આ ત્રિવિધ હક્ક મૂલતઃ એક જાતના, વ્યકિતગત સ્વભાવના છે. એ તો અદ્યાપિ ઉદાર અને પ્રગતિમાન દરેક રાજતંત્રમાં સર્વમાન્ય ગણાઇ ચૂકયા છે. અને તેના પાલનમાં સીધી નહિ તો આડકતરી રીતે કંઈ પણ વિઘ્ન આવે, આડખીલી થાય, અવરોધ કરાય, તો તે ઉદાર બુદ્ધિના રાજશાસનને વિરુદ્ધ લેખાય છે. પણ દરેક વ્યક્તિને ભૂખ કે તંગીમાંથી સર્વથા મુકિત અપાવવાનો ઇરાદો—જે આટલાંટિક પટ્ટામાં આવિર્ભૂત છે—હજુ એટલા જ ખુલાસા સહિત સર્વત્ર માન્ય નથી. પ્રજામાંની કોઈ પણ વ્યકિત કેવળ ભૂખમરાથી, કે બેકારીથી બેજાન થાય, અવ્યકત રહે, તે કોઈ પણ ઉદાર બુદ્ધિના રાજ્યશાસનને લજ્જાસ્પદ છે. કામગીરી સર્વને યથાશકિત સરખે હિસ્સે મળવી જોઇએ, અને મળશે, એવી જવાબદારી પ્રત્યેક દેશની સરકારે સરોચસ્મ કરવી જોઈશે. કામ શોધતી પ્રત્યેક વ્યકિતની શારીરિક શકિત યોગ્ય, તેની કેળવણીના પ્રમાણમાં, તેની બુદ્ધિને લાયક, કામ યથોચિત સૌને આપવા માટે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ કહ્યું તેમ, યોજના ઘડવી પડશે. અને તદનુસાર **પ્રત્યેક પ્રજાજનને પોતાની બુદ્ધિ અને શક્તિને યોગ્ય કામ કરવાની ફરજ પણ પાડવામાં આવશે.** પણ એ શરતે વ્યક્તિ તમામને ભૂખ, તંગી, બેકારી, કે એને લીધે ઉદ્‌ભવતી વિટંબનામાંથી મુક્તિ મેળવવાનો જન્મસિદ્ધ હક્ક રહેશે.

(ઉ) એ જ તત્ત્વાનુસાર પ્રત્યેક પ્રજાજનને મનુષ્યબુદ્ધિ અને વિજ્ઞાન અટકાવી શકે—અથવા જેનો ઈલાજ કરી શકે–તેવી સર્વ આપત્તિ સામે પણ સલામતી જાળવવા બંદોબસ્ત કરવો પડશે. એટલે કે માંદગી, વૃદ્ધાવસ્થા, આકસ્મિક આઘાત, શારીરિક મુસિબત કે ન્યૂનતા સામે પ્રતીકાર બને તેટલા ઉદાર અને વિશાળ પ્રમાણમાં મેળવવાનો પણ જનતા તમામને હક્ક છે. આ વસ્તુ પણ હજુ યુનાઈટેડ સ્ટેટ્સ જેવા આગળ વધેલા, સંપત્તિશાલી મુલ્કમાં સર્વથા માન્ય નથી. એટલે જનતાના સામાન્ય, જન્મસિદ્ધ હક્કમાં તેની ગણત્રી કરાવવી કદાચ મુશ્કેલ થાય. છતાં તે વિના સુરક્ષિત અને પ્રગતિમય **જનસમાજ** સંભવતો નથી.

(એ) **गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः** એ સૂત્રને નૂતન જીવન આપવું પડશે. એટલે કે શહેરીજનના સામાન્ય હક્ક પરત્વે ગોત્ર, લિંગ, કે વયનો ભેદભાવ રાખ્યા વિના, સૌને સમાનદૃષ્ટિએ ગણવામાં આવશે. વર્તમાન સમાજરચનામાં આ પૈકી કોઈ પણ કારણે કશી પણ અસમાનતા હોય, તો શરીરસંપત્તિ, બુદ્ધિશક્તિમાં ફેર છે અને રહેશે, એટલે એ અંગે કામ કરવાની શક્તિમાં પણ તફાવત રહેવાનો ઘણો સંભવ છે;–સર્વસમાનભાવનું ઉપર્યુક્ત તત્ત્વ માન્ય રાખ્યા પછી પણ એ વસ્તુસ્થિતિની ના પાડી શકાય નહિ. પણ સમાનતાના મૂળ સિદ્ધાંત કાયમી રાખી, શક્તિ વા બુદ્ધિના ભિન્નભિન્ન પ્રમાણસર કાર્યભિન્નતા જણ જણ વચ્ચે હોય તેને એવી પેઠે નભાવવા કે જેથી એ ભિન્નતાને પરિણામે નવું વર્ગીકરણ ઊભું ન થવા પામે; વ્યક્તિ—વ્યક્તિ વચ્ચે શોષક્રિયા કોઈ રીતે સંભવે નહિ. વર્તમાન સમાજઘટનામાં આવી ભિન્નતાથી આમદાનીમાં ઘણા જ મોટા પ્રમાણના તફાવત રહે છે; અને તેથી વર્ગ–વર્ગ વચ્ચે, વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે, આક્રમણ અને શોષણક્રિયા ઉદ્‌ભવે છે. ગોત્ર, લિંગ, વય કે બીજા એવા જ કોઈ કારણે જે વર્ગો બંધાય છે, જાતિભેદ જન્મ પામે છે, તેથી આર્થિક ગૌરવ કે ન્યૂનતા પ્રકટે છે, અસમાનતા જામે છે, અને પરસ્પર વર્ગ— વિગ્રહ(class war)નો સંભવ રહે છે. ખરી રીતે તો એ **આર્થિક અસમાનતા મટાડો, એટલે પછી કોઈ અસમાનતા રહી તોપણ તે એટલા પ્રમાણમાં હાનિકર્તા નહિ થાય.**

આ રીતે પ્રત્યેક પ્રજાજનના, તેમ જ જનતા તમામના, કેટલાક પ્રાથમિક હક્કો સ્વીકારવા પડશે, અને તેનું યથોચિત પાલન કરવાની સંગીન જામીનગીરી આપવી પડશે, તે જ રીતે પ્રજાજનને પણ અમુક ફરજ બજાવવાની જુમ્મેદારી લેવી પડશે. પ્રજાજનની, જનતાસમૂહની, ફરજોમાં

હક્ક સાથે ફરજ પણ મુકરર થવી જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્ય નીચે પ્રમાણે:—

(ક) અન્ય સૌ સમાન હક્કદાર શહેરીજન પ્રતિ ભ્રાતૃભાવ, સહિષ્ણુતા ગ્રહણ કરવી પડશે. માનવસમાજનાં સંગઠન અને પ્રગતિ સામે મોટામાં મોટો શત્રુ તેમાં જ સમાવિષ્ટ અસહિષ્ણુતા છે. આપણે જે માનીએ તે જ સાચું, આપણે જે કરીએ તે જ સારું, એ માન્યતા અવ્યક્ત પણ સર્વવ્યાપક છે. અને તેને પેટે બીજાના આચાર, વિચાર, રહેણીકરણી પ્રતિ અભાવ અને અસહિષ્ણુતા ઉદ્‌ભવે છે. આ અદેખી નહિ તો અસહિષ્ણુ બુદ્ધિ મૂળ પેદા કરવામાં ધર્મ-ઝનૂનનો મોટો ભાગ છે. જાતિઅભિમાનનું પણ તેમાં સારું સ્થાન છે. તે સર્વથા દૂર કરવા અતિ દુષ્કર છે; કારણ બાલકાળથી જ આ બુદ્ધિ આજની સમાજ-રચના અને કેળવણી પદ્ધતિ અણદીઠી પણ આપણી રગેરગમાં ભરતાં જાય છે. જેમ સમાજ—શાસન આખું મૂળથી પુનર્ઘટિત કરવાની અગત્ય છે, તેટલીજ આધુનિક **હરેક સમાજમાં પ્રચલિત કેળવણીપ્રથા, કેળવણી—આદર્શ, પણ ફેરવવાની અગત્ય** છે. એ માર્ગે પ્રયાસ કરવો ભાવી વિશ્વરચનાનું સર્વોત્કૃષ્ટ કર્તવ્યમાંનું પ્રધાન કાર્ય છે.

(ખ) જેટલે દરજ્જે સામાજિક સમાનતા પ્રકટાવવા માટે આપણી બુદ્ધિમાં ઘર કરી બેઠેલી અસહિષ્ણુતા નષ્ટ કરવાની જરૂર છે, તેટલે જ દરજ્જે **આર્થિક સમાનતા આણવા માટે અમુક વર્ગમાં તેને જન્મસિદ્ધ આળસુ, બેકાર રહેવાનો માની લીધેલ હક્ક ઉખેડી નાંખવાની આવશ્યકતા** છે. એને માટે જ ભાવી સમાજઘટનામાં એક સર્વવ્યાપક અમોઘ ફરજ દાખલ કરવી પડશે, કે જેથી શહેરીજન માત્રને, યથાશક્તિ, યથાબુદ્ધિ, યથોચિત કંઈને કંઇ કામ કરવું જ પડે. નવરા—આળસુ, કોઇથી નિષ્કારણ બેસી રહેવાય નહિ, અને બીજાને બોજારૂપ થવાય નહિ, અશક્તિના કારણે કે અવ-સ્થાને લીધે, માંદગીને લઈને કે બીજા એવા કોઈ સમાજમાન્ય સબબે, કોઈ વ્યક્તિ અમુક સમય માટે બેકાર રહી શકે, પણ જિંદગીભર આળસુ રહેવાનો જન્મસિદ્ધ હક્ક ગણી, આજે જેમ મૂડીદાર, માલદાર લોક નવરા બેશી રહે છે, અને બોજારૂપ વર્તે છે તે સંભવવા જ ન દેવું જોઈએ.

(ગ) સર્વત્ર કામગાર થવાની ફરજ પાડો; સર્વને સહિષ્ણુતા સેવવા શીખવો; એટલે શાંતિમય પ્રગતિમાન સમાજને બીજી કોઈ મોટી આડખીલી નહિ રહે. અને તેને સિદ્ધ કરવાની બીજી સૌ, તેમને લગતા વ્યક્તિ–ગત ધર્મ, સૌ કોઈ આપમેળે જ બજાવતા થશે. સમાજે માન્ય કરેલા આદર્શને સિદ્ધ કરવા પર-સ્પર સતત, સક્રિય, સહકાર કરવાની ફરજ દેખીતી છે. છતાં તેના પર ખાસ ભાર મેલવાની જરૂર નથી. એકવાર આપણે સમાજની મૂળ રચના બદલાવી નાંખીએ, એટલે હરીફાઈને બદલે સહકાર આપોઆપ જાગી ઊઠશે, જામી જશે. અલબત્ત, મોજુદા ઝમાનામાં એ વસ્તુ નથી; એટલે તેટલા પૂરતો નવી સમાજરચનામાં એની આવશ્યકતા પર ભાર મેલવામાં હરકત નથી.

(ઘ) આચારવિચારમાં, રહેણીકરણીમાં, દરેક પ્રજાજનને, પ્રજાની સ્થાનિક સરકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્ય કરેલા આદર્શ માટે, તેણે મુકરર કરેલા પ્રમાણાનુસાર, બાહ્યવર્તન અને ક્રિયા કરવાં પડશે. પ્રત્યેક સ્થાનિક સરકારનો આ ધર્મ છે કે પોતાના મુલ્કની ખિલવણી અને પ્રગતિ સાધવા માટે, અગાઉથી ઘડેલી યોજનાસર, જનતાના સર્વ પ્રયત્નોનું એકીકરણ કરી, આખી ઘટનાના અંગભૂત બનાવી દેવા. અને તે દ્વારા સર્વોત્તમ સિદ્ધિ મેળવવી. પ્રજાજનની, જનતા તમામની, ફરજ છે કે તદનુસાર વર્તન કરી, યથાયોગ્ય આત્મસંયમ કરી, સામુદાયિક માન્ય આદર્શ સિદ્ધ કરવામાં સાથ પૂરવો.

પ્રજાના વ્યક્તિગત હક્ક અને ફરજની આ ગણત્રીએ જનતાના સામુદાયિક હકક પણ તેવી જ રીતે નિશ્ચિત કરી શકાય. અહીં **ફર્જ અને હક્ક વચ્ચે તફાવત હમેશ કાયમ રાખવો આસાન નથી.** પ્રત્યેક પ્રજાની સાધનખિલવણી અને તે માટે તેની સ્થાનિક ઘટના—યોજનાને એક નઝરે ફર્જ, અને બીજી નજરે હકક પણ લેખાય. ગમે તે રીતે જુઓ પણ એ વિના પ્રગતિમય પુનર્ઘટના સંભવતી જ નથી.

સ્થાનિક તેમ જ મધ્ય-સ્થ સત્તાની જુમ્મેદારી

હકક અને ફરજની આ મીમાંસા દેખીતી જ ઉપલકની છે. ઊંડા ઊતરવાને અહીં અવકાશ નથી. પણ આટલી આછીઆછી રેખાંકણીથી પણ જણાશે કે આવી મૌલિક વસ્તુ સર્વમાન્ય, અને સર્વસામાન્ય બનાવવી હોય, તેનાં મૂળ ઊંડાં રોપવાં હોય, તેનાં ફળ કાયમી કરવાં હોય, તો આવશ્યક છે કે તેને વિચારપૂર્વક, સ્પષ્ટ અને નિશ્ચિતપણે જાહેર કરી, સર્વત્ર મંજૂર કરાવી, સર્વોપરિ શક્તિની જુમ્મેદારી સાથ પ્રવર્તાવવાની અગત્ય છે. પ્રજાનો આ હકકપટ્ટો અને ફર્જ પરિમાણ છે. રાજસત્તાનું તે પ્રજાને આશ્વાસન છે. સ્થાનિક રાજ્યતંત્રની યોગ્ય સત્તાની લેશમાત્ર પણ અવજ્ઞા કર્યા વિના, તે સત્તા પોતે, તેમ જ જરૂર જણાય ત્યાં મધ્યસ્થ સત્તા, આટલી જુમ્મેદારી પૂરતી સ્વીકારે. સ્થાનિક સત્તાને તેનો રોજીંદો અમલ કરવાનો હોવાથી તેની મંજૂરી તેમ જ જુમ્મેદારી આવા હકક પરત્વે અનિવાર્ય છે. જય ાંજ્યાં પ્રજામાં લઘુમતીવાળો વિભાગ એકદમ આશંકા, અવિશ્વાસનો ત્યાગ ન કરી શકે, અને તેથી સ્થાનિક ઐકય, સંગઠન, સંગીનતા, કે સહકારમાં ન્યૂનતા સંભવિત હોય, ત્યાંત્યાં આટલા હકક અને ફર્જ પૂરતી સર્વોપરિ, સર્વમાન્ય, સર્વશક્તિશાળી મધ્યસ્થ સત્તા પણ તેને પાલન કરવાની જુમ્મેદારી કબૂલ રાખશે.

વળી, ઉપર જણાવેલ એકથી વધારે પ્રાથમિક હકકને મૂર્તસ્વરૂપ બનાવવા માટે, સ્થાનિક સાધન સામગ્રીને ઉત્કૃષ્ટ દરજ્જે ખિલવવાં જોઇએ. એટલે તેનો વહીવટ તો નક્ષ્ટકે સ્થાનિક સત્તાને જ સપુરદ હોવો જોઈએ. આ ખિલવણી વિના, આગળ જોયું તેમ, તંગી કે ભય, અસ્થિરતા અને અસંતોષથી પ્રજાજનને બચાવવાનો બીજો માર્ગ નથી. આર્થિક સમાનતા મૂર્તિમાન કરવાનો પણ એ જ માર્ગ. એટલે અમુક જરૂર જણાતા દરજ્જાની સત્તા અને શકિત સ્થાનિક સરકારને હોવી જ જોઈએ, કે જેથી તે પોતાના જ દેશના સાધનશકિત વડે પ્રજાજનને ખાતરી આપેલ પ્રમાણસર જીવનનિર્વાહ સાંપડે. માત્ર જે અનિવાર્ય બાકાત રહે તે જ અન્ય દેશથી આયાત કરે; અને તેમાં મધ્યસ્થ પૃથ્વી—સરકારનો સહકાર માગે અને મેળવે. અને તેથી ઊલટું, જો કોઈ પ્રજામાં સ્થાનિક ખપ કરતાં ત્યાંની પેદાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે હોય, તો તે જ્યાં ખપ વધારે હોય ત્યાં નિકાસ કરવા માટે એજ દુનિયાભરની મધ્યસ્થ સરકારની સહાય સાધે.

પુનર્ઘટનાના આ મૂળ સિદ્ધાંતને અમલમાં મૂકવા માટે એક ખાસ વિચારણીય મુદ્દો છે, તેનો પણ અહીં સાથે સાથે ખ્યાલ કરી લઈએ. હમણાં જ કહ્યું તેમ જે કોઈ પણ

અછેદ્ય લઘુમતિના વિશ્વાસ સાધન માટે ખાસ પ્રયત્ન

પ્રજામાં અનિવાર્ય લઘુમતી એવા પ્રકારની હોય, કે તે ભવિષ્યમાં તુર્ત ટળી જવાનો સંભવ રહે નહિ—હિન્દમાં જેમ મુસલમાન કોમ માન્યતા ધરાવવા લાગી છે કે તેને આ દેશમાં કાયમી વસવાટ કરવો પડે છે, એટલે તેને માટે પ્રાથમિક હક્ક કે ફર્જની—સંગીન જામીનગીરી મળવી જોઇએ; **તેવા વિષયમાં મધ્યસ્થ સરકારની સ્થાનિક સત્તાના કાર્યક્ષેત્રમાં દખલગીરી વારંવાર થવાની દહેશત રહે** છે. અને કદાચ તે દખલગીરીથી મુલ્કનું ઐક્ય પણ વિઘ્નગરકાવ થાય. આ ભય છે, પણ તે અટકાવવાનો એક જ ઇલાજ લાગે છે. આવી અમોઘ લઘુમતીનું તત્ત્વ જેમ બને તેમ દરેક દેશમાં—પ્રજામાં—કમમાં કમ અંશે રહેવા દેવું. બાકી તો બહુમતિવાળી કોમે એવું વર્તન આદરવું, એવો પોતાનો ધર્મ માનવો, કે જેથી લઘુમતિ કોમનો અવિશ્વાસ, આશંકા, વૈમનસ્ય રફતેરફતે દૂર થાય.

પ્રાથમિક હક્ક અને ફર્જની આ ઉપલેકની મીમાંસા પછી મૂળ વિષયની વિચારશ્રેણી ફરી હાથ ધરીએ. પુનર્ઘટના માટે દુનિયાભર માટે સર્વમાન્ય, સર્વોપરિ, સર્વશક્તિશાળી મધ્યસ્થ સરકાર, આદર્શ આલેખન માટે, ધોરણ નિર્માણાર્થે, સર્વત્ર શાંતિ સ્થાપવા અને નિભાવવા માટે આવશ્યક ગણી, તેની સ્થાપના મુખ્ય કર્તવ્ય તરીકે સૂચવી છે. સાથે મુલ્કેમુલ્કની આઝાદ, યથોચિત શક્તિશાલી, સ્થાનિક સરકાર પણ આવશ્યક ગણી છે. ઉભયની કર્તવ્યમર્યાદા પણ રેખાંકિત કરી છે. અને તે બંનેનો પ્રજાજનપ્રતિ વ્યક્તિગત તેમ જ સામુદાયિક સંબંધ અને વ્યવહારની પણ આછીઆછી છબી ચીતરી છે.

આ સૌ બાહ્ય રૂપાંતર—નવી ઘટના છે. હવે એ ઘટનાના અંગભૂત ચાલુ વહીવટની વસ્તુનો વિચાર કરીએ.

પુનર્ઘટનાના મૂળ પાયા રૂપ, વ્યક્તિગત સ્વાર્થ બુદ્ધિ પર કાપ મૂકાયા પછી, પોતાનો જ નફો શોધવાની આજે સર્વવ્યાપક વિધિનું મૌલિક રૂપાંતર કર્યા પછી, બીજો મોટો ફેરફાર એ કરવો પડશે, કે જેથી સ્વાર્થમાપ, નફાનું પરિમાણ કેવળ મૂલ્ય માપણીનું રૂપાંતર દ્રવ્ય દ્રષ્ટિએ જ ન થાય. માલ તેમજ મહેનતનું મૂલ્ય આજે તો એક જ પૈસામાં મપાય છે. પણ તે માપણી અનર્થકારી છે; એટલે પૈસાનું પ્રાધાન્ય પણ તોડવું જોઈશે. મૂલ્ય માપણી દરેક ચીજના અંતર્ગત ગુણવડે જ થવી જોઈએ, નહિ કે બજારમાં તેની ક્ષણિક ન્યૂનાધિકતાને પરિણામે. અને જે તત્ત્વ નિર્જીવ પદાર્થની કિમ્મત આંકણીમાં લાગુ પડાય, તે જ તત્ત્વ તેથી પણ બહેતર દરજ્જે માણસની મહેનત અને તેના પરસ્પર સંબંધ માપણીમાં લાગુ પાડવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૈસાનું પ્રાધાન્ય

માલ અને મહેનત આજે સર્વત્ર પૈસાદ્વારા મપાય છે, તેથી પૈસાનું પ્રાધાન્ય અતીવ વિસ્તીર્ણ અને ગાઢ બન્યું છે. આરંભકાળે, પૈસો માત્ર વ્યાપાર—વ્યવહારનું એક સાધન—ઓજાર—હતો. આજે તે સૌ આર્થિક ક્રિયા કે રચનાનો અધિષ્ઠાતા દેવરૂપ બન્યો છે. આથી દરેક જાતના આર્થિક સંબંધ, વ્યવહાર, વેપાર, વિપરીત અને અનિષ્ટ ફલદાયી થઈ પડે છે. મનુષ્યના પરસ્પર સૂક્ષ્મ સંબંધ, સેવા ભાવ પણ એ જ કારણે સ્થૂલરૂપધારી થાય છે. આ વિપરીતતા ટાળવી હોય તો એક જ માર્ગ છે. **પૈસાનું શાસન અને સામ્રાજ્ય સમૂળું—સદાને માટે પાડવું, તેનું મૂળ રૂપ—વ્યવહારનું ક્ષણિક સાધન—પુનઃ ખુલ્લું પાડી બતાવવું.**

નષ્ટ કરવાનો ઇલાજ

પૈસાનું રૂપાંતર કરી મૂલ્ય માપ વિધિની સર્વથા પુનર્ઘટના કરવી કોઈપણ એક જ પ્રજાનું એકલું કર્તવ્ય નથી. એક પ્રજા તે થોડા સમય માટે, તાત્કાલિક ઉપાય તરીકે, અજમાવી શકે. અદ્યાપિ એવા અનેક અખતરા થઈ પણ ચૂક્યા છે. પણ તે સ્થાનિક અખતરા સર્વથા ફળીભૂત અને સંતોષકારક થયા હોય એમ માની શકાતું નથી. એનું મુખ્ય કારણ તો એ કે તે તે અખતરા તે તે પ્રજાના ક્ષણિક, સ્થાનિક ઉપયોગના હતા, સર્વમાન્ય મૌલિક રૂપાંતર તરીકે નહોતા. જો આ વસ્તુનું કાયમી રૂપાંતર કરવું હોય, તો સૌ પ્રજાએ એકત્ર થઈ, એકમત કરી સામટી, સર્વમાન્ય, સર્વાંગે નવી યોજના ઘડવી પડશે.

ભવિષ્યના આ ભવ્ય રૂપાંતરનું રેખાચિત્ર આપવું પણ અહિ સ્થાનસંકોચને લીધે અશક્ય છે. પરંતુ પુનરુક્તિને ભોગે પણ એટલું ઉમેરવું જોઈએ કે આર્થિક વિધાનમાં, આત્મલાભ અને નફાવૃત્તિના મૂળ પાયા પર કુહાડી હોય, તો પૈસાનું આધુનિક સામ્રાજ્ય સમૂળું તોડી નાંખવું જોઇશે. અંગત નફાવૃત્તિ ત્યાં લગી જરૂરી છે કે જ્યાંલગી સમાજ પોતે, સમન્વયીપણે, પ્રત્યેક વ્યક્તિને સુવ્યવસ્થિત, સુરક્ષિત, ધોરણસર, જીવન નિર્વાહની ખાતરી ન આપે, અને બંદોબસ્ત ન કરે. કારણ આવી ઘટના જ્યાંલગી નહિ હોય, ત્યાં લગી વ્યક્તિગત વિકાસ અને આત્મસિદ્ધિને સર્વાંશે સંપ્રાપ્ત થવાનો અવકાશ નહિ મળે; અને તેથી દરેક પ્રજાજન પોતાનો જ આર્થિકસ્વાર્થ—પૈસામાં માપી શકાય તેવો નફો—સાધવા તત્પર રહેશે.

સમાજ રચનાનું પરિવર્તન

ભાવિ વિશ્વરચનાની પુનર્ઘટનામાં આપણે આવી સામુદાયિક બાંહ્યધરીને પ્રધાન સ્થાન આપ્યું છે, એટલે એ વિષે વધારે ચર્ચા અસ્થાને છે. માનવસમાજનું આજનું જંગલ-સ્વરૂપ બદલાવી તેમાંથી પરસ્પર ભક્ષણ બુદ્ધિ—નષ્ટ કરી, તેને સ્થળે પરસ્પર સહકારી, સહયોગી, સામુદાયિક પ્રયાસને નવી ઘટનામાં પ્રધાનપદ આપ્યું છે, એટલે મૌલિક પરિવર્તન સંભવે છે. પ્રત્યેકની જરૂરિયાત સર્વસાથીની સામુદાયિક મહેનતથી પૂરી પાડવી; અને સર્વના હિતમાં આત્મહિત આપોઆપ સમાઇ જાય એમ માનતા થવું, એ ભાવિપરિવર્તનનો મુખ્ય મુદ્દો છે. એ પુનર્ઘટના થાય પછી વ્યકિતગત ન્યૂનાધિકતાને સ્થાન નહિ રહે. અને કોઇ પણ વ્યક્તિને, કેવળ પોતાના જ લાભખાતર, પોતાની જ સલામતી માટે, પોતાને જ આશ્વાસનરૂપ, પોતાને જરૂર ઉપરાંત દ્રવ્યસંચય કરવાને કારણ નહિ રહે, ઇચ્છા નહિ રહે, અવકાશ નહિ રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે પૃથ્વીભરના દેશો માટે પુનર્ઘટનામાં અમુક મૂળ આદર્શનો ખાસ ખ્યાલ રાખવો જોઈશે. એક નહિ પણ સર્વ દેશમાં સમાજ રચના એ વિધિસર ઘડાવી જોઈએ કે જેથી સામાજિક પ્રગતિક્રમ પરિપૂર્ણ થાય. અને પરસ્પર ઈર્ષ્યા, લોભ, અદેખાઈ, અને હરિફાઈને બદલે સહકારી બુદ્ધિ પર મંડાણુ રહે. દુનિયાના આજલગીના ઇતિહાસ પર એક દૃષ્ટિપાત કરીએ તો સર્વત્ર ઉન્નતિક્રમનો પ્રવાહ એકજ પ્રણાલિકાએ વ્હેતો જણાય છે. એટલે કે માનવજાત પશુસ્થિતિમાંથી મુક્ત થઈ ત્યારે પરસ્પર ભયભીત નઝરે જ જોતા. તે વેળા તેથી પરસ્પર વ્યવહાર કે સહકાર તો નહિ જેવો. માનવી જ્યારે ક્રમે કરી પોતાની શક્તિમર્યાદા વાસ્તવિકપણે સમઝવા લાગ્યો; અને અલ્પ આત્મશક્તિને સબળ કરવા સહકાર—યૂથબળ—ની કીમત સમઝતો થયો, ત્યારે પહેલાં કૌટંબિક, પછી ગોત્રીય ત્યારબાદ સ્થાનિક, અને છેવટે દેશકીય નઝરે ઐક્ય—સહકાર—સાધવા લાગ્યો. શરૂઆતમાં આવા મનુષ્યવૃન્દની પરસ્પર સંબંધગાંઠ સંકુચિત હતી; એટલે એ સહકાર પણ મર્યાદિત હતો. વળી તે વેળા વ્યવહારના સાધનોની અછત, અથવા અપરિપક્વ; એટલે ઇચ્છા હોય તો પણ સાધનના અભાવે, વધારે વિસ્તીર્ણક્ષેત્રમાં સહયોગ સંભવતો નહિ.

સામાજિક ઉન્નતિક્રમની રૂપરેખા

છતાં દિનપ્રતિદિન સહકાર તો વધતો જ ગયો—ઇચ્છિત કે અનિચ્છિત. આદમજાતની હાઝતો વધતી ગઈ તેમ તેમ તેને પૂરી પાડવાના સાધન સામગ્રી પણ વધવા લાગ્યાં. તેનો યથેચ્છ, ઉત્કૃષ્ટ ઉપયોગ કરવા માટે સહકાર અનિવાર્ય થતો ગયો. મૂડી, માલ, મજૂરી સૌ અર્થપ્રાપ્તિ તેમ જ યુદ્ધ કાર્ય માટે સહયોગી બન્યાં. પણ એ યુગમાં પણ સહકારતત્ત્વ મર્યાદિત પ્રમાણમાં હતું, ઉત્કૃષ્ટ દરજ્જે તે દેશભર પૂરતું હતું. બાકી દેશ—દેશ વચ્ચે, આસપાસનાં બીજા એ જ તત્ત્વાનુસાર રચાયલાં વૃન્દો સાથે તો હરિફાઈ, પાશવ ભક્ષણબુદ્ધિ ચાલુ જ હતી. અજ્ઞાત, વા અપરિચિતનો કંઈક ભય પણ ખરો; અને દૂરના પરકીય, એટલે આત્મ પોષણ માટે પરતું ભક્ષણ વર્જ્ય ગણાતું નહિ. આવા લોભ કે ઈર્ષ્યાને લીધે દેશ—દેશ વચ્ચેની આવી હરિફાઈ વારંવાર હિંસક સ્વરૂપ લેતી હતી. અને એ ઝમાનામાં તેથી આંતરરાષ્ટ્રિય વિગ્રહ વધતા ગયા; અને સાથે સાથે જ દરેક મુલકમાં અંતર્ગત ઐક્ય, સહકાર, અને સંગઠ્ન પણ વધતાં ગયાં.

આ લડાઈ પહેલાં પણ રાષ્ટ્ર—રાષ્ટ્ર વચ્ચે ભેદભાવ, હરિફાઈ, અને લડાયક દૃષ્ટિ બદલાતાં જણાતાં હતા. અનેક કારણે આંતરરાષ્ટ્રીય સહકાર સાધવો પડતો હતો. વિજ્ઞાનની પ્રગતિથી, અને નવાં સંચા—સાધનની શોધથી, દુનિયાભરની એક સાંકળ દિનપ્રતિદિન વધારે સજ્જડ બનતી હતી. ટપાલ વ્યવહાર, કોપીરાઇટ કાયદા ઈત્યાદિ આ જાતની અનિવાર્ય આંતરરાષ્ટ્રીય એકતાના પ્રયોગોનાં ઉદાહરણ આગળ આપી ચૂકયા છીએ, એટલે પુનરુક્તિ કરવાની જરૂર નથી. વ્યક્તિગત વેપાર અને ઉદ્યોગમાં પણ આંતરરાષ્ટ્રીય સમજુતી, પેદાશ તેમ જ બજાર નિયામક કોલકરાર, વધતા પ્રમાણમાં થતા હતા, અને તેથી આંતરરાષ્ટ્રીય મૂડીદારવર્ગ દુનિયાભરના કામગારવર્ગ પર—માલ ખાનાર પ્રજા-

આંતરરાષ્ટ્રી સહકારનો યુગ

માનવજાતની પશુસ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર—પોતાની જંજીર દૃઢ કરતો ગયો. આવા વ્યક્તિગત આંતરરાષ્ટ્રીય કરારનામા પોલાદના અને રસાયણી ઉદ્યોગમાં, વ્હાણવટા અને નાણાવટા જેવા વ્યવહાર કે વ્યાપારના સાધનોમાં; લાલ સ્વસ્તિક જેવી જનતોપયોગી સેવા વ્યવસ્થામાં, વ્યક્ત હતાં. સાથે પ્રત્યેક દેશમાં, પ્રતિદિન વધારે અને વધારે વિસ્તીર્ણ ક્ષેત્રમાં, ઉદ્યોગ અને વ્યાપાર વ્યવસ્થામાં પણ આ સહયોગી તત્ત્વ (વ્યક્તિગત નફાની નઝરે) જામતું હતું. અને તેથી વર્ગ-વર્ગ વચ્ચે, ઉદ્યોગ—ઉદ્યોગ વચ્ચે, અને દેશ—દેશ વચ્ચે પણ, જ્યાં હરિફાઈ નુકસાનકારક લાગે, ત્યાં તેને ઉત્તરોત્તર વધારે સખ્ત બનાવવા માટે, અથવા જ્યાં જ્યાં તે અટકાવી શકાય, ત્યાં ત્યાં તે અટકાવવા માટે, સહયોગી ઐક્ય સંધાતું.

કાલાનુક્રમે, અને ખુદ હરિફાઈના પોતાના જ પ્રભાવે, આવી રીતે હરિફાઇતત્ત્વ મંદ થવા છતાં, વ્યક્તિગત લોભવૃત્તિ, સ્વાર્થબુદ્ધિ, પરિગ્રહસંચયવાસના નષ્ટ થવા પામી ન્હોતી. રાષ્ટ્રની જરૂરિયાતને કારણ જર્મની, ઈટલી આદિ દેશોમાં

સહકારની જરૂર અને હૃદય

વ્યક્તિગત લોભવૃત્તિ કેટલેક અંશે મર્યાદિત થઈ હતી. રશિયા જેવા મુલ્કમાં તે સામાજીક જીવન અને કાર્યનું ધ્યેય બદલાવવાથી તે લગભગ નષ્ટ થઇ હતી. ખુદ ઇંગ્લાંડ અને અમેરિકામાં પણ એ વૃત્તિ પર અંકુશ મૂકયા હતા. પણ પ્રજા—પ્રજા વચ્ચેની લોભવૃત્તિ, અને તેને અંગે ઉદ્ભવતી અતિ તીવ્ર હરિફાઈ તો કાયમ જ હતી. એટલે એ યુગને અંતે એક ભીષણ યુદ્ધ થવા લાગ્યું. યુદ્ધનાં કારણો અનેક હશે; પણ સર્વત્ર આર્થિક છત—અછત એક મોટું મૂળ કારણ હતું.

એ યુદ્ધનો અંત આવ્યો ત્યારે તેનાં મૂળ કારણો પર કાયમી કુહાડો મરાયો ન્હોતો; અને આજે ચાલતું ભયંકર, પૃથ્વીભરનું યુદ્ધ એ જ રાષ્ટ્રીય લોભવૃત્તિ—સામ્રાષ્ટ્રીય શોષણ બુદ્ધિનું પરિણામ છે. દુનિયામાં હજુ એક જ સાર્વભૌમ આણ નથી

આંતરિક સહકાર અને આંતરરાષ્ટ્રીય હરિફાઈનું આખર યુદ્ધ

વર્તતી. પરસ્પર વિરોધી, સમ્રાષ્ટ્રીય ભાવનાવાળા, શોષણશક્તિશાળી, અનેક એવાં રાજ્યો છે કે જે બીજી પ્રજાના મુલ્કને વશ કરી, તેનાં સાધનસંપત્તિને અપનાવી દેવા તલસે છે. જે જે સામ્રાજ્ય છત્ર નીચે અન્ય અનેક પ્રજાનાં મુલ્ક છે, અને તેનાં દ્રવ્ય સાધન તેને આધીન છે, તેની સામે બીજા તેવી જ બુદ્ધિવાળા, તેટલી જ બલ્કે વધુ શસ્ત્રશક્તિશાળી, પણ પ્રમાણમાં સંપત્તિએ હીન, સામ્રાજ્યો થયાં છે. ૧૯૩૯ સુધી યુદ્ધ અણિપર આવી અટકી જતું; કારણ ઉભયપક્ષ પાસે યાતો યથાયોગ્ય તૈયારી નહોતી, કે યાતો વ્યાપાર વ્યવહારને લગતા ખાસ કોલકરાર કરી તે અટકાવી દેતા. પણ સાથે આખરી અવસર માટે તૈયારી તો સર્વત્ર ઓછા કે વત્તા પ્રમાણમાં ચાલુ જ હતી. એટલે જ્યારે તે આક્રમણકારી, પરસંપત્તિહરણ માટે તલસતી સામ્રાજ્યસત્તાના સંચાલકને લાગ્યું કે આભ ફાટ્યો છે, અને વ્યાપારી સમજુતીથી કે કોલકરારથી થીગડું નહિ દેવાય, એટલે સમજુતી માટે ચકચારની પુરાતન રાજનીતિવિધિ અણમાન્ય બની, નામંજૂર થઈ; અને યુદ્ધ કરી સૌ દાવપેચનો સીધો (?) અંત આણ્યા વિના બીજો ઈલાજ દેખાતો ન્હોતો.

પણ લડાઈ શરૂ થયા પછી તેનો વિસ્તાર, તેનું ખૂનખાર સ્વરૂપ, અને તેનાં અનેકવિધ ભીષણ પરિણામોનો ખ્યાલ તો બહુ જ આસ્તે આસ્તે આવવા લાગ્યો. આ યુદ્ધથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લડાઇનું પરિણામ પેદાશ સાધનનોઓ

ઉદ્દ્‌ભવતી નુકસાની અને સંભવતી પાયમાલીનો ખરો ચિતાર હજુ પણ સર્વસામાન્ય થયો હોય, એમ લાગતું નથી. અને જે જે પ્રજા લડાઇમાં જાતે સક્રિય સામિલ છે, તે તાત્કાલિક મુશ્કેલીઓનો નિર્ણય કરવામાં એટલી મશગૂલ છે, કે તેને આ યુદ્ધનાં તેના પોતા પર વીતતા સ્વરૂપ અને સંભવતા પરિણામનો ખ્યાલ કરવા પણ અવકાશ નથી. છતાં એટલું તો હવે વિચારશીલ, દૂરઅંદેશ, સ્વાતંત્ર્યપ્રેમી વ્યક્તિઓ સર્વત્ર સમઝવા લાગી છે, કે આ લડાઈથી અનેકવિધ હાનિ થશે; અને તેમાં દુનિયાની પેદાશશક્તિ બહુ મોટે દરજ્જે નુકસાન પામશે.

કમતી થયેલી પેદાશશક્તિ અને સાધનમાંથી લડાઈ પછીની દુનિયામાં વધતા પ્રમાણના ખપને સંતોષવો પડશે. એટલે કે જેટલા પ્રમાણમાં કારખાનાઓ ભાંગી ગયા હશે, સંચાસામગ્રી ડૂબી ગયાં હશે, જમીન દૂષિત થઈ હશે; વ્હાણ અને એવા જ બીજા વિધવિધ જાતના વ્યવહારસાધનો નષ્ટ થયાં હશે; અને ખુદ્દ માનવજાતની મહેનત શક્તિ કમતી થઈ હશે, તેટલા પ્રમાણમાં માણસની સંખ્યા અને તેની જરૂરિયાતમાં ઘટાડો થયો નહિ જ હોય. લડાઈમાં લાખો નહિ પણ કરોડોની સંખ્યામાં માનવજાતનો સંહાર થયો હશે. પણ મરી ગયા તેના કરતા જખ્મી થયેલા, અશક્ત અને અપંગ બનેલા ઘણી જ વધારે સંખ્યામાં હશે. વળી મરી ગયલા તે મોટે ભાગે યુવક વર્ગમાંથી; જ્યારે બચી રહ્યા તે મોટે ભાગે વૃદ્ધ અથવા અશક્ત. એટલે આ પ્રકારની જરૂરિયાત ઘટશે નહિ, પણ વધી હશે. સંચાસામગ્રી અને વ્યવહારસાધનો લડાઈ પછી વર્ષો સૂધી ન્યૂન રહેશે. એટલે સરવાળે અછત, અશક્તિ, અસંતોષ, અવ્યવસ્થાનો સર્વત્ર ભો રહેશે. એ ભયને વસ્તુતઃ અટકાવવો હોય તો ઉપર જણાવેલ લડાઇનાં મૂળ ઉખેડી નાંખવા જોઇશે. અને સાથે એવી વિશ્વરચના કરવી પડશે, પૃથ્વી પટપર પુનર્ઘટના ગોઠવવી પડશે, કે જેથી આ અછત, અશક્તિ, અસંતોષનો બોજો ન્યાયપૂર્વક સર્વત્ર સમાન હિસ્સે, તે તે દેશની શક્તિના પ્રમાણમાં જ રહે. નહિ તો તો આ ખૂનખાર જંગ પણ ફોકટ જ લડાયો થશે.

કમી થયલી પેદાશમાં વધતા ખપને સંતોષવો પડશે

લડાઇને જડમૂળથી કાયમી નષ્ટ કર્યા પછી પણ ઉપર આલેખેલા આદર્શ આપો આપ સિદ્ધ નહિ થાય. લડાઇ, બળાત્કાર, આક્રમણ, હિંસાને સદાની તિલાંજલિ આપીએ, તો આજે લડાયક સામગ્રીની તૈયારી ચાલુ રાખવા દરસાલ જે લખલૂટ દ્રવ્ય અને મનુષ્ય મહેનત નિરર્થક ખર્ચાય છે, તે અટકે. અને એ દ્રવ્ય, પેદાશસાધન, અને મનુષ્ય મજુરી બીજા ઉત્પાદક કે ઉપયોગી માર્ગે વપરાય. શસ્ત્રસાધન સદંતર વર્જ્ય થાય, તો આજે એ કારખાનામાં જે મહેનતાણું મળે છે તે નહિ મળે. એવા માલનો પણ ખપ નહિ રહે, અથવા તો બહુ જ જુજ પ્રમાણમાં. અને કોઈપણ પ્રજાને લોભ—આક્રમણ સાધન નહિ રહે. કારણકે **શસ્ત્રાદિ યુદ્ધોપયોગી સામગ્રી અને સરંજામ કેવળ સાર્વભૌમ, મધ્યસ્થ સત્તાને જ સપુરદ કરવામાં આવી હશે.** પણ આવી રીતે બેકાર થઈ પડતી મજૂરી અને અણખપનો કાચોમાલ બીજા ઉત્પાદક કે ઉપયોગી માર્ગે નહિ વાપરીએ, ત્યાં સુધી એ બચતથી પણ લાભ કરતાં હાનિ વધારે સંભવે. માનવાને કારણ છે કે બ્રિટન કે

યુદ્ધ તત્ત્વ નષ્ટ પછી નવી રચનાની મૂળ ખૂબીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર—પોતાની જંજીર દૃઢ કરતો ગયો. આવા વ્યક્તિગત આંતરરાષ્ટ્રીય કરારનામા પોલાદના અને રસાયણી ઉદ્યોગમાં, વ્હાણવટા અને નાણાવટા જેવા વ્યવહાર કે વ્યાપારના સાધનોમાં; લાલ સ્વસ્તિક જેવી જનતોપયોગી સેવા વ્યવસ્થામાં, વ્યક્ત હતાં. સાથે પ્રત્યેક દેશમાં, પ્રતિદિન વધારે અને વધારે વિસ્તીર્ણ ક્ષેત્રમાં, ઉદ્યોગ અને વ્યાપાર વ્યવસ્થામાં પણ આ સહયોગી તત્ત્વ (વ્યક્તિગત નફાની નઝરે) જામતું હતું. અને તેથી વર્ગ–વર્ગ વચ્ચે, ઉદ્યોગ—ઉદ્યોગ વચ્ચે, અને દેશ—દેશ વચ્ચે પણ, જ્યાં હરિફાઈ નુકસાનકારક લાગે, ત્યાં તેને ઉત્તરોત્તર વધારે સખ્ત બનાવવા માટે, અથવા જ્યાં જ્યાં તે અટકાવી શકાય, ત્યાં ત્યાં તે અટકાવવા માટે, સહયોગી ઐક્ય સંધાતું.

કાલાનુક્રમે, અને ખુદ હરિફાઈના પોતાના જ પ્રભાવે, આવી રીતે હરિફાઈતત્ત્વ મંદ થવા છતાં, વ્યક્તિગત લોભવૃત્તિ, સ્વાર્થબુદ્ધિ, પરિગ્રહસંચયવાસના નષ્ટ થવા પામી ન્હોતી. રાષ્ટ્રની જરૂરિયાતને કારણ જર્મની, ઈટલી આદિ દેશોમાં વ્યક્તિગત લોભવૃત્તિ કેટલેક અંશે મર્યાદિત થઈ હતી. રશિયા જેવા મુલ્કમાં તે સામાજીક જીવન અને કાર્યનું ધ્યેય બદલાવવાથી તે લગભગ નષ્ટ થઇ હતી. ખુદ ઈંગ્લાંડ અને અમેરિકામાં પણ એ વૃત્તિ પર અંકુશ મૂકયા હતા. પણ પ્રજા—પ્રજા વચ્ચેની લોભવૃત્તિ, અને તેને અંગે ઉદ્ભવતી અતિ તીવ્ર હરિફાઈ તો કાયમ જ હતી. એટલે એ યુગને અંતે એક ભીષણ યુદ્ધ થવા લાગ્યું. યુદ્ધનાં કારણો અનેક હશે; પણ સર્વત્ર આર્થિક છત—અછત એક મોટું મૂળ કારણ હતું.

સહકારની જરૂર અને ઉદય

એ યુદ્ધનો અંત આવ્યો ત્યારે તેનાં મૂળ કારણો પર કાયમી કુહાડો મરાયો નહોતો; અને આજે ચાલતું ભયંકર, પૃથ્વીભરનું યુદ્ધ એ જ રાષ્ટ્રીય લોભવૃત્તિ—સામ્રાષ્ટ્રીય શોષણ બુદ્ધિનું પરિણામ છે. દુનિયામાં હજુ એક જ સાર્વભૌમ આણ નથી વર્તતી. પરસ્પર વિરોધી, સમ્રાષ્ટ્રીય ભાવનાવાળા, શોષણશક્તિશાળી, અનેક એવાં રાજ્યો છે કે જે બીજી પ્રજાના મુલ્કને વશ કરી, તેનાં સાધનસંપત્તિને અપનાવી દેવા તલસે છે. જે જે સામ્રાજ્ય છત્ર નીચે અન્ય અનેક પ્રજાનાં મુલ્ક છે, અને તેનાં દ્રવ્ય સાધન તેને આધીન છે, તેની સામે બીજા તેવી જ બુદ્ધિવાળા, તેટલી જ બલ્કે વધુ શસ્ત્રશક્તિશાળી, પણ પ્રમાણમાં સંપત્તિએ હીન, સામ્રાજ્યો થયાં છે. ૧૯૩૯ સુધી યુદ્ધ અણિપર આવી અટકી જતું; કારણ ઉભયપક્ષ પાસે યાતો યથાયોગ્ય તૈયારી નહોતી, કે યાતો વ્યાપાર વ્યવહારને લગતા ખાસ કોલકરાર કરી તે અટકાવી દેતા. પણ સાથે આખરી અવસર માટે તૈયારી તો સર્વત્ર ઓછા કે વત્તા પ્રમાણમાં ચાલુ જ હતી. એટલે જ્યારે તે આક્રમણકારી, પરસંપત્તિહરણ માટે તલસતી સામ્રાજ્યસત્તાના સંચાલકને લાગ્યું કે આભ ફાટયો છે, અને વ્યાપારી સમજુતીથી કે કોલકરારથી થીગડું નહિ દેવાય, એટલે સમજુતી માટે ચકચારની પુરાતન રાજનીતિવિધિ અણુમાન્ય બની, નામંજૂર થઈ; અને યુદ્ધ કરી સૌ દાવપેચનો સીધો (?) અંત આણ્યા વિના બીજો ઈલાજ દેખાતો ન્હોતો.

આંતરિક સહકાર અને આંતરરાષ્ટ્રીય હરિફાઈનું આખર યુદ્ધ

પણ લડાઈ શરૂ થયા પછી તેનો વિસ્તાર, તેનું ખૂનખાર સ્વરૂપ, અને તેનાં અનેકવિધ ભીષણ પરિણામોનો ખ્યાલ તો બહુ જ આસ્તે આસ્તે આવવા લાગ્યો. આ યુદ્ધથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લડાઇનું પરિણામ પેદાશ સાધનનોઓ

ઉદ્‌ભવતી નુકસાની અને સંભવતી પાયમાલીનો ખરો ચિતાર હજુ પણ સર્વસામાન્ય થયો હોય, એમ લાગતું નથી. અને જે જે પ્રજા લડાઇમાં જાતે સક્રિય સામિલ છે, તે તાત્કાલિક મુશ્કેલીઓનો નિર્ણય કરવામાં એટલી મશગૂલ છે, કે તેને આ યુદ્ધનાં તેના પોતા પર વીતતા સ્વરૂપ અને સંભવતા પરિણામનો ખ્યાલ કરવા પણ અવકાશ નથી. છતાં એટલું તો હવે વિચારશીલ, દૂરઅંદેશ, સ્વાતંત્ર્યપ્રેમી વ્યક્તિઓ સર્વત્ર સમઝવા લાગી છે, કે આ લડાઈથી અનેકવિધ હાનિ થશે; અને તેમાં દુનિયાની પેદાશશક્તિ બહુ મોટે દરજ્જે નુકસાન પામશે.

કમી થયલી પેદાશમાં વધતા ખપને સંતોષવો પડશે

કમતી થયેલી પેદાશશક્તિ અને સાધનમાંથી લડાઈ પછીની દુનિયામાં વધતા પ્રમાણના ખપને સંતોષવો પડશે. એટલે કે જેટલા પ્રમાણમાં કારખાનાઓ ભાંગી ગયા હશે, સંચાસામગ્રી ડૂબી ગયાં હશે, જમીન દૂષિત થઈ હશે; વ્હાણ અને એવા જ બીજા વિધવિધ જાતના વ્યવહારસાધનો નષ્ટ થયાં હશે; અને ખુદ્ માનવજાતની મહેનત શક્તિ કમતી થઈ હશે, તેટલા પ્રમાણમાં માણસની સંખ્યા અને તેની જરૂરિયાતમાં ઘટાડો થયો નહિ જ હોય. લડાઈમાં લાખો નહિ પણ કરોડોની સંખ્યામાં માનવજાતનો સંહાર થયો હશે. પણ મરી ગયા તેના કરતા જખ્મી થયેલા, અશક્ત અને અપંગ બનેલા ઘણી જ વધારે સંખ્યામાં હશે. વળી મરી ગયલા તે મોટે ભાગે યુવક વર્ગમાંથી; જ્યારે બચી રહ્યા તે મોટે ભાગે વૃદ્ધ અથવા અશક્ત. એટલે આ પ્રકારની જરૂરિયાત ઘટશે નહિ, પણ વધી હશે. સંચાસામગ્રી અને વ્યવહારસાધનો લડાઈ પછી વર્ષો સુધી ન્યૂન રહેશે. એટલે સરવાળે અછત, અશક્તિ, અસંતોષ, અવ્યવસ્થાનો સર્વત્ર ભો રહેશે. એ ભયને વસ્તુતઃ અટકાવવો હોય તો ઉપર જણાવેલ લડાઇનાં મૂળ ઉખેડી નાંખવા જોઈશે. અને સાથે એવી વિશ્વરચના કરવી પડશે, પૃથ્વી પટપર પુનર્ઘટના ગોઠવવી પડશે, કે જેથી આ અછત, અશક્તિ, અસંતોષનો બોજો ન્યાયપૂર્વક સર્વત્ર સમાન હિસ્સે, તે તે દેશની શક્તિના પ્રમાણમાં જ રહે. નહિ તો તો આ ખૂનખાર જંગ પણ ફોકટ જ લડાયો થશે.

યુદ્ધ તત્ત્વ નષ્ટ પછી નવી રચનાની મૂળ ખૂબીઓ

લડાઇને જડમૂળથી કાયમી નષ્ટ કર્યાં પછી પણ ઉપર આલેખેલા આદર્શ આપો આપ સિદ્ધ નહિ થાય. લડાઇ, બળાત્કાર, આક્રમણ, હિંસાને સદાની તિલાંજલિ આપીએ, તો આજે લડાયક સામગ્રીની તૈયારી ચાલુ રાખવા દરસાલ જે લખ-લૂટ દ્રવ્ય અને મનુષ્ય મહેનત નિરર્થક ખર્ચાય છે, તે અટકે. અને એ દ્રવ્ય, પેદાશસાધન, અને મનુષ્ય મજુરી બીજા ઉત્પાદક કે ઉપયોગી માર્ગે વપરાય. શસ્ત્રસાધન સદંતર વર્જ્ય થાય, તો આજે એ કારખાનામાં જે મહેનતાણું મળે છે તે નહિ મળે. એવા માલનો પણ ખપ નહિ રહે, અથવા તો બહુ જ જુજ પ્રમાણમાં. અને કોઈપણ પ્રજાને લોભ—આક્રમણ સાધન નહિ રહે. કારણકે **શસ્ત્રાદિ યુદ્ધોપયોગી સામગ્રી અને સરંજામ કેવળ સાર્વભૌમ, મધ્યસ્થ સત્તાને જ સુપરદ કરવામાં આવી હશે.** પણ આવી રીતે બેકાર થઈ પડતી મજૂરી અને અણખપનો કાચોમાલ બીજા ઉત્પાદક કે ઉપયોગી માર્ગે નહિ વાપરીએ, ત્યાં સુધી એ બચતથી પણ લાભ કરતાં હાનિ વધારે સંભવે. માનવાને કારણ છે કે બ્રિટન કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકામાં ૧૯૩૧-૩૨માં જે મોટા પ્રમાણમાં બેકારી ઉભી થઇ હતી, તે કેટલેક અંશે આ કારણને આભારી હતી. અને જર્મનીમાં ૧૯૩૩-૩૫ વચ્ચે બેકારીનો દેખીતો અંત આવ્યો હતો, તે પણ એથી ઉલટા કારણને અંગે ગણી શકાય. બ્રિટન અને અમેરિકા સર્વથા નિઃશસ્ત્ર બન્યાં નહોતાં. પણ તેમણે એ માર્ગે પ્રથમ પગલા ભરવા માંડ્યાં હતાં. એટલે ત્યાં અમુક ઉદ્યોગો બંધ અથવા મંદ થતાં તેમાંથી બેકાર થતા માલ અને મજુરીને બીજું જીવન-નિર્વાહનું સાધન નહિ, એટલે અતિ તીવ્ર મંદી ત્યાં ફેલાઈ હતી. અને હિટલર જર્મનીનો સુકાની બન્યો પછી, શસ્ત્રસામગ્રી યાહોમ જમાવવા માંડી, એટલે જર્મનીમાં એક નવી જ જાતની, કૃત્રિમ કે સાચી, કામગીરી વધી પડી હતી.

તે અટકાવવા પ્રત્યેક મુલ્ક તેમજ દુનિયાભર માટે યોજના આવશ્યક

ભાવાર્થ એટલો જ કે આવા સામાજિક પ્રશ્નનો તોડ એક દિશામાં જ નથી હોતો. સામાજિક દર્દોના ઈલાજ પરસ્પર અવલંબતા હોય છે; માટે જો એકજાતના ઉદ્યોગ કે કામગીરી કમી થાય, તો સાથે સાથે જ એ ફારેગ થતી મજુરી બેકાર ન રહે, માલ અણખપતો ન થાય, તેની ખાસ સાવચેતી રાખવી જોઈએ. અને તે અગાઉથી નિશ્ચિત સિદ્ધાંત અને આદર્શાનુસાર, સુવ્યવસ્થિત, વિચારપૂર્વક કરેલી સર્વવ્યાપક યોજના વિના નહિ સંભવે. દુનિયાના દરેક દેશ અને પ્રજાની સ્થાનિક મજૂર શકિત, માલ અને સાધનનો નવી દોલત ઉત્પાદક ઉત્તમોત્તમ ઉપયોગ કરી, વિશ્વ આખાની સંપત્તિ વધારી, તેની ન્યાયસર, યથાયોગ્ય, મુલ્કી તેમજ વ્યકિતગત વ્હેંચણી કરવાથી જ આવા પ્રશ્નનું નિરાકરણ સંભવે છે. રશિયા બાદ કરીએ, તો આજે બીજે સર્વત્ર પ્રગતિકારક, સંપત્તિસાધક મુકિતમાર્ગ એક જ છે: **અવ્યવસ્થિત પ્રયત્ન, અણઘડ સાધનને બદલે, સર્વમાન્ય નેમસર, સર્વોપયોગી સિદ્ધિ માટે, વિચારપૂર્વક ઉપજાવેલી, સર્વસમાવેશી યોજનાસર પ્રયાસ કરવો એ જ એક રસ્તો છે,**

યોજના સામુદાયિક—અનિવાર્ય

આવી સર્વવ્યાપક, વિચારપૂર્વક, દુરઅંદેશાથી ઘડાયલી યોજના કોઈપણ દેશમાં વ્યક્તિગત સત્ત્વે સંભવે પણ નહિ; અને સિદ્ધ પણ ન થાય. તેને સર્જવા માટે, તેમજ અમલમાં મૂકવા માટે સામુદાયિક બુદ્ધિ, સાધન, અને સત્તા અનિવાર્ય છે. અને આ સામુદાયિકબુદ્ધિ વ્યક્ત કરવા માટે, અતિ મોટી બહુમતિની પણ આવશ્યકતા છે. બેશક આજલગીનો ઈતિહાસ–અનુભવ શીખવે છે કે દુનિયા આખીમાં ભાગ્યે જ કોઈ એવી ક્રિયા હશે, કે યોજના ઘડાશે, કે જેની વિરુદ્ધ કેટલાક લોક નહિ હોય. પરંતુ સામાન્ય સિદ્ધાન્ત, આદર્શપ્રતિ બહુ જ મોટા પ્રમાણમાં સંમતિ હોય, તો આવી યોજના આખરે ફતેહમંદ નીવડવી તો એની પોતાની વાસ્તવિક ઉપયોગિતા પર છે.

સામુદાયિક અમલ અને સક્રિય વ્યક્તિગત સાહસ (enterprise)

આવી સામુદાયિક યોજના, અને તેના અમલ સામે ઘણા લોકોની નઝરમાં મુખ્ય વાંધો એ હોય છે કે સામુદાયિક—સરકારી—ક્રિયાને પરિણામે વ્યક્તિગત બુદ્ધિ, સાહસ, સ્વાતંત્ર્ય, મંદ થાય, ક્ષીણ થાય, નષ્ટ થાય. પ્રજાજનના અંગત સ્વાતંત્ર્યની જરૂરિયાત અને મર્યાદાપરત્વે આગળ ઉલ્લેખ કર્યો છે, એટલે પુનરુકિતની જરૂર નથી. પણ પરસ્પર ગાઢ નિસબત ધરાવતા સામાજિક પ્રશ્નનો અદ્યાપિ વ્યક્તિગત બુદ્ધિએ જ નિર્ણય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો છે; તેથી આખરી નીતીનો આ દુનિયાભરની ખૂનખાર લડાઈથી સામાજિક મુંઝાયલા કોકડાની ઉકેલણીમાં હવે સામુદાયિક પ્રયત્નનો અમલ કર્યા વિના આરો નથી. અને **એમ માનવાને લેશ પણ કારણ નથી કે વ્યક્તિગત સ્વાતંત્ર્ય, અને કોઈપણ સુવ્યવસ્થિત, સુઘટિત, સાર્વજનિક યોજના, અને તેનો સામુદાયિક અમલ, પરસ્પર વિરોધી વસ્તુ હોય.** ઉલટું હવે દુનિયાભરમાં મનનપૂર્વક દીર્ઘદષ્ટિથી પુનર્ઘટના નહિ કરીએ, તે માટે યોજના નહિ હોય, અને કેવળ વ્યક્તિગત સાહસ અને સમજણ પર આધાર રાખીશું, તો પૃથ્વીમાં ઉદ્ધાર અશક્ય લાગે છે. આ ઝમાનો સહકારનો છે, હરિફાઇનો નથી. આજની આપણી ઉત્પાદનવિધિ, વ્યવહારસાધનો, વેપાર અને વ્હેંચણી પરસ્પર સહકારી સાંકળે સંગઠિત છે અને એ સાંકળનો પ્રભાવ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. તે વેળા, જીર્ણ બનેલું, વ્યર્થ કે હાનિકારક નીવડેલું, વ્યક્તિગત સાહસ પુનઃ પરોવવા જઈશું, અથવા તેને હવે નિષ્પ્રતિબંધ રહેવા દઈશું તો તે કેવળ આડખીલીરૂપ થશે, અને અરાજકતા ઉભી કરશે. એ પુરાણી પ્રથાને પરિણામે સામાજિક મૂલ્યક્રમમાં ઉલટો પલટો, અને વ્યક્તિગત તંગી, અછત, અસંતોષ, અશાંતિ ઉદ્ભવ્યાં છે, તે યુદ્ધ પછી વધારે વિકરાળ થશે. માટે એ **વ્યક્તિગત સાહસનું તત્ત્વ તો સર્વથા વર્જ્ય ગણી, સર્વદા માટે તેનો ત્યાગ કરવો પડશે.**

વ્યક્તિગત સાહસની પ્રેરક શક્તિ; અને તેને સ્થાને સામાજિક પ્રેરક શક્તિ

પરંતુ વ્યક્તિગત સાહસમાં એક ગુણ સમાયલો મનાય છે, કે જે વિના પ્રગતિકારી ઉદ્યોગશક્તિ, સર્વાંગે ખીલી શકે નહિ એમ માન્યતા છે, તેનો પણ અહિં વિચાર કરી લઈએ અને રદિયો આપી દઈએ. વ્યક્તિગત સાહસમાં અદ્યાપિ પ્રગતિકારક, પ્રેરક તત્ત્વ સમાવિષ્ટ મનાતું હતું; તે નિર્જીવ સામુદાયિક પ્રયત્નમાં નહિ સાંપડે. જ્યાં લગી વ્યક્તિગત સાહસ પ્રવર્તતું હોય, ત્યાં લગી તેના હિમાયતી લોક જરૂર આ ખરા કે કલ્પિત ગુણ પર ભાર મેલશે. અને તેમ કરી પોતાનો સ્વાર્થ સાધવા મથશે. પણ વ્યક્તિગત સાહસમાં જે પ્રેરણાશક્તિ છે, તેનું બલવત્ત્વ સ્વીકારીએ, તોપણ તે હરિફાઇને કારણે, અથવા સ્વાર્થબુદ્ધિએ પ્રગટેલું સંકુચિત—અને કેટલીક વાર હાનિકારક—તત્ત્વ છે, એમ માન્યા વિના ચાલતું નથી. એ સ્વાર્થબુદ્ધિકૃત પ્રેરકતત્ત્વને બદલે ઘટના ઘડનાર સામુદાયિક સત્તા પોતે જ કોઇ નવીન પ્રેરણા—બુદ્ધિ પેદા કરી શકશે. આજે પણ રમતગમત ઈત્યાદિ કર્મમાં, સ્વાર્થ કે લોભવૃત્તિ કમતી પ્રમાણમાં હોય, ત્યાં આત્મલાભને બદલે બીજી જ કોઈ પ્રેરક, ઉત્તેજક શક્તિ સંભવે છે. અને તેથી સમાજોપયોગી બીજા સૌ ક્ષેત્રમાં એ ન સંભવે એમ માની શકાતું નથી. આખરે એટલું પણ ઉમેરવું જોઈએ કે, જો સામુદાયિક યોજના અને અમલથી, વ્યક્તિગત લાભ દિનપ્રતિદિન સંકોચાઇ શુષ્ક નિઃસત્ત્વ બની જાય, તો પછી એનો સમાજબળ સાથે પ્રેરકશક્તિ તરીકે મુકાબલો પણ નહિ સંભવે. એ જાતની સરખામણી તો ફક્ત ત્યાં સુધી ચાલે કે જ્યાં સુધી, બંને તત્ત્વો એક જ સમાજમાં સમકાલી મોજુદ હોય. આજે ઘણે ઠેકાણે આ વસ્તુસ્થિતિ હોવાથી મુકાબલો સંભવે છે. પણ એકવાર એવી તુલનાનું મૂળ સ્થાન જ નષ્ટ કરવામાં આવે, તો પછી તુલના થઈ જ કેમ શકે?

ઉપર જણાવ્યા મુજબ એકવાર કોઇપણ સમાજ માટે સુઘટિત યોજના ઉભી થાય;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેનો સહૃદયે, સામુદાયિક તોરે અમલ થાય, તો જોતજોતામાં કામગીરી સંગીનપણે વધી જશે. અગાઉથી નિર્ણીત ક્રમાનુસાર, મુકરર કરેલ ક્ષેત્રમાં, દેશની તમામ કામગીરી તે દેશની પ્રજા, પ્રત્યેક વ્યક્તિની શક્તિ અનુસાર વ્હેંચી દેશે. એટલી આધુનિક સમયે, કામગીરી મેળવવામાં પણ જે સોદાગીરી કરવી પડે છે, તે પછી બિનજરૂરી થઈ જશે. **સૌ કોઈને યથાશક્તિ કામ મળે; અને એ મહેનતાણા બદલ સૌ કોઈને જેવી જરૂર તેવો બદલો મળે,** આ તત્ત્વ અમલી તોરે સ્વીકારાય, તો પછી ઉપર જણાવેલી કોઈપણ મુસ્કેલી સંભવશે નહિ.

સૌને યથા શક્તિ કામગીરી, અને બદલામાં જેવી જરુર તેવું મહેનતાણું.

મહેનતાણું—કામગીરીની કીમત, વિજ્ઞાને વધેલી શક્તિથી વધતી સંપત્તિમાંથી ભાગ એવા સ્વરૂપમાં,—એવી રીતે આપવો કે અત્યાર લગી આપણે અનુભવેલા અનર્થ સાંપડે નહિ. **પૈસાનું (Money) પ્રાબલ્ય તોડવાનીઆવશ્યતા ઉપર જણાવી** છે. અને તેથી મજુરીના દર, તથા માલની કીમત, એવી રીતે નિર્મિત થવાં જોઇએ, એવા રૂપમાં મૂર્ત થવા જોઇએ, કે જેથી પૈસો--સિક્કો કે ચલણી નાણું કોઈપણ—દ્રવ્યનો સંગ્રહકારક ન બને. અને તે પછી વિજ્ઞાને વિસ્તારેલી બુદ્ધિ અને વધારેલી મનુજ શક્તિનો પૂરેપૂરો લાભ લેવાય. અને ખુદ વિજ્ઞાનને પણ આગળ ધપાવાય, કે જેથી મનુષ્યોપયોગી સુખ સંપત્તિનું સાધનોત્પાદન કરવામાં કમસે કમ શક્તિવ્યય થાય, અને ઉત્કૃષ્ટ પ્રમાણમાં અર્થ સાધના સાંપડે. વિજ્ઞાન શિરોમણિ પંડિતોએ અડસટો કર્યો છે કે આજે પણ આપણી જે સંચા સામગ્રી છે, ઉત્પાદન સાધનો છે, અને વિજ્ઞાન ખીલવણી છે, તેનો પણ સંપૂર્ણતઃ ઉપયોગ કરીએ, પ્રત્યેક શક્તિશાલી વ્યક્તિને ઉપયોગી કામમાં પરોવીએ, કોઈ વ્યક્તિને નિરુદ્યમી રહેવા ન દઇએ, કોઈપણ માલ અણખપનો બનવા ન દઇએ, તો દિવસના માત્ર બે ત્રણ કલાકની દરેક કામગારની કામગીરીથી, દુનિયા તમામાં જે જીવન-ધોરણ સામાન્યતઃ યુનાઇટેડ સ્ટેટ્સ જેવા સમૃદ્ધિશાળી દેશમાં સરેરાશ સંભવે છે, તે સર્વત્ર પથરાઈ જાય, અને સર્વ વ્યાપક બની જાય. સવાલ માત્ર યથોચિત યોજના--ઘટના--નો છે.

આવી રીતે સર્વ પ્રજા અને પ્રદેશ સ્થાનિક સાધનોની ઉત્તમોત્તમ ખીલવણી કરે, તો પરિણામે આંતરરાષ્ટ્રીય વ્યવહાર અને વેપારમાં પણ મૌલિક પરિવર્તન થઈ જશે. આજે પ્રજા પ્રજા વચ્ચેનો વ્યવહાર મુખ્યત્વે વેપારને કારણે ઉપજે છે, અને તેને ઉત્તેજવા, પોષવા, માટે અનેક સંધિવિગ્રહનાં બીજ રોપાય છે, પ્રપંચ રચાય છે. પણ જ્યારે મુલ્કે તમામમાં ઉપર્યુક્ત અણદીઠો ઇન્કિલાબ પ્રસરી જશે, જાય, ત્યારે વેપારનું સ્વરૂપ પણ બદલાઈ જશે, તેનું મૂળ પ્રેરક તત્ત્વ પણ રૂપાંતર થઈ જશે. વેપાર એટલે માત્ર સ્થૂલ વસ્તુની, આર્થિક લાભ નઝરે, લે--વેંચ નહિ; પણ સૂક્ષ્મ, અમૂલ્ય, કળા-કૌશલ્ય, વિજ્ઞાન-વિચારની આપ-લે; અને દરેકની જીંદગીને પરિપૂર્ણ કરતી વસ્તુ તેમ જ સંસ્કૃતિસમૃદ્ધિની લે—વેંચની ક્રિયામાં પુનર્ભૂત થશે.

આંતરરાષ્ટ્રિય વ્યાપાર—વ્યવહારનું પુનરાવર્તન

આવા વ્યવહાર—વેપારનો પ્રવાહ ચાલુ રાખવા માટે, સ્થૂલ નિર્જીવ માલની અદલા-બદલી ઉપરાંત, વિચારવિજ્ઞાનને પોષનાર બુદ્ધિશાળી માણસની દેશ પરદેશ આવ જા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધશે. વેપાર--જેને આપણે આજે વેપાર કહીએ છીએ, તે--પણ રહેશે. પણ તે એક પ્રજાને બીજી પ્રજામાંથી ફક્ત આર્થિક નફો મેળવવા માટે નહિ, પણ ઉભય, લાભકારી, પરસ્પર સમૃદ્ધિમાં વધારો કરનાર, ક્રિયા થશે.

આવા વેપારનું મૂળ તો પ્રત્યેક પ્રદેશની ખાસ પેદાશ (Monopoly) ની, અથવા તેના પોતાના ખપ કરતાં વધારે પેદાશની, નિકાસ, અને ખાસ જરૂર જોગ વસ્તુ, જે કોઇ મુલ્ક પોતે પેદા ન કરી શકે; અથવા તો તેની સ્થાનિક પેદાશ તેની જરૂરિયાતના પ્રમાણમાં અતિ કમતી હોય તેની આયાત. પ્રત્યેક મુલ્કની પેદાશ તેની સ્થાનિક શક્તિ, સામગ્રી, અને સાધનાનુસાર થશે. અને હાલમાં જે પેદાશ માટે કરવા પડતા ખર્ચને મુકાબલે-કેવળ વેપારને લક્ષી કરવામાં આવે છે-તે રીતે ઉત્પન્ન કરેલી વસ્તુની આયાત નિકાસને આધારે **આંતરરાષ્ટ્રીય** વેપાર નહિ ઉદ્દભવે.

રૂપાંતર થયેલા વેપારનું મૂળ અને નિભાવ.

આમ રૂપાંતર પામેલી રીતે સંભવતા વેપારને સુરક્ષિત રાખવા માટે તેને નિભાવવા માટે, જકાત રૂપી દિવાલો બાંધવાની, અને તેને ઉત્તેજવા માટે અન્ય પ્રજા સાથે ખાસ તહનામા કરવાની અગત્ય દિન પ્રતિદિન કમતી થઈ જશે. જો કોઇ પ્રજા આવી દિવાલો કે અટકાયતો પોતાની રાજીખુશીથી દૂર નહિ કરે, તો બીજી પડોશી હિતસ્વી પ્રજા તેને સમઝાવશે. અને સમજાવતાં પણ ન માને, તો તે સાથે વ્યવહારી અસહકાર કરી, અથવા મધ્યસ્થસત્તાના સત્તાની રૂએ, ફર્જે પાડશે. પણ એવો કડવો અવસર આવવો બહુધા સંભવતો નથી.

આટલી વિચારણા કર્યા પછી, આ વ્યાખ્યાનનું તાત્પર્ય અહિ સંક્ષેપમાં એકત્ર કરીએ::–

(૧) લડાઇ બાદ દુનિયાભરની તમામ પ્રજા માટે, પુનર્ઘટનાના પ્રથમ પગલા તરીકે, પાયારૂપ, મૂળ ઉદ્દેશ મક્કમપણે સર્વત્ર પ્રવર્તાવવો પડશે, કે **જેથી કોઇપણ આંતરરાષ્ટ્રીય ગુંચવાયલા કોકડાનો ઉકેલ લાવવા માટે લડાઇમાં ઉતરવાની કશી પણ જરૂર રહે નહિ. અને તે માટે કોઈની શક્તિ પણ રહે નહિ.** પ્રજા પ્રજા વચ્ચે મત ભેદ થતાં માત્ર પશુ બળ અજમાવી તેનો ફેંસલો (?) આણવાની આધુનિક પદ્ધતિ હમેશ માટે નાબૂદ થવી જોઈએ.

યુદ્ધક્રિયા સર્વત્ર અણુમાન્ય, વર્જ્ય, બનાવવા માટે, હાલમાં લડાઇનાં જે આર્થિક રાજકીય મૂળ કારણો છે, તેને પણ સર્વથા, સર્વાનુમતે, નષ્ટ કરવાં જોઇશે; અને સર્વ પ્રજાને સંતોષ થાય તે રીતે દેશ દેશના વિસ્તાર અને વસતીની વ્યવસ્થા થવી જોઈશે. રાષ્ટ્રીય તેમ જ વ્યક્તિગત લોભવૃત્તિ તૃષ્ણા બુદ્ધિ કાયમની ટાળી દેવી જોઇશે, એટલે કોઇને કોઈના પર આક્રમણ કરવાનું, દાવપેચ લડાવવાનું, કારણ જ રહે નહિ.

(૨) **આ પરિસ્થિતિ આણવા માટે દુનિયા ભર એક સર્વમાન્ય, સર્વોપરી, મધ્યસ્થ સત્તા સર્વાનુમતે, સર્વના સહકારે સ્થપાવી જોઈશે.** એ સત્તાને વ્યવહારૂ સ્વરૂપ આપી, તેને અમુક કર્તવ્ય સોંપવું જોઇશે, કે જેને આધારે **તે દુનિયાના સર્વ દેશના સર્વ પ્રકારના સૈન્ય અને લડાયક સામગ્રી પર હકુમત રાખી શકે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું મુખ્ય કર્તવ્ય દુનિયા ભરમાં શાંતિ જાળવવાનું, લડાઈ અટકાવવાનું; અને જેથી લડાઇ કદાચ પણ સળગી ઉઠે તેવા સઘળા પ્રજા પ્રજા–વચ્ચેના મતભેદ પર ફેંસલો કરવાનું.

આ સત્તા સર્વમાન્ય તો જ થાય, કે તે સર્વ પ્રજા અને પ્રદેશની પ્રતિનિધિરૂપ હોય. પ્રત્યેક પ્રજાની પ્રતિનિધિ–સંખ્યા સરખી રાખવી વ્યવહારી બુદ્ધિએ આજે વ્યાજબી કહી શકાતી નથી. લડાઇનો અંત કેવો આવે છે, અને તેમાં વિજેતા કોણ નીવડે છે, તેના પર આ મૂળ વસ્તુનો મોટો આધાર છે. આપણે માની લઇએ કે સંયુક્ત મિત્રરાજ્યો વિજય મેળવશે. તો તેમની પોતાની કરેલ જાહેરાત મુજબ, પ્રજા પ્રજા વચ્ચે અસમાનતા કોઈ પણ રીતે દેખાડવી, તે પુનઃ વર્તમાન પરિસ્થિતિ અને તેનાં અતિ કડવાં બીજને નવો અવકાશ આપવા સમાન થશે. યુનાઇટેડ સ્ટેટ્સના સેનેટ અને પ્રતિનિધિ મંડળની યોજના સ્ટેટ–સ્ટેટ વચ્ચે સમાનતા તેમ જ અસમાનતાને લક્ષમાં રાખી કરી છે તેમ કદાચ એ મધ્યસ્થ સત્તાનાં ભિન્ન ભિન્ન અંગમાં કરી શકાય. ગમે તે રીતે આ પ્રશ્નનો ફડચો કરવામાં આવે, પણ નાની કે મોટી, ગરીબ કે તવંગર, પ્રજા વચ્ચે અસમાનતા પર દેખીતો ભાર મેલવામાં આવશે, તો મધ્યસ્થ સત્તામાં સર્વત્ર સરખી શ્રદ્ધા નહિ રહે. અને તેથી એની મારફત સાધવા ધારેલી નેમ પાર નહિ પડે. **લીગ ઑફ નેશન્સના ઈતિહાસનો પુનર્જન્મ કદાપિ ન થવો જોઈએ.**

મધ્યસ્થ સત્તામાં ખાસ કરીને તેના કાર્યવાહી મંડળમાં, જવાબદારીનું તત્ત્વ પણ દાખલ કરવું જોઇશે, કોને જવાબદાર, કેવી રીતે જવાબદાર; જવાબદારી કેમ બર લાવવી, અદા કરાવવી; અને તે અદા ન થાય તો કાર્યવાહી મંડળ કેમ બદલાવવું, તેને કેમ અને કેવો દંડ કરવો, શિક્ષા કરવી, એ સૌ અટપટા સવાલ છે, નિર્ણય અશક્ય નથી; પણ અહિ તેનો વિચાર પણ કરવા બેશીએ તો મર્યાદા વટાવી દેવી પડે. પણ એનો ફેંસલો કર્યા વિના એ વસ્તુ અમલમાં નહિ મૂકી શકાય.

મધ્યસ્થ, સર્વોપરી, સર્વમાન્ય, સર્વના પ્રતિનિધિરૂપ સરકારની સત્તા, શક્તિ, કર્તવ્યનો ખ્યાલ ઉપર ઉપરથી આપી ચૂકયા છીએ. અમુક દેશમાં અંતર્ગત વહીવટમાં, જેને આપણે પોલીસ સત્તા કહીએ છીએ, તેવી સત્તા, અને તેવું કર્તવ્ય આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એ સત્તાનું મુખ્યત્વે હશે. એટલે કે દુનિયાભરમાં શાંતિ જાળવી રાખવી, અને શાંતિ વિરોધી તત્ત્વો હોય તેને દાબી દેવા. તે માટે ઘટતી શસ્ત્ર સામગ્રી અને તે ઉત્પાદન કરવાનાં કારખાનાં–તેને હસ્તક રહેવા જોઇએ, અને ચલાવવા જોઇએ. દરેક પ્રજાને, અને દરેક પ્રજાજનને માટે જન્મસિદ્ધ પ્રાથમિક હક્ક સંપાદન કરાવવાં, અને ફરજો અદા કરાવવી. પ્રજા પ્રજાની મર્યાદા, ને વચ્ચે વેપાર વ્યવહાર ઈત્યાદિ પરત્વે પણ, અગાઉથી નિર્ણીત કરેલા આદર્શ, આંતરરાષ્ટ્રીય સમજુતી, કે તહનામાં મુજબ નિભાવવાં. અને જરૂર પડે ત્યારે, અનિવાર્ય લાગે તે વેળા, તેની શસ્ત્રસામગ્રીનો પણ ઉપયોગ કરી, આપેલી બાંહ્યધરીઓનું પાલન કરાવે.

(૩) સર્વોપરિ, સાર્વભૌમ, સર્વ શક્તિશાળી મધ્યસ્થ સત્તા અને સ્થાનિક રાજતંત્ર વચ્ચે કઈ જાતનો સંબંધ હશે તે અત્યારે યથાસ્થિત વર્ણવી ન શકાય. પ્રત્યેક પ્રજાને તત્તત સંજોગાનુસાર, પોતાને માફક આવતું સ્થાનિક રાજબંધારણ અને વહીવટ સ્થાપવાની છૂટ હોવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અ) પણ તે પ્રત્યેક સ્થાનિક સત્તા, કે રાજ્યો, પરસ્પર સમતુલનામય હોવાં જોઇએ. એટલે કે તેના વિસ્તાર કે વસ્તી, સાધન કે સંપત્તિમાં, ગમે તેટલો તફાવત હોય, તો પણ આંતરરાષ્ટ્રીય નઝરે સૌ સરખાં.

(આ) મધ્યસ્થ સત્તા સર્વોપરિ અને સાર્વભૌમ માની લીધી છે. પણ સ્થાનિક સરકાર તેની તાબેદાર સંસ્થા લેખવાની જરૂર નથી. મધ્યસ્થ સત્તાને ઉપજાવનાર, તેને યથોચિત, યથાયોગ્ય સાધન આપવામાં, કર્તવ્ય સોંપવામાં, સ્થાનિક સરકાર સર્વનો મોટો હાથ હશે. એટલે એને સર્વથા મધ્યસ્થ સત્તાની તાબેદાર સંસ્થા બનાવવી અનુચિત છે. બિનજરૂરી છે, અને અણમાન્ય થવા સંભવ છે. ઉભય એક જ તંત્રના ભિન્ન ભિન્ન અંગ છે; તે સહવાસી, સમકાલી, સહકારી, સહયોગી છે. માટે એમની પરસ્પર મુકાબલે શક્તિ, સત્તા, અને કર્તવ્ય મર્યાદા નિર્મિત કરવી અસાધ્ય નથી. અને એ નિર્માણ થયા પછી પરસ્પર સંબંધ અને વ્યવહાર સરળ થશે, પરસ્પર વૃદ્ધિકારક, લાભદાયી થશે.

(૪) મધ્યસ્થ સત્તા સ્થાપવાથી જ દેશ–દેશના ભિન્ન ભિન્ન અસ્તિત્વનો અંત નહિ આવે. દુનિયાના જુદા–જુદા મુલ્કો અને તેની જુદી–જુદી પ્રજા આજની માફક જ કાયમ રહેવાનાં. પ્રત્યેક પ્રજા સ્વતંત્ર અસ્મિતા ધરાવશે. વિધવિધ પ્રજાની વિધવિધ સંસ્કૃતિ; તેનાં વિધવિધ સ્થાનિક સાધનો, સંજોગો, અને સામગ્રી પણ ચાલુ રહેશે. અને તેથી જ દુનિયા તમામની સંસ્કૃતિ તેમ જ સંપત્તિમાં સંગીન વધારો દરસાલ થયા કરશે.

(૫) પ્રત્યેક પ્રજાની જુદી અસ્મિતા, પ્રજા પ્રજા વચ્ચે પરસ્પર આઝાદી છતાં સહકાર, એ મુખ્ય મુદ્દો છે. પ્રજા દરેકની આઝાદી માત્ર નામની, કે દેખાવ પૂરતી નહિ, પણ વાસ્તવિક, અનુભવસિદ્ધ થશે. અને તેટલા જ માટે મુલ્કો–મુલ્કની રચના, ભૌગોલિક તેમજ માનવ શક્તિની નઝરે–એ રૂએ ઘડવી જોઈશે, અને ઘડાશે, કે જેથી દરેક પ્રજા પોતાની સામાન્ય જરૂરિયાતો ઉત્કૃષ્ટ પ્રમાણમાં પોતે જ પેદા કરી શકે; અને એ રીતે બને તેટલી આર્થિક સ્વાવલંબિતા ભોગવશે.

(૬) પ્રત્યેક પ્રજાનું આર્થિક સ્વાવલંબન યથાશક્તિ ઉત્કૃષ્ટ પ્રમાણમાં સિદ્ધ કરવા માટે તે દરેકનું અમુક હદ પર્યંત રાજકીય સ્વાતંત્ર્ય પણ આવશ્યક છે. અંતગર્ત સર્વ વહીવટ અને વ્યવસ્થા, તેમજ સ્થાનિક સર્વ પ્રશ્નનો નિર્ણય કરવા પૂરતી સત્તા અને શક્તિ દરેક પ્રજાની રાજસત્તાને મળશે. અને તેમાં બાહ્ય કોઇ સત્તા કોઈ જાતની દખલગીરી કરશે નહિ. સ્થાનિક સ્વરાજ્ય જેમ બને તેમ વિકસાવી, વધારી, બને તેટલા મોટા પાયા પર, અને બ્હોળા વિસ્તારમાં, પથરાશે.

(૭) અનેક આવી આઝાદ પ્રજા પરસ્પર વિમુખ, અલગ, અભાવ કે અદેખાઈ વાળી નહિ, પણ સુગઠિત રહેશે, અને સહકાર કરશે. એ સંગઠન અને સહકારને વધારે દૃઢ બનાવવા માટે કોઈ પણ મુલ્ક કે પ્રજા બીજા એવા જ આઝાદ મુલ્ક કે પ્રજા જોડે, મધ્યસ્થ સત્તા દ્વારા, અને સર્વાનુમતે માન્ય કરેલા આદર્શાનુસાર, વધારે ગાઢ સંબંધ કરવા, એક થવા, પણ મુખ્યત્યાર રહેશે. ભવિષ્યની વિશ્વરચનામાં મારી નઝરે આવાં વિવિધ કારણે સાંધેલા વિધવિધ યોગ વધતા રહેશે; ઘટશે નહિ. એટલે કે કોઇ મુલ્કમાંથી અમુક પ્રાંત કે પ્રદેશ અલગ થવાની ઇચ્છા કરે, તેના કરતાં એક મુલ્ક બીજા જોડે સ્વેચ્છાએ ઐક્ય સાધે, એ ઘણું જ વધારે સંભવિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સંજોગમાં સ્થાનિક વહીવટ માટે સર્વ શક્તિશાળી સ્થાનિક સ્વરાજ અને દુનિયા ભરનું ઐક્ય સાધક સમવાયી (Federal) મધ્યસ્થ રાજતંત્ર, પરસ્પર વિરોધી વસ્તુ નથી. સ્થાનિક પ્રજાના હિત સાથે સીધી રીતે સંબંધ ધરાવનાર કોઇ પણ રાજક્રિયા મધ્યસ્થ સત્તાની સાર્વભૌમ શક્તિને, તેની આંતરરાષ્ટ્રીય મર્યાદામાં, વિરોધી કે વિઘ્રકર્તા બની શકે જ નહિ.

(૮) આટલી વ્યવસ્થા થયા પછી, પ્રજા પ્રજા વચ્ચે દેખાદેખીને લીધે, કે આર્થિક ન્યૂનાધિકતાને કારણે, ઉદ્‌ભવતી હરિફાઈ અને લોભવૃત્તિને સ્થાન નાહ રહે. આજ લગી અનુભવેલી, આ હરિફાઈના પરિણામરૂપ અનેકવિધ હાનિનો ઉલ્લેખ આગળ કર્યો છે, એટલે અહિં પુનરુક્તિની જરૂર નથી. એટલું જ ઉમેરીએ કે **દેશ—દેશ વચ્ચે પ્રજા—પ્રજા વચ્ચે, વેપાર વ્યવહાર હશે; પણ તે સામુદાયિક કર્તવ્ય ગણાશે.** અને મધ્યસ્થ સરકારે મુકરર કરેલી વિધિસર તેનો ક્રમ ગોઠવાશે, વહીવટ થશે, અને એ કારણે ઉદ્‌ભવતી લેણદેણનો દર સાલ નિકાલ થશે.

(૯) **પ્રત્યેક પ્રજાને પોતાની સ્થાનિક ખીલવણી સંપૂર્ણતઃ સાધવા માટે પૂરેપૂરો અવકાશ અને જોગવાઈ મળશે.** દરેક પ્રદેશ અને પ્રજાનો આ પ્રાથમિક હક્ક સર્વ માન્ય છે. કોઈ પણ પ્રજામાં સાધન કે સામગ્રીની ન્યૂનતા હોય, યથાયોગ્ય વિજ્ઞાન શીલ, નિષ્ણાત, અનુભવી કાર્યકરોની કશી પણ ખોટ હોય, તો તેમણે મધ્યસ્થ સત્તા મારફત, અથવા તો આપ મેળે, હિતેચ્છુ સહકારી બુદ્ધિવાળી પડોશી પ્રજામાંથી પૂરી પડાશે. આટલી વ્યવસ્થા કર્યા પછી, દરેક દેશમાં પોતાની પેદાશ વર્ધક સાધનો ખીલાવી, પ્રજાજનની અર્થિક સ્થિતિમાં ધારેલા પ્રમાણમાં વૃદ્ધિ કરવા માટે યથેચ્છ, યથાયોગ્ય, સુઘટિત યોજનાનુસાર કાર્યસિદ્ધિ કરવાની રહેશેઃ આવી યોજનાસર સતત પ્રયાસ થાય તો જ સર્વત્ર આર્થિક સમૃદ્ધિ વધે, સામાજિક ન્યાય સર્વ પ્રજાજનને સાંપડે; અને જગત ભરમાં સુખ અને શાંતિ નિરંતર, નિર્વિઘ્ન જારી રહે.

(૧૦) આવી રીતે, કાલાનુક્રમે. સર્વત્ર સુખ સંપત્તિમાં વધારો થાય, તેને પરિણામે, આંતરરાષ્ટ્રીય વેપાર પણ રહેશે. અને વધશે એ વેપારનું સ્વરૂપ, અને તેનો વહીવટ કરનાર, સંચાલક સત્તા કે સંસ્થાનું આલેખન ઉપર આપ્યું છે.

?(૧૧) આટલા ફેરફારો સમેત એક બીજો મોટો ફેરફાર સમસ્ત જનતાની અનુમતિથી કરવો પડશે; અને તે એકે **આજે ભિન્નભિન્ન દેશમાં વસતીનું પ્રમાણ બહુ જ ભિન્નભિન્ન પ્રકારનું છે.** આ સાથે આપેલ વિગત કોઠાથી સ્પષ્ટ જણાશે કે આ ફરક કેટલા મોટા પ્રમાણમાં છે. તેની હાનિકારક અસર ટાળવા માટે, પ્રજા પ્રજા વચ્ચે હરિફાઈ અને અદેખાઈ અટકાવવા માટે, **પૃથ્વી ભરની વસતીની પુનઃ વ્હેંચણી કરવાની જરૂર** છે. વસતીનું પ્રમાણ સર્વત્ર એક જ સરખું સ્થાપવું અશક્ય, તેટલું જ અયોગ્ય છે. કયા કયા દેશમાં—કેટ—કેટલા પ્રમાણમાં વસતી જમાવવી તે પણ બહુ જ બારિકીની ગણત્રી છે. એટલે તેનો પણ અહિં ચિતાર આપવો અશક્ય છે. માત્ર એટલું કહેવું જોઇએ કે, વિશ્વની પુનર્ઘટના કરતી વેળા મોટી સંખ્યામાં વસતી ફેર બદલી કરવી આવશ્યક લાગે, તો તેપૂરતી સત્તા, સંમતિ, અને સાધન મેળવી રાખવાં જોઇશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્યાપિની વસ્તુસ્થિતિ તો એવી છે કે દુનિયાની વસ્તી પૃથ્વીના વિધવિધ પ્રદેશમાં અતિ અસમાન પણે વ્હેંચાયલી દેખાય છે. નીચેના કોષ્ટક પરથી સહજ જણાશે કે જ્યારે હિન્દ, ચીન, ઇંગ્લંડ, બેલ્જીયમ આદિ દેશોમાં, દેશના વિસ્તાર પ્રમાણમાં, વસ્તીદબાણ અતિ જ વધારે છે, ત્યારે ઉત્તર કે દક્ષિણ અમેરિકા, આફ્રિકા, કે ઓસ્ટ્રેલિયાના પ્રદેશમાં અતિ વિસ્તીર્ણ મુલ્કમાં વસ્તીની તો સ્વલ્પ જ સંખ્યા છે. વળી ઘણે ઠેકાણે તો વસ્તી સ્વભાવે, શારીરિક ગુણે એવી ઓલાદની છે કે તે તે મુલ્કના સાધનો પૂરે પૂરાં ખીલવી શકે જ નહિ. અને માટે જ જરૂરનું છે કે આ જાતની માનુષી ન્યૂનાધિકતાનો પણ ઉકેલ થવો જોઇએ.

દેશના નામો	વિસ્તાર ૧૦૦૦ ચોરસ માઇલ	વસ્તી ૧૦૦૦	વસ્તી દબાણ એક ચોરસ માઇલમાં	આયાત	નિકાશ ૪૧૩૦
ઇંગ્લાંડ	૫૦·૮	૩૭,૭૯૪	૭૪૩	૧૦૯૯·૯	
બેલજીયમ	૧૧·૮	૮.૩૮૬	૭૧૨	૧૯,૦૬૯,૦	૨૧,૬૭૦
ફ્રાન્સ	૨૧૨·૭	૪૧,૮૩૫	૧૯૭·૦	૪૫,૯૮૧	૩૦,૫૮૫
જર્મની	૫૮૩·૪	૭૯,૫૭૭	૨૨૩·૦	૫૪૪૯	૫,૨૫૬
ઇટાલી	૧૧૧·૮	૪૨,૯૯૪	૩૫૯·૯	૧૧,૨૭૩	૧૦,૪૯૭
સ્પેન	૧૯૬·૬	૨૫,૨૪૧	૧૨૮·૩	૩૧૭,૭૦૦	૨૦,૭૭૩૩
રશિયા	૮,૧૭૩·૫	૧૭૦,૪૬૭	૨૧·૦	૧,૪૨૨,૦૦૦	૧,૩૩૧૦૦૦
બ્રહ્મદેશ	૨૬૧·૬	૧૪,૬૬૭		૧૮,૫૦૦	૩૪,૧૪૦
ચીન	૨,૦૦૩·૫	૪૫૨,૭૦૭		૨,૦૨૭,૧૪૩	૧,૯૭૦,૧૨૦
હિન્દુસ્તાન	૧;૮૦૮·૭	૩૫૧,૮૩૮		૧૧૬,૩૫૩	૧૩૮,૦૨૬
જાપાન	૨૬૦·૮	૯૭૬૯૭	૩૭૫·૦	૨૯,૮૧૭,૦૦૦	૩,૫૭૬,૦૦૦
ઇરાન	૬૨૮·૦	૧૫,૦૦૦	૧૯·૦	૧૭,૩૨૭	૩૧,૭૯૯
ઇજીપ્ત	૩૮૩·૦	૧૫,૯૨૦		૩૪,૦૯૦	૩૪,૦૮૦
દક્ષિણ આફ્રિકા	૪૭૨·૩	૧૦,૧૬૦		૯૧,૮૪૧	૩૪,૧૯૬
પૂર્વ આફ્રીકા					
બેલજીયન કોંગો	૯૦૨·૦	૧૦,૪૫૬		૫૧૦૨૨૮૩૬	૧૮૯૭૧૫૩
યુનાઇટેડ સ્ટેટસ	૨,૯૭૩·૭	૧૩૧,૬૬૯	૪૪·૨	૪૦૨૧૫૬૪	૩૩૪૯૧૬૭
બ્રાઝીલ	૩,૨૭૫·૫	૪૬,૧૧૫		૩૦,૪૨૯	૩૨,૦૦૪
આર્જેન્ટાઇના	૧,૦૮૦·૦	૧૩,૧૩૦	૧૨·૨	૧૪૯૮૭૫૭	૧૪૨૭૯૩૩
મેક્સિકો	૭૮૭·૭	૧૬,૫૫૨	૨૧·૬૭	૬૨૯૭૦૮	૯૧૪૩૮૯
કેનેડા	૩,૭૨૯·૭	૧૦,૩૭૭		૧૭૦,૨૫૮	૨૨૪,૬૨૧
ઓસ્ટ્રેલીયા	૨,૯૭૪·૬	૬,૯૩૦		૧૦૨,૧૫૬	૧૧૨,૨૦૧

નોંધઃ—(૧) વસ્તી પત્રકનું વર્ષ દરેક મુલ્કમાં એક જ નથી; એટલે તે દરેક દેશની છેલ્લામાં છેલ્લા વસ્તી પત્રકમાંથી તારવેલો આંકડો સમજવો.

(૨) વેપારના આંકડા દેશ—દેશના ભિન્ન ભિન્ન ચલણમાં છે પરસ્પર સરખામણી લગભગ અશક્ય છે. માત્ર પ્રત્યેક દેશના વ્યાપારના રૂપ અને પ્રમાણની કંઈક આછી રેખા સૂચક એ આંકડા સમજવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વત્ર સ્વાર્થબુદ્ધિએ સ્થાનિક સ્વરાજ ભોગવાતું હોવાથી ગયા વીશ-ચાલીશ વર્ષમાં તો આ પ્રશ્ને જેમ જેમ ઉગ્ર સ્વરૂપ લેવા માંડ્યું, તેમ તેમ તેનો ઉકેલ કરવાને બદલે તેમાં આડખીલી વધતી ગઈ. ઠેર ઠેર પરદેશી વસ્તીના પોતાના દેશમાં ભરતી થવા સામે અનેક જાતના પ્રતિબંધ મૂકાવા માંડયા. અમેરિકાએ પરમુલકની વસ્તીને પોતાના દેશમાં આવવા દેવા સામે સંખ્યા નિર્માણ કરી, અને તે ઉપરાંત પ્રતિબંધ મૂક્યા. કેટલાક દેશના વતનીને તો અમેરિકાદિ અનેક દેશોમાં સ્થાવર મિલ્કતની માલિકી ધરાવવાની મનાઈ છે. તેને ત્યાંના વતની સમાન શહેરીજન હક્કોમાં પણ ન્યૂનતા. વતની અને પરદેશી વચ્ચે, રંગબ્હાને, જાતનામે, ધર્મ કારણે, દેખીતા નહિ તો અણદીઠા, કાયદેસર નહિ તો લોકમતાનુસાર, પ્રતિબંધ લગાડ્યા.

એટલે એક દેશમાં જન્મ પામેલી વ્યક્તિ બીજા દેશમાં મનુષ્યના સામાન્ય હક્કો પણ ભોગવી શકે નહિ. તો પછી તે દેશમાં અપનાઈ તો કેમ જ જાય? નવી ઘટનામાં તેથી જ કરીને સર્વમાન્ય, સર્વશક્તિધારી મધ્યસ્થ સત્તાનું એટલું એક મુખ્ય કર્તવ્ય ગણાશે કે તેણે **વસ્તીના વહેંચણી આજે દેશદેશ વચ્ચે અસમાન છે તે કેટલેક અંશે સમાન બનાવવી.** એટલે કે માણસને દેશ પરદેશમાં આવજા કરવામાં અટકાયત ન થાય, એટલું જ નહિ, પણ તેને કોઈ પણ મુલકમાં યથેચ્છ વસવાટ માટે, અને યથાશક્તિ કામગીરી કરવા માટે કોઈ પણ જાતની હરકત કરવામાં નહિ આવે, એવી સર્વત્ર ખાતરી મળવી જોઈએ.

દેશ—દેશ વચ્ચે વસ્તીની અસમાનતા ટાળવા માટે, મનુષ્યવૃન્દનો નવા જમાનામાં ઘણા જ મોટા પ્રમાણમાં સ્થાન બદલી સમજુતીથી કરાવવી પડશે. એ કાર્ય કેવી રીતે પાર પડશે તેની અહીં આછી રૂપરેખા આલેખી શકાય તેમ નથી. પણ એ અશક્ય તો નથી જ એમ ભાર મૂકી કહેવું જોઈએ. આજનાં આપણા વ્યવહાર સાધનો જોતાં; અને લગભગ ખાલી પડેલા પ્રદેશનો, તેમાં સમાઈ રહેલી ગૂઢ પણ નિશ્ચિત સાધનસામગ્રી, ધન-સંપત્તિનો ખ્યાલ કરતાં માનવાને જરા પણ વાંધો નથી દેખાતો કે આપણે મન પર લઈએ તો આ કામ આસાનીથી પાર પાડી શકાય તેવું છે. અને એ નેમ બર લાવ્યા વિના આપણી આજની ખરી બિમારીનો મૌલિક ઈલાજ થવો સંભવતો નથી.

(૧૨) આટલા ફેરફારો પછી દુનિયા ભરમાં શાંત વિપ્લવ, સ્વતઃ સિદ્ધ થશે. મનુષ્યવૃન્દ દેશ—દેશમાં ભિન્ન ભિન્ન સ્થાને રહેવા છતાં, પરસ્પર સહકાર એવો ગાઢ હશે કે વસુધૈવ કુટુંબકમ્‌ની કવિકૃતિ અનુભવ સિદ્ધ થશે. આખી પૃથ્વી સૌ માનવીની સામાન્ય જન્મભૂમિ ગણાશે. દેશ કે જાત, વર્ણ કે ધર્મના ભેદભાવ વિના, સર્વ સરખી પ્રિય થશે.

(૧૩) આ મધ્યસ્થ સત્તાનું રૂપ, બંધારણ, સત્તા અને કર્તવ્યની રેખા ચીતરી. ચાલુ વ્યવહારમાં એ કેમ વર્તશે, એને સોંપાયલા કામનો કેમ અમલ કરશે, ક્યાં તેનું મુખ્ય મથક એ પ્રશ્નો અગત્યના છે; પણ અત્યારે તેનું નિરાકરણ કરવાની જરૂર નથી. પણ એક વસ્તુ પુનરુક્તિને ભોગે પણ ઉમેરવાની જરૂર છે. આવી એક મધ્યસ્થ અને સર્વોપરી સત્તા આખી પૃથ્વીને માટે સ્થપાય **ત્યારે પ્રત્યેક દેશની સરકારને સાર્વભૌમ સત્તા (sovereignty) રહેશે નહિ** અને સાથે આજે સ્વદેશ પ્રેમ, દેશભક્તિ, patriotism—ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામથી ગુણ રૂપ વસ્તુસ્તઃ સર્વસ્વીકૃત લેખાય છે, તેની પણ કોઇ રીતે આવશ્યકતા નહિ રહે. જેમ યુનાઇટેડ સ્ટેટ્સમાં મુલ્કતમામની ભક્તિમાં દરેક જન્મરાજ્યની ભક્તિ પણ સમાવિષ્ટ થઇ જાય છે, તેમ પછી દુનિયાભરની મધ્યસ્થ સત્તા પ્રતિ વફાદારીમાં, માનવજાત પ્રતિ પ્રેમ અને ભ્રાતૃભાવની ઊર્મિમાં, પ્રત્યેક મુલ્ક કે જાત પ્રતિ ભક્તિનો પણ સમાવેશ થઇ જશે. સ્થાનિક ભક્તિ કે વાત્સલ્ય ચાલુ રહે ત્યાં લગણ દુનિયાભરનો સહકાર, અને શાંતિ-મય વ્યવહાર, અસાધ્ય છે. અને માટે જ જે દરજ્જે આ પુરાણો, જર્જરિત, ગુણ (?) પર-સ્પર અદેખાઈ શીખવે છે, તેટલા પૂરતો તેને વર્જ્ય ગણી, તેનો ત્યાગ કરવો પડશે.

(૧૪) એવા જ હેતુસર ચાલુ ઝમાનામાં નાત્સી યા ફાચીસ્ટ પક્ષે ફેલાવેલ યુદ્ધ ગૌરવના ચિતાર પણ ખોળંબે મૂકવા પડશે. લડાઈને—પશુ બળ અજમાયશને—એ લોકોએ આજે નિરર્થક અતિ મહત્ત્વ આપ્યું છે, તે સદંતર નષ્ટ થવું જોઇએ. યુદ્ધ એટલે મનુષ્ય જાતની કુદરતી જરૂરિયાત એમ તેઓ માને છે. પણ તે આપણી આજ લગીમાં પણ સધાયલી પ્રગતિ અને જમાવેલા સંસ્કૃતિ સંચયથી વિરુદ્ધ છે. એ વાત મનુષ્ય સ્વભાવની બદનક્ષી કરવા સમાન છે. કારણ સુધરેલ, સુશિક્ષિત, વ્યવસ્થિત, સમાજ જીવન ગાળનાર, પ્રગતિપ્રેમી, કળા કૌશલ્ય કરરદાન મનુષ્ય અને જંગલી જાનવર કે રાની પ્રાણી વચ્ચે આ વિચારશ્રેણી લેશ માત્ર પણ તફાવત જોઈ શકતી નથી. વળી લડાઇને ઉદ્યોગપ્રવૃત્તિમાં, વૈજ્ઞાનિક શોધ ખોળમાં પ્રગતિકારક તત્ત્વ ગણે છે, તે પણ નિરર્થક છે. કારણ લડાઇને અંગે તો એક જ જાતની—નાશક વૃત્તિની—શોધખોળ મુખ્યત્વે થાય છે. જ્યારે શાંતિ સમયની શોધખોળ તો સર્વો-પયોગી હોય છે. માણસની સર્જક બુદ્ધિને સતેજ કરવા માટે મારફાડની મુદ્દલ જરૂર નથી. તેથી ઉલટું શાંતિ યુગમાં, આવી સર્જક બુદ્ધિનાં ફળ ભોગવવાનો સર્જનહારને પોતાને સંભવ હોવાથી, સર્જક કે શોધક ક્રિયા તો સામાન્યતઃ શાંતિ સમયમાં જ વધારે સંભવે. એટલે નાત્સીમત ભ્રમણા છે, તેને દૂર કરવા દુનિયા તમામમાં પ્રજા કેળવણીની મૂળ વિધિમાં મૌલિક પરિવર્તનની આવશ્યકતા છે.

(૧૫) દેશ—દેશ અને પ્રજા—પ્રજા વચ્ચે સમાનતા સ્થપાયા પછી, અને સર્વ સત્તાધીશ, મધ્યસ્થ કાર્યવાહી નીમાયા પછી, **કોઈપણ દેશ કે પ્રજા પોતાને બીજા દેશ કે પ્રજાને મુકાબલે ઉચ્ચતર ગણી શકશે નહિ.** આજે નાત્સી અને ફાચીસ્ટ નેતાઓ અને તત્પ્રે-રિત લેખકોએ વિચારશ્રેણી ફેલાવવા માંડી છે, કે જે અનુસાર જર્મન જેવી પ્રજા પોતાને નૈસર્ગિક પ્રભુત્વ ભોગવનાર—Herrenvolk—શાસન પ્રવર્તાવનાર જાતિ માને છે. એટલે પ્રજા સર્વની વર્ગણીમાં પોતાને અગ્રણી સ્થાન મળે એવી કોશેશ કરે છે. પણ કુદરતી નજરે, ઇતિહાસના અનુભવ મુજબ, કોઈ પણ એક પ્રજા બીજી પ્રજાથી સર્વથા ઉચ્ચ કે નીચ ગણી શકાતી જ નથી. જાતિ, વર્ણ, અને દેશભેદના ખ્યાલ મિથ્યા છે, સ્વાર્થી છે. માત્ર જાતિ ગૌરવને નામે અન્ય પ્રજા કે વર્ગ પર આક્રમણ કરવાના હથિયાર રૂપ છે. અહિં આલેખેલી પુનર્ઘટનામાં, તેથી, આ જાતના કોઈપણ ભેદ ભાવને વર્જ્ય ગણી, તેનો બહિષ્કાર કર્યો છે. દલીલ ખાતર એમ માની પણ લઇએ કે ભૂતકાળમાં આવી વર્ગણી ઉપયોગી હતી, તો પણ આજે તેને લેશ માત્ર પ્રયોજન નથી. કારણ નવયુગ માટે કલ્પેલી નવ ઘટનામાં સર્વ સમાનતાનું તત્ત્વ મોખરે મૂકયું છે, અને તેથી આવા ખ્યાલને સર્વથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમાનુષી, સહકાર વિરોધી, વિનાશક વૃત્તિના ગણી, તેનો સર્વથા બહિષ્કાર સૂચવ્યો છે.

(૧૬) આ જાતિ કે વર્ગભેદ, અને તેમાં પરોવાયેલ ઉચ્ચ—નીચતાનાં ભેદોને સંગીન ટેકો આપવામાં ધર્માંધતા મોટું સ્થાન ધરાવે છે. પ્રત્યેક પ્રજાજનને આચાર—વિચાર, વાંચન કે લેખન સ્વાતંત્ર્ય રૂપ પ્રાથમિક હક્કનો ઉપર ઉલ્લેખ કર્યો છે, તેમાં અથવા તે સાથે, પ્રત્યેક વ્યક્તિની ધાર્મિક માન્યતા અને પૂજન—અર્ચન વિધિ પરત્વે છૂટ પણ સમાયલી છે. છતાં એ છૂટનો અર્થ એવો નથી કે કોઈપણ વ્યવસ્થિત ધર્મસંસ્થા (Church) આધ્યાત્મિક સૌ સત્તા પોતાને હસ્તક જ કરી લે. નવી આલમની નવી રચનામાં પ્રજાજનના ધાર્મિક સ્વાતંત્ર્ય સાથે જ પરસ્પર સહિષ્ણુતા, ઉદાર બુદ્ધિ, ખીલવવી પડશે. ધાર્મિક વિષયની આઝાદી તે વ્યક્તિગત હક્ક છે. પણ સમાજ આખામાં પરસ્પર સમભાવ, સહિષ્ણુતા નિભાવવી એ સ્થાનિક રાજસત્તાની જવાબદારી છે. ધાર્મિક ભેદ પ્રતિ સહિષ્ણુતા અને એક ધર્મમાંથી બીજામાં વટલાવવાની પ્રથા, કે પ્રયાસ, પરસ્પર વિરોધી વસ્તુ છે. તેને એક જ સમાજરચનામાં સમતોલ તેમજ એક જ સમયે સ્થાન આપવું દુષ્કર છે, પણ અસાધ્ય નથી. વયે પહોંચેલ દરેક વ્યક્તિને ગમે તે મત કે આચાર ગ્રહણ કરવાની છૂટ હોવી જોઇએ. પણ તે ફક્ત તે વ્યક્તિનું અંગતકૃત્ય, અને ખાસગી પસંદગી હોવી જોઇએ; અને કોઈપણ પ્રકારે તે સામાજિક ક્રિયા ન થવા દેવી જોઇએ. માન્યતાની આઝાદી હાનિકારક નથી; પૂજનાર્ચન વિધિની છૂટ પણ વાંધા ભરેલી નથી. પણ તે અમલમાં મૂકતી વેળા સંભાળ રાખવાની જરૂર છે કે પોતાની ધર્મક્રિયા જાહેરમાં કરવા જતાં બીજાની લાગણી દુભાય નહિ.

(૧૭) પ્રત્યેક દેશના સ્થાનિક સ્વરાજ્ય, પ્રજાકીય આઝાદી, આર્થિક સ્વાવલંબન પર વધારે ભાર દેવાની જરૂર નથી.

પ્રત્યેક પ્રજા આ કિસમતી સ્થાનિક ખીલવણી. આત્મવિકાસ સાધે અને સંસ્કારી સિદ્ધિ મેળવે, તે માટે અગત્યનું છે કે દરેક પ્રજા બને ત્યાં સુધી આંતરિક ઐક્યવાળી હોય તો જ તેની કાર્યસાધના સુગમ થશે. તો જ તેને અંતર્ગત અટકાયત કે પોતામાં જ અવરોધક તત્ત્વ નહિ સંભવે. પ્રજામાં વ્યક્તિગત ભ્રાતૃત્ભાવ અને આદર્શ ઐક્ય હોય, તો જ આત્મવિકાસ અને સ્થાનિક ખીલવણીની કર્તવ્યસિદ્ધિ નિષ્પ્રતિબંધ, નિર્વિઘ્ન સંભવે.

પરંતુ દરેક પ્રજાની વસ્તી બહુવિધ હોવા સંભવે છે. અત્યારલગી પ્રચલિત આર્થિક વર્ગીકરણ, અને તેનો પરસ્પર વિરોધભાવ નષ્ટ થાય, તોપણ બીજાં અનેક તત્ત્વાધારે ઉદ્ભવતી ભિન્નતા એકસામટી નાબૂદ નહિ થાય. એ ભિન્નત્વ સામુદાયિક કાર્યસિદ્ધિમાં પ્રજાશક્તિને આડખીલીરૂપ ન થઈ પડે, તેટલા માટે આવશ્યક છે કે પ્રત્યેક પ્રજાજનના અમુક મૌલિક હક્કો સર્વોપરિ સ્થાનિક સત્તા જાહેર કરે, બહાલ રાખે. અને તેનું ઉલ્લંઘન કરવા સામે સખ્તમાં સખ્ત બાંહ્યધરી આપે. આવા મૌલિક હક્કોમાં વાણી વિચાર સ્વાતંત્ર્ય ધાર્મિક માન્યતા માટે પણ તેવી જ છૂટ, અમુક હદપર્યંત દરેક પ્રજાજનને મફત કેળવણી, અમુક પ્રમાણ પૂરતું જીવનસાધન, સામાજિક હાડમારી, વિઘ્ન, વિટંબના સામે સ્વસ્થતા માટે જરૂરજોગ વીમો—ઈત્યાદિ અવશ્ય હોવાં જોઈએ. અને તેનું સંગીનપણે પાલન થવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજામાં અંતગત ઐક્ય, વ્યક્તિગત ભાઈસામે, આપણો આ દેશનો આધુનિક અનુભવ લઈએ, તો મઝહબને બ્હાને જેટલા મતભેદ ઉદ્‌ભવતા દેખાય તેટલા ભાગ્યે કોઈ પણ બીજા કારણે સંભવે. ભૌગોલિક ઐક્ય અથવા એકમતી તો આસાનીથી સામાન્ય થઈ શકે. ઐતિહાસિક પ્રણાલિકાનું ઐક્ય—સંસ્કૃતિની સમાનતા—એક જ મુલ્કમાં વસતી પ્રજાને અલભ્ય નથી. પરંતુ એક જ દેશમાં સદીઓથી વસતી એકજ રહેણી-કરણી રાખતી એક જ આર્થિક પરિસ્થિતિ ભોગવતી પ્રજામાં ધર્મને નામે વેર-વિરોધ મોટા પ્રમાણમાં ઉપજી શકે છે, એ આપણો જાત અનુભવ છે. છતાં જનતાનું આધુનિક માનસ એવી જાતનું છે, તેની બુદ્ધિ ખીલવણી—એટલી હદની છે, કે તે આ બ્હાનાનું ખરૂં સ્વરૂપ સમજી શકતી નથી. અને તેને યોગ્ય કરતાં વધારે મહત્ત્વ આપે છે. ધર્મ જેવા સામાજિક સત્ત્વનો સદંતર બહિષ્કાર કરવાનું કોઈ નામ દે તો તેને જીવવું પણ મુશ્કેલ થઈ પડે. આજે જેને સામાન્યપણે ધર્મનું નામ અપાય છે. તે ભ્રાતૃભાવને બદલે વેરભાવ વધારવામાં જ મહા પ્રભાવશાલી છે, જોડવા કરતાં વિખૂટા કરવામાં તેની શક્તિ વધારે છે. અને માટે જ મારા અંગત અભિપ્રાય મુજબ તો જ્યાં સુધી આજે કહેવાતા ધર્મનામા સત્ત્વનું મૂળથી જ ઉચ્છેદન ન કરીએ ત્યાં સુધી, બીજા સૌ પ્રકારે ઐક્ય હોય તોપણ, તે વસ્તુતઃ નહિ સાંપડે. પણ તે ઉચ્છેદન કરવા પૂરતી સામાન્ય જનતાની બુદ્ધિ વિકસવાની અગત્ય છે. અને જ્યાં સુધી તે ન સાંપડે, ત્યાં સુધી આવી વાત કરવી તે પણ વ્યર્થ લાગે છે. ધાર્મિકસ્વાતંત્ર્ય સર્વને સરખી રીતે આપવાથી કદાચ આ મુશ્કેલીનો અંત આવે.

ધાર્મિકજ્ઞાન દરેક પ્રજાની સંસ્કૃતિના અંગભૂત, એટલે તેટલા પૂરતું ઉત્તેજન સમાન બુદ્ધિએ સમાજ તરફથી સૌ સંપ્રદાયને અપાય તેમાં હરકત નહિ. પણ ધર્મોદ્ધારને નામે અસહિષ્ણુતાને પોષણ મળે, સ્વધર્મગર્વ વધે, તે સમાજદ્રોહ ગણવા જોઇશે.

ધર્મ પેઠે સંસ્કૃતિનું ઐક્યઃ રુધિર ઐક્યમાં પણ જાતિઅભિમાન, વંશ ગૌરવને, અણ-ઘટતું મહત્ત્વનું સ્થાન મળવા સંભવે છે. જર્મનીના વર્તમાન રાજકર્તાઓએ બતાવી આપ્યું છે કે આ અભિમાન કેટલી હદ સુધી જઈ શકે, આક્રમણ અને અત્યાચાર ગુજારી શકે. જે પ્રજામાં સામાજિકવર્ગો બંધાયા હોય, અને તેમાં ફેરફાર કરવા સંભવ ન હોય, જ્યાં સામાજિક પ્રતિષ્ઠા અને ગૌરવ સાથે આર્થિક સંપત્તિનો પણ સંચય એવા વર્ગીકરણને અનુસરી કરવામાં આવતું હોય, ત્યાં પ્રજાની અંતર્ગત વ્યવસ્થામાં આવી અસહ્ય અસ-માનતા ભયંકર, અન્યાયી સ્વરૂપને ધારણ કરે, એ ઘણું જ સંભવિત છે. અને તેને સામે જેટલી સાવચેતી રખાય, પ્રતિબંધો મૂકાય, બાંહ્યધરી અપાય તેટલી ઓછી. ભવિષ્યની પુનર્ઘટિત દુનિયાને નભવા માટે લેશ માત્ર અવકાશ નહિ રહે, જો આ જાતનો અન્યાય, અમાનુષી સમાજ રચના એક પળભર પણ તે રહેવા દે તો.

(૧૮) પ્રજા પ્રજા વચ્ચે વેપાર કે વ્યવહારમાં કોઇપણ રીતે શોષણવિધિને સ્થાન અંશમાત્ર પણ ન રહેવું જોઇએ. દેશ-દેશ વચ્ચે કોઈપણ જાતની સ્વાર્થી શોષણક્રિયા પ્રથમથી જ અટ-કાવવા માટે સર્વશક્તિધારી, સંપૂર્ણ સામર્થ્યવાન મધ્યસ્થ સત્તા સ્થાપવાનું પ્રથમ પગલું તો આગળ બતાવી દીધું છે. પણ એ મધ્યસ્થસત્તાને વચ્ચે આવી શોષણ અટકાવવાને કોઈપણ ફર્જ પડે તે પહેલાં જ અટકાવી શકે એટલી શકિત તો દરેક પ્રજાને, સ્થાનિક સ્વા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંત્ર્યના અંગભૂત તરીકે, મળવી જોઈએ. અને તેનો ઉપયોગ કરવા પૂરતાં સાધન પણ તેને હસ્તક હોવાં જોઇએ.

પરંતુ શોષક ક્રિયાનો બહિષ્કાર કરવાની મતલબ એ નથી કે દરેક આઝાદ મુલ્કની આબાદી કેવળ તેના એકલા હિત માટે જ કરવા દેવી. **દરેકના હિતમાં સૌનો ભાગ છે.** એટલે કોઈ સ્થાનિક ખાસ જોગવાઈને લીધે અમુક વસ્તુ એકહાથ પણ હોય, તોપણ તેનો તે પ્રજાને જ એકલો ઇજારો છે; અને બીજી સૌ પ્રજાને તેથી હીન રાખવાનો તેને અધિકાર છે, એમ કોઇએ માની લેવું નહિ; અને કશે પણ ચાલવા દેવું નહિ. સ્થાનિક સ્વરાજ કે સ્વાતંત્ર્યનો એટલા ખાતર જ એવો અર્થ કરવા દેવાય નહિ કે જેથી તે પુનઃ વિગ્રહકારી નીવડે. સ્થાનિક સ્વરાજ્ય તે સાર્વભૌમ સર્વશકિતશાળી સત્તા નહિ; પણ માત્ર સ્થાનિક વહીવટ, પ્રજાકીય હિત સાધના પૂરતી સત્તા છે. **સાર્વભૌમ સાર્વશક્તિત્વ કોઇપણ એક પ્રજાને—રાજ્યને—ભવિષ્યમાં રહેવા દેવાં જ નહિ.** દરેક દેશની આઝાદી, અને સ્થાનિક સ્વરાજ્ય ભલે અવિચળ રહે, પણ તે એક શરતે કે તે પ્રજા પ્રજા વચ્ચે પ્રસરાવેલી શાંતિને કોઇ રીતે વિઘ્નકારી ન થાય; પ્રજા આદર્શસિદ્ધિમાં અંતરાય ન પાડે.

(૧૯) આગળ જણાવ્યું તેમ પ્રત્યેક આઝાદ મુલ્કને તેના સ્થાનિક સાધનસામગ્રી સંપૂર્ણતઃ ખીલવવાને સર્વથા અવકાશ મળવો જોઇએ. તેથી દરેક પ્રજાને અમુક વિસ્તારવાળો પ્રદેશ, અમુક દરજ્જાની સામગ્રીથી ભરપૂર—વસવાટ તેમ જ ખીલવણી માટે,—પોતાની શકિત અજમાયશ માટે મળવો જોઈએ. કોઇપણ પ્રજાની સંખ્યા અને તે રહેતી હોય તે દેશના વિસ્તાર અથવા સંચિત સામગ્રી વચ્ચે એટલો મોટો તફાવત હોય, કે જેથી તે દેશની જનતા પોતાનો જીવનનિર્વાહ પણ પોતા હસ્તક સાધનોમાંથી કરી શકતો ન હોય, તો તે પ્રજા તંગ રહે, અસંતુષ્ટ થાય, અદેખી બને, એમાં નવાઇ શી ? વળી પ્રત્યેક પ્રજાની ખાસ ખુમારીને માફક આવતી સાધનસામગ્રી આપોઆપ હોય, તો જ પૂરતા પ્રમાણમાં, ઉત્કૃષ્ટ દરજ્જાની ખીલવણી થઇ શકે.

(૨૦) આ રીતે પુનર્ઘટનાની આછી રેખાદોરી છે. હિન્દનું તેમાં સ્થાન, અને કર્તવ્ય, કોઈ કોઇ ઠેકાણે સૂચવ્યાં છે. મૂળ આદર્શને માન્ય રાખવામાં આવે, તો હિન્દ તેમજ બીજા સર્વ મુલ્કોને એ આદર્શાનુસાર ઘડાતી વિશ્વરચના યથાયોગ્ય, યથેષ્ટ સ્થાન અવશ્ય મળશે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar